દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 141 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 June 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૧૬ જૂન ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# પુણેમાં પુલ તૂટ્યોઃ 30 જણ તણાયા






પુણેઃ મહારાષ્ટ્રના પુણેમાં માવળ તાલુકાના તળેગાંવ દાભાડેના પ્રસિદ્ધ પર્યટન સ્થળ કુંડમળામાં ઈંદ્રાયણી નદી પરનો પુલ રવિવારે બપોરે તૂટી પડતા ઓછામાં ઓછા ૩૦ જણ તણાયા હતા, અન્ય ૩૫ જણ ઘાયલ થયા હતા અને અનેક લોકો લાપતા થયા હતા. નદીના પ્રવાહમાં તણાતા અસંખ્ય લોકોને બચાવાયા હતા. પુલ તૂટ્યો ત્યારે તેનાં પર અંદાજે ૧૫૦ લોકો હોવાનું કહેવાય છે. મોડી રાત સુધી શોધખોળ ચાલુ હતી, પરંતુ અંધારા અને વરસાદને લીધે કામગીરીમાં વિઘ્ન આવ્યું હતું. આ દુર્ઘટનાનો ચોક્કસ મરણાંક મોડી રાત સુધી જાણવા નહોતો મળ્યો.

માવળ તાલુકામાં છેલ્લા થોડાક દિવસથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે જેને કારણે નદીની સપાટીમાં અસાધારણ વધારો થયો હતો.

ચોમાસામાં શનિવાર અને રવિવાર એમ બે દિવસ આ જગ્યાએ પર્યટકોની ખૂબ ભીડ જોવા મળે છે. રવિવાર હોવાને કારણે લોકો કુંડમળાસ્થિત પર્યટન સ્થળે ફરવા ગયા હતા. જૂનો પુલ તૂટી પડ્યો તે સમયે અનેક પર્યટકો ત્યાં હાજર હતા. હાજર પર્યટકોમાંથી ઓછામાં ઓછા ૩૦ જણ નદીમાં તણાઈ ગયા હતા. તણાઈ ગયેલાઓમાં અમુક બાળકોનો પણ સમાવેશ થતો હતો. સ્થાનિક યુવાનોએ તણાઈ રહેલા લોકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

અગાઉ અનેકવાર આ પુલનું સમારકામ પણ કરવામાં આવ્યું હતું. પુલ જૂનો તેમ જ જર્જરિત થઈ ગયો હોવાની જાણ કરતું બેનર પણ ત્યાં લગાડવામાં આવ્યું હોવા છતાં વાહનોની અવરજવર ચાલુ જ હતી. આ વિસ્તારમાં વાહનોની અવરજવરનું નિયમન કરવાની પણ કોઈ જ વ્યવસ્થા નહોતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ, અગ્નિશમન દળ અને એનડીઆરએફની ટુકડી તાત્કાલિક ત્યાં પહોંચી ગઈ હતી.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું કે આ દુર્ઘટનામાં બે જણનાં મોત થયા હોવા ઉપરાંત ૩૨ જણ ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી છ જણની હાલત ગંભીર હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ઘાયલોને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં છ જણને બચાવી

(જુઓ પાનું ૨) ▸▸

## કેદારનાથ પાસે હેલિકૉપ્ટર ક્રેશઃ સાતનાં મોત

### મહારાષ્ટ્રના એક પરિવારના ત્રણ જણે જાન ગુમાવ્યો


યવતમાળ : રવિવારે ઉત્તરાખંડ તીર્થધામની નજીક એક હેલિકૉપ્ટર તૂટી પડતાં યવતમાળના એક દંપતી અને તેમની બે વર્ષની બાળકી સહિત સાત જણે જાન ગુમાવ્યા હતા, એવી માહિતી ભૂતપૂર્વ વિધાનસભ્યે આપી હતી. હેલિકૉપ્ટર સવારે સાડાપાંચ વાગ્યે કેદારનાથથી ગુપ્ત કાશી જવા રવાના થયું હતું. હેલિકૉપ્ટર ઉડ્યાના થોડા સમય બાદ તૂટી પડ્યું હતું. અધિકારીઓના

(જુઓ પાનું ૨) ▸▸

### ચારધામ યાત્રાની હેલિકૉપ્ટર સેવા કામચલાઉ બંધ

નવી દિલ્હી : ચારધામ યાત્રા માટેની આર્યન એવિયેશનની સેવાને તત્કાળ સ્થગિત કરવામાં આવી છે. હવાઈ ઉડ્ડયન ખાતાએ એક નિવેદનમાં કહ્યું હતું કે હેલિકૉપ્ટરના બે પાઈલટના પરવાનાને છ મહિના માટે સ્થગિત કરવામાં આવ્યા છે.

(જુઓ પાનું ૨) ▸▸



## ગુજરાતમાં આજે રાજ્યવ્યાપી શોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એર ઈન્ડિયાનું વિમાન ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ ક્રેશ થયું તે દુર્ઘટનામાં અનેક લોકોનાં મોત થયાં હતાં, જેમાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીનું નિધન થયું હતું. તેમના અવસાનથી રાજ્યભરમાં

(જુઓ પાનું ૨) ▸▸

### આજે રાજકોટમાં રૂપાણીની અંતિમવિધિ

અમદાવાદઃ ૧૨ જૂનના રોજ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની થોડીવાર બાદ જ એર ઇન્ડિયાનું વિમાન શહેરના

(જુઓ પાનું ૨) ▸▸

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં વધુ ૧૦૦નાં મોત

જેરુસલેમ : ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા ત્રણ દિવસથી ચાલતા ભીષણ યુદ્ધમાં રવિવારે વધુ ૧૦૦ જણ માર્યા ગયા હતા. ઈઝરાયલે ઈરાનના સંરક્ષણ મંત્રાલયના વડા મથક, ગૅસ અને તેલ ક્ષેત્ર પર હુમલો કર્યો હતો, જ્યારે તહેરાને ઈઝરાયલના અનેક લશ્કરી મથક પર વળતા હુમલા કર્યા હતા.

જેરુસલેમે ઈરાનમાં આવેલા વિશ્વના સૌથી મોટા ગૅસ ક્ષેત્ર પર હુમલો કર્યો હોવાનો દાવો કર્યો હતો, પણ ઈરાને તે નકાર્યો હતો.

ઈઝરાયલે રવિવારે સતત ત્રીજે દિવસે પણ ઈરાન પર હવાઈહુમલા ચાલુ રાખ્યા હતા અને વધુ હુમલા કરવાની ધમકી આપી હતી.

ઈરાનના અણુ કાર્યક્રમ અંગે યોજાનારી બેઠક રદ કરી દેવામાં આવી હતી. ઈઝરાયલે શુક્રવારે ઈરાનના અણુ અને લશ્કરી સંસ્થાનને નિશાન બનાવી કરેલા હુમલામાં ઈરાનના અનેક ટોચના જનરલ અને અણુ વિજ્ઞાનીઓનાં મોત

(જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી આઠનાં મોત

મુંબઈઃ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ભારે વરસાદ અને વીજળી પડવાને કારણે ઓછામાં ઓછા આઠ જણનાં મોત થયાં હોવાનું અધિકારીઓએ રવિવારે કહ્યું હતું.

મુંબઈ, સિંધુદુર્ગ, ધૂળે, નાશિક, સંભાજીનગર, નંદૂરબાર અને અમરાવતીમાં મોટાભાગનાં મૃત્યુ વીજળી પડવાને કારણે થયાં હતાં, એમ તેમણે કહ્યું હતું.

હવામાન ખાતાએ દરિયા કિનારા વિસ્તારના રત્નાગિરિ અને રાયગઢ જિલ્લા માટે રેડ એલર્ટ તો પાલઘર, થાણે, સિંધુદુર્ગ, પુણેના ઘાટ વિસ્તાર, સતારા અને કોલ્હાપુર માટે ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું.

બચાવ કામગીરી માટે નેશનલ ડિઝાસ્ટાર રિસ્પોન્સ ફૉર્સ (એનડીઆરએફ) અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફૉર્સ (એસડીઆરએફ)ની ટીમ ગોઠવી દેવામાં આવી છે.

સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના રિપોર્ટ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં રત્નાગિરિમાં સર્વાધિક ૮૮.૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો તો રાયગઢ (૬૫.૩ મિ.મી), સિંધુદુર્ગ (૪૩.૮ મિ.મી.), થાણે (૨૯.૬ મિ.મી.), યવતમાળ (૨૭.૫ મિ.મી.) વરસાદ સાથે ત્યાર પછીના ક્રમે રહ્યા હતા.

વહીવટકર્તાઓના જણાવ્યાનુસાર રાજ્યના વિવિધ વિસ્તારમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં આઠ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૧૦ જણ ઘાયલ થયા હતા.

કોંકણ વિસ્તારની મોટાભાગની

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં વીજળી પડતા પાંચનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શનિવારથી વરસાદી માહોલ સર્જાયો છે. શનિવારે દિવસભર ભારે ગરમી અને બફારા બાદ રાત્રે ધૂળની ડમરી સાથે વંટોળ ફૂંકાયો હતો. આ સાથે અનેક વિસ્તારોમાં હળવો વરસાદ પણ વરસ્યો હતો. શનિવાર સાંજે આઠ વાગ્યા સુધીમાં રાજ્યના ૫૮ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં શનિવારે (૧૪ જૂન) અમરેલી સહિત ૧૪ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો અલર્ટ જાહેર કરાયું હતું, ત્યારે અમરેલી જિલ્લાના બગસરા, ધારીના ગ્રામ્ય પંથક, ખાંભા ગીર, વડિયા સહિતના અનેક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવવાની સાથે વરસાદ ખાબક્યો

(જુઓ પાનું ૨) ▸▸

### સુરતમાં ધોધમાર વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા બે-ત્રણ દિવસથી વધુ પડતા બફારાને કારણે સુરતીઓ ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા હતા. લોકો વરસાદની રાહ જોઈ રહ્યા હતા ત્યારે સુરત શહેરમાં બપોર બાદ અચાનક જ ત્રણ વાગ્યા બાદ વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. આખેઆખું આકાશ કાળાવાદળાઓથી ઘેરાઈ ગયા બાદ મુશળધાર વરસાદ સુરતના તમામ વિસ્તારોમાં ખાબક્યો હતો. ખાસ કરીને સુરતના અડાજણ વેસુ અઠવાલાઇન્સ સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. સમગ્ર સુરત શહેરમાં એકસાથે

(જુઓ પાનું ૨) ▸▸




મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈઝરાયલ-ઈરાન યુદ્ધ લાંબું ચાલે તો હાલત બગડી જાય

**રશિયા** અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ પત્યું નથી ત્યાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે જંગનો નવો મોરચો ખૂલી ગયો છે. શુક્રવારે સવારે ઇઝરાયલે ઇરાનના પરમાણુ અને અન્ય લશ્કરી ઠેકાણાઓ પર હલ્લાબોલ કરીને આર્મી ચીફ સહિતના બે ટોચના ઈરાની લશ્કરી અધિકારીઓ અને બે પરમાણુ વૈજ્ઞાનિકોને પતાવી દીધા એ સાથે જ ભડકો થઈ ગયો છે.

ઇઝરાયલનો દાવો છે કે ઇરાન ગુપ્ત રીતે પરમાણુ હથિયાર બનાવી રહ્યું છે અને પાસે થોડા જ દિવસોમાં ૧૫ પરમાણુ બોમ્બ બનાવી શકાય તેટલી સામગ્રી છે. ઈરાન પરમાણુ હુમલો કરીને ઈઝરાયલને નેસ્તનાબૂદ કરી નાખવા માગે છે તેથી ઈરાનને હુમલો કરતું રોકવા માટે આક્રમણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

ઈરાને ઈઝરાયલની વાતને બકવાસ ગણાવી છે પણ પોતાના પર થયેલા હુમલા પછી શાંત નહીં રહેવાય એવો હુંકાર કરીને વળતો હુમલો કરીને ઈઝરાયલ પર મિસાઈલ છોડવા માંડ્યાં છે. ઈરાન અને ઈઝરાયલના સામસામા હુમલામાં બંને દેશોમાં તબાહી મચી છે અને બંને દેશોના નાગરિકો મરી રહ્યા છે. છેલ્લા ત્રણેક દિવસથી ચાલતા જંગમાં બંને દેશોના ૩૦૦ જેટલાં લોકો ઢબી ગયાં છે. બંને દેશો રોકાવાનું નામ નથી લેતાં એ જોતાં આ તબાહી ક્યાં જઈને અટકશે એ કહેવું મુશ્કેલ છે.

ઈઝરાયલ અને ઈરાનના યુદ્ધના કારણે આખી દુનિયા તણાવમાં છે ત્યારે અમેરિકા તમાશો જોઈ રહ્યું છે અને વચ્ચે ડબકાં મૂક્યાં કરે છે. અમેરિકાએ પોતાને ઈઝરાયલે ઈરાન પર કરેલા આક્રમણ સાથે નાહવા નિચોવવાનો સંબંધ નહીં હોવાનો દાવો કર્યો છે પણ સાથે સાથે ઈરાન અમેરિકા પર હુમલો કરે તો તેને પતાવી દેવાની ધમકી પણ આપી છે.

અમેરિકાના પોતાને યુદ્ધ સાથે કંઈ લેવાદેવા નહીં હોવાના દાવામાં દમ નથી એ કહેવાની જરૂર નથી. ઈઝરાયલ અમેરિકાનું નજીકનું સાથી છે અને અમેરિકાની મરજી વિના ઈરાન પર આટલો મોટો હુમલો કરે એ વાતમાં માલ નથી. વાસ્તવમાં ઈઝરાયલના હુમલા પાછળ અમેરિકાનો જ હાથ છે કેમ કે અમેરિકાને ઈરાનના પરમાણુ કાર્યક્રમને રફેદફે કરી નાખવામાં રસ છે.

ઈરાનના પરમાણુ કાર્યક્રમ મુદ્દે અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ગજગ્રાહ ચાલ છે. અમેરિકાએ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ બંધ કરાવવા બહુ ઉધામા કર્યા પણ ઈરાન ગાંઠતું નથી અને ખાનગીમાં પરમાણુ કાર્યક્રમ ચાલુ રાખ્યો છે. અમેરિકાએ પણ ઈરાનના ભીંસમાં મૂકવા જાત જાતના પ્રતિબંધો મુકાવ્યા છે.

બરાક ઓબામાએ ઈરાન સાથે સમજૂતી કરીને પ્રતિબંધો હટાવડાવ્યા હતા. બદલામાં ઈરાને પોતાનાં પરમાણુ સંશોધન સેન્ટરોના નીરિક્ષણની મંજૂરી આપી હતી. ૨૦૧૬માં ડોનલ્ડ ટ્રમ્પે પ્રમુખ બનતાં જ ઈરાન પર અવિશ્વાસ કરીને પરમાણુ કાર્યક્રમ ચાલુ રાખ્યો હોવાનું દોષારોપણ શરૂ કરી દીધું હતું. ટ્રમ્પે આ રીતે ધીરે ધીરે તખ્તો ઘડીને છેવટે ૨૦૧૮માં પાછા પ્રતિબંધો મૂકી દીધા હતા.

ટ્રમ્પે ઈરાન પર પ્રતિબંધો મૂકવા માટે અમેરિકાના ગુપ્તચર તંત્રના રીપોર્ટનો હવાલો આપેલો, આ રીપોર્ટ પ્રમાણે, ઈરાન પોતાનો પરમાણુ કાર્યક્રમ ધમધોકાર ચલાવે જ છે અને પરમાણુ શસ્ત્રો બનાવવાની નજીક પહોંચી ગયું છે. યુરેનિયન એનરિચમેન્ટ એટલે કે શુદ્ધિકરણ પરમાણુ શસ્ત્રો બનાવવા માટે અનિવાર્ય છે. પરમાણુ બોમ્બ બનાવવા યુરેનિયમનું ૯૦ ટકા એનરિચમેન્ટ કરવું પડે. ઈરાને જંગી પ્રમાણમાં યુરેનિયમ ભેગું કરીને ૬૦ ટકા એનરિચમેન્ટના સ્તર સુધી પહોંચી ગયું છે તેથી ગમે ત્યારે ન્યુક્લિયર બોમ્બ તૈયાર કરી નાખશે. ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો આવી જાય તો અમેરિકાને જરાય ના ગાંઠે તેથી દુશ્મનને ઉગતો જ ડામવા ટ્રમ્પ ઈઝરાયલનો ઉપયોગ કરી રહ્યા છે.

અમેરિકા સીધી રીતે ઈરાનનાં પરમાણુ મથકો પર હુમલો કરવા નથી માગતું કેમ કે ઈરાન વળતો હુમલો કરે તો અમેરિકામાં ખાનાખરાબી થાય એટલે ટ્રમ્પે ઈઝરાયલને સોપારી આપી છે. ઈઝરાયલે ઈરાન પર ધડબડાટી બોલાવીને ઈરાનનાં પરમાણુ મથક સાફ કરી કરવા માંડ્યું છે તેથી યુદ્ધ ભલે ઈઝરાયલ લડી રહ્યું હોય પણ ઉદ્દેશ અમેરિકાનો પાર પડી રહ્યો છે.

અમેરિકા પોતાનું વર્ચસ્વ જાળવવા દુનિયાને નવા યુદ્ધમાં ધકેલી રહ્યું છે ને તેની ખરાબ અસર ભારત સહિતના દેશો પર તો પડશે જ પણ યુદ્ધ લાંબું ચાલશે તો મિડલ ઈસ્ટ તો સાવ તબાહ થઈ જશે. મધ્ય પૂર્વ એશિયા એટલે કે મિડલ ઈસ્ટની કુલ વસતી ૫૦ કરોડની આસપાસ છે. આ વિસ્તારમાં એક તરફ યમન અને ગાઝા જેવા દુનિયાના સૌથી ગરીબ દેશો છે તો બીજી તરફ પેટ્રો ડોલરના કારણે ધિંગા બનેલા અતિ સમૃધ્ધ દેશો પણ છે.

મિડલ ઈસ્ટમાં સાઉદી અરેબિયા, કુવૈત, કતાર, યુએઈ, બહરીન, ઈઝરાયલ વગેરે દુનિયાના અતિ ધનિક દેશો છે. કતાર, યુએઈ, સાઉદી અરેબિયા, બહરીન, ઈઝરાયલમાં માથાદીઠ આવક ૫૦ હજાર ડોલરથી વધારે છે ને તેના પરથી જ તેની સમૃદ્ધિનો ખ્યાલ આવે. કતારમાં તો માથાદીઠ આવક ૧.૨૫ લાખ ડોલર (લગભગ ૧.૧૦ કરોડ રૂપિયા) છે. મતલબ કે, વ્યક્તિદીઠ માસિક સરેરાશ આવક ૯ લાખ રૂપિયા છે.

મિડલ ઈસ્ટ વિશ્વમાં ક્રૂડ ઓઈલના સપ્લાયમાં કેન્દ્રસ્થાને હોવાથી આ વિસ્તારમાં જરાય અસ્થિરતા સર્જાય કે તરત ક્રુડ ઓઈલના ભાવ ભડકે બળવા માંડે. અશાંતિ અને અરાજકતાના કારણે ક્રૂડ ઓઈલની સપ્લાય પણ અવરોધાય તેથી આખી દુનિયાના અર્થતંત્ર પર અસર પડે. મિડલ ઈસ્ટમાં અત્યારે અરાજકતાની સ્થિતિ છે જ કેમ કે મિડલ ઈસ્ટના કુલ ૧૬ દેશમાંથી ઈઝરાયલ, ઈરાન, ઈરાક, સીરિયા, યમન, લેબેનોન અને પેલેસ્ટાઈન એમ ૭ દેશ યુદ્ધગ્રસ્ત છે. સાઉદી અરેબિયા, કુવૈત, કતાર, ઓમાન, જોર્ડન, બહરીન, તુર્કી, ઈજીપ્ત અને સાયપ્રસ એ દેશો યુદ્ધથી અલિપ્ત છે પણ ઈરાન અને ઈઝરાયલલ યુદ્ધ લાંબું થાય તો ત્યાં પણ અસર થાય જ છે. ઈજીપ્ત, સાયપ્રસ અને તુર્કી કદાચ બચી જાય પણ બાકીના દેશોમાં યુદ્ધની અસર થશે ને તબાહી પણ થશે.

દુનિયાના બધા દેશોમાં ટ્રાન્સપોર્ટેશન હજુય પેટ્રોલ-ડીઝલ આધારિત હોવાથી ચીજોના ભાવ આસમાને પહોંચે ને સામાન્ય લોકોનો મરો થઈ જાય. ઈરાન અને ઈઝરાયલ બંને સમૃદ્ધ દેશો છે ને આ બે આખલાની લડાઈમાં ગરીબ દેશોનો ખો નિકળી જાય. આ સંજોગોમાં ઈઝરાયલ અને ઈરાનનું યુદ્ધ કોઈ પણ સંજોગોમાં રોકાય એ દુનિયાના હિતમાં છે. અમેરિકાને દુનિયાની કંઈ પડી નથી પણ પોતાના સ્વાર્થની પડી છે તેથી દુનિયા આખીને તબાહી તરફ ધકેલી રહ્યું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,
સોમવાર, તા. ૧૬-૬-૨૦૨૫, પંચક પ્રારંભ

- ભારતીય દ્નિાંક ૨૬, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૦મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર ધનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૧૩ સુધી, પછી શતભિષા
- ચંદ્ર મકરમાં બપોરે ક. ૧૩-૦૯ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૫, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ●
- ભરતીઃ બપોરે ક. ૧૫-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૪ (તા. ૧૭)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૬, રાત્રે ક. ૨૧-૪૭
- પ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ-પંચમી. નાગપંચમી (બંગાળ), પંચક પ્રારંભ બપોરે ક. ૧૩-૧૦. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વસુદેવતાનું પૂજન, ચંદ્ર-મંગળ દેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, વૈદ્યુતિ જન્મયોગ શાંતિ પૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ પતાકા ચઢાવવી, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશનું પસ્તાનું નવા, વસ્રો, આભૂષણ, નોકરી, વાહન સવારી, દુકાન-વેપાર, રત્નધારણ, વિદ્યારંભ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, બી વાવવું, ખેતીવાડી, હજામત, વૃક્ષરોપવા, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ ગૃહસ્થ જીવન અનુકૂળ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ નિર્ણયોમાં અચોક્કસ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ અવિચારી, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ (તા. ૧૭) બુધ પુનર્વસુ પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## દિલ્હીમાં ૧૦૦ ફૂટ ઊંચો મોબાઈલ ટાવર તૂટ્યો

નવી દિલ્હી : દક્ષિણ દિલ્હીના સફદરજંગ એન્ક્લેવમાં રવિવારે સવારે ભારે પવન અને વરસાદને કારણે ૧૦૦ ફૂટ ઊંચો મોબાઇલ ટાવર ધરાશાયી થયો હતો.

પોલીસે આ જાણકારી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

સફદરજંગ એન્ક્લેવના બી-૨ બ્લોકના રહેવાસીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના સવારે ૪ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. માલવિયા નગરના આમ આદમી પાર્ટી (આપ)ના ભૂતપૂર્વ ધારાસભ્ય સોમનાથ ભારતીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને સ્થાનિક લોકોને મળ્યા હતા.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કર્યું હતું કે, ''બી-૨ સફદરજંગ એન્ક્લેવમાં ભારે વિરોધ છતાં લગાવવામાં આવેલો મોબાઇલ ટાવર ગઈકાલે રાત્રે પડી ગયો હતો. કલ્પના કરો કે જો તે દિવસ દરમિયાન અથવા બી-૨ની ઇમારતો તરફ પડ્યો હોત તો શું થયું હોત? આવી બેદરકારી ગુનાહિત છે!'' ■

## પ્રયાગરાજમાં વીજળી પડવાથી ચારનાં મોત

પ્રયાગરાજ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સોનવર્ષા હલ્લાબોર ગામમાં વીજળી પડવાથી એક જ પરિવારના ચાર સભ્યોનાં મોત થયાં છે. અધિકારીઓએ રવિવારે આ જાણકારી આપી હતી. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (નાણાં અને મહેસૂલ) વિનીતા સિંહે જણાવ્યું હતું કે શનિવારે રાત્રે જ્યારે આ ઘટના બની ત્યારે પરિવાર તેમના ઘાસના ઘરમાં સૂતો હતો.

મૃતકોની ઓળખ વીરેન્દ્ર વનવાસી, તેમની પત્ની પાર્વતી અને પુત્રીઓ રાધા અને કરિશ્મા તરીકે થઈ છે.

મૃતકોની ઉંમર હજુ સુધી જાણી શકાઇ નથી. સિંહે જણાવ્યું હતું કે, મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### પુણેમાં

લેવામાં આવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે તણાઈ ગયેલા લોકોને શોધી કાઢવા અને ઉગારી લેવા યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે.

ઘટનાના અસરગ્રસ્તો અને તેમના પરિવારજનો પરત્વે તેમણે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. દરમિયાન સ્થાનિક વિધાનસભ્ય સુનીલ શેળકેએ છ જણનાં મોત થયાં હોવાની માહિતી આપી હતી. (એજન્સી) ■

### કેદારનાથ પાસે

જણાવ્યા પ્રમાણે પાંચ શ્રદ્ધાળુ, પાઈલટ અને બદરીનાથ -કેદારનાથ ટેમ્પલ કમિટીના એક કર્મચારી દુર્ઘટનામાં મરણ પામ્યા હતા, એવી માહિતી અધિરકારીઓએ આપી હતી.

મૃતકોમાં ટ્રાન્સપોર્ટના બિઝનેસમેન રાજકુમાર જૈસવાલ, તેમની પત્ની શ્રદ્ધા અને તેમની બે વર્ષની પુત્રી કાશીનો મસાવેશ થાય છે. વાણીના વિધાનસભ્ય વિશ્વાસ નંદેકરે પત્રકારોને કહ્યું હતું કે આ દંપતી અને બાળકી યવતમાળનાં હતા.

રાજકુમારના મિત્રોના જણાવ્યા પ્રમાણે રાજકુમાર તેમના કુટુંબીજનો સાથે ૧૨ જૂને યવતમાળના વાણીથી કેદારનાથ જવા રવાના થયા હતા.

હેલિકૉપ્ટર તૂટી પડ્યું એ સ્થળ ગૌરીકુંડથી પાંચ કિલોમીટર દૂર ગોરી માઈ ખાર્ક છે. સૂત્રોએ માહિતી આપી હતી કે આર્યન એવિયેશન લિમિટેડનું હેલિકૉપ્ટર કેદારઘાટીમાં ગૌરીકુંડ અને ત્રિજંગી નારાયણ વચ્ચે તૂટ્યું હતું.

રૂદ્રપ્રયાગના ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑફિસર નંદન સિંહે કહ્યું હતું કે ખરાબ હવામનને લીધે શૂન્ય દૃષ્ટિગોચરતા થઈ ગઈ હતી અને આને લીધે દુર્ઘટના થઈ હોઈ શકે.

એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો હેલિકૉપ્ટર દુર્ઘટનાની તપાસ કરશે, એવી માહિતી મુલકી ઊડ્ડયન ખાતાએ આપી હતી.

તાજેતરમાં એર ઈન્ડિયાનું અમદાવાદથી લંડન જતું વિમાન અમદાવાદમાં તૂટી પડતાં ૨૪૧ ઉતારુ મરણ પામ્યા હતા.

એક તરફ દેશ અમદાવાદ વિમાન દુર્ઘટનાને ભૂલાવી શક્યો નથી, ત્યાં બીજી તરફ ત્રણ દિવસ બાદ કેદારનાથ ધામ પાસેના ગૌરીકુંડના જંગલમાં હેલિકોપ્ટર દુર્ઘટના આજે સર્જાઈ હતી. હેલિકોપ્ટરમાં પાઇલટ સહિત કુલ સાત લોકો યાત્રા કરી રહ્યા હતા. આ દુર્ઘટનામાં સાતેય લોકોનું મૃત્યુ થયા છે. જોકે સાત મૃતદેહ પૈકી પાઇલટના મૃતદેહની ઓળખ થઈ ગઈ છે, જેમાં મૃતક પાઇલટ છ મહિના પૂર્વે પિતા બન્યો હતો. હેલિકોપ્ટર દુર્ઘટનાનો પાઇલટનું નામ રાજવીર સિંહ ચૌહાણ છે. તે રાજસ્થાનના જયપુરના નિવાસી હતા. થોડા મહિના પહેલા જ તે આર્યન કંપનીમાં એવિએશન પાઇલટ તરીકે જોડાયા હતા. આ અગાઉ તેઓ ભારતીય સેનામાં લેફ્ટનન્ટ કર્નલના હોદ્દા પરથી નિવૃત્ત થયા હતા. જોકે તેઓ છ મહિના પહેલા તેમના ઘરે જોડિયા બાળકોનું પારણું બંધાયું હતું. આજે ફાધર્સ ડેના એટલે આજે બંને જોડિયા બાળકોના માથેથી પિતાનો પડછાયો ચાલ્યો ગયો છે. તેમનો પરિવાર શોકમગ્ન થઈ ગયો છે. હેલિકોપ્ટર દુર્ઘટનાના સાત પ્રવાસીમાં બીકેટીસીના વિક્રમ રાવત પણ હતા.

વિક્રમ રાવતના નિધનને લઈને બદ્રિનાથ-કેદારનાથ મંદિર સમિતિના તમામ કાર્યાલયોના કર્મચારીઓએ શોક વ્યક્ત કર્યો હતો. આ સિવાય બાકીના પાંચ યાત્રી પૈકી બે ઉત્તર પ્રદેશ અને બાકીના ત્રણ મહારાષ્ટ્રના હતા. જેમાં એક બે વર્ષની બાળકીનો સમાવેશ પણ થાય છે. રવિવારે વહેલી સવારે હેલિકોપ્ટર કેદારનાથ ધામથી ફાટા જઈ રહ્યું હતું. ત્યારે સાડા પાંચ વાગ્યે ગૌરીકુંડના જંગલોમાં હેલિકોપ્ટર દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં હેલિકોપ્ટરમાં સવાર તમામ યાત્રીઓનાં મૃત્યુ થયાં હતાં.અત્યાર સુધીમાં ઓળખ કરાયેલા મૃતકની યાદી આ પ્રમાણે છે.

૧. વિનોદ દેવી (ઉ.૬૬), ઉત્તર પ્રદેશ, ૨. તુષ્ટિ સિંહ (ઉ.૧૯), ઉત્તર પ્રદેશ, ૩. રાજકુમાર સુરેશ જયસ્વાલ (ઉ.૪૧), મહારાષ્ટ્ર, ૪. શ્રદ્ધા રાજકુમાર જયસ્વાલ, મહારાષ્ટ્ર, ૫. કાશી (ઉ. ૨ વર્ષ), મહારાષ્ટ્ર. (એજન્સી) ■

### રાજ્ય વ્યાપી શોક

શોકનો માહોલ છવાયો છે. આ દરમિયાન ગુજરાત સરકારે તેમના માનમાં ૧૬ જૂન, ૨૦૨૫ (સોમવાર)ના રોજ એક દિવસનો રાજ્યવ્યાપી શોક જાહેર કર્યો હતો.

શોકના આ દિવસ દરમિયાન, રાજ્યભરની તમામ સરકારી ઇમારતો પર જ્યાં નિયમિતપણે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે, ત્યાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. આ ઉપરાંત, શોકના દિવસે કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમો યોજાશે નહીં. વિજય રૂપાણીના અંતિમસંસ્કાર ૧૬ જૂન, ૨૦૨૫ (સોમવાર)ના રોજ રાજકોટ ખાતે કરવામાં આવશે.

રાજકીય શોક નિમિત્તે સમગ્ર રાજ્યમાં જ્યાં નિયમિતપણે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે તેવી તમામ સરકારી ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ઝુકાવવામાં આવશે. તે ઉપરાંત, આ દિવસે કોઈ પણ પ્રકારના અધિકૃત મનોરંજન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે નહીં.

સ્વર્ગસ્થ પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે રાજકોટ લાવવામાં આવશે, જેનો વિગતવાર રૂટ પ્લાન જાહેર કરવામાં આવ્યો હતો. સવારે ૧૧:૦૦ વાગ્યે ગાંધીનગર નિવાસસ્થાનેથી અમદાવાદની સિવિલ હૉસ્પિટલ જવા રવાના થશે. સવારે ૧૧:૩૦ વાગ્યે અમદાવાદની સિવિલ હૉસ્પિટલ ખાતે પાર્થિવ દેહનો સ્વીકાર કરવામાં આવશે. સવારે ૧૧:૩૦થી ૧૨:૩૦ વાગ્યે સિવિલ હૉસ્પિટલ, અમદાવાદથી અમદાવાદ એરપોર્ટ જવા માટે રવાના થશે. બપોરે ૧૨:૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પરથી હવાઈ માર્ગે રાજકોટ જવા માટે ટેક-ઓફ કરશે. બપોરે ૧૨:૩૦ થી ૨:૦૦ વાગ્યા સુધીમાં અમદાવાદ એરપોર્ટથી રાજકોટ એરપોર્ટ સુધી હવાઈ માર્ગે મુસાફરી થશે.

બપોરે ૨:૦૦થી ૨:૩૦ વાગ્યેઃ રાજકોટ એરપોર્ટથી ગ્રીનલેન્ડ ચોકડી (રાજકોટ) સુધી પહોંચશે. રાજકોટમાં અંતિમદર્શન માટે નિવાસસ્થાને લઇ જવાશે અને આ દરમિયાન ગ્રીનલેન્ડ ચોકડીથી રણછોડદાસ બાપુ આશ્રમ, બાલક હનુમાન ચોક, કેડી ચોક, સંત કબીર રોડ, સરદાર સ્કૂલ પાસેથી પૂજિત રૂપાણી ટ્રસ્ટ, ભાવનગર રોડ ઝોન ઑફિસ થઈને પારેવડી ચોક, કેસરી હિંદ પુલ, સિવિલ હૉસ્પિટલ ચોક, ચૌધરી હાઈસ્કૂલ, બહુમાળી ભવન, જિલ્લા પંચાયત ચોક, કિશાનપરા ચોક, હનુમાન મઢી ચોક, રેન્જ રોડ, નિર્મળા કોન્વેન્ટ રોડથી પ્રકાશ સોસાયટી સ્થિત તેમના નિવાસસ્થાન (પૂજિત, ૨/૫ પ્રકાશ સોસાયટી, નિર્મળા કોન્વેન્ટ સ્કૂલ સામે, રાજકોટ) પહોંચશે.

રાજકોટ સ્થિત નિવાસસ્થાને પાર્થિવ દેહના અંતિમ દર્શન માટે રાખવામાં આવશે, સાંજે પાંચથી છ વાગ્યે નિવાસસ્થાનેથી રામનાથપરા સ્મશાન સુધી અંતિમયાત્રા શરૂ થશે. અંતિમયાત્રા નિર્મળા કોન્વેન્ટ રોડથી કોટેચા ચોક, મહિલા કૉલેજ ચોક, એસ્ટ્રોન ચોક, સરદારનગર મેઈન રોડ, યાજ્ઞિક રોડ, માલવિયા ચોક, ત્રિકોણ બાગ ચોક, કોર્પોરેશન ચોક, બાલાજી મંદિર ચોક, રાજશ્રી ટોકિઝ, સ્વામિનારાયણ મંદિર ભૂપેન્દ્ર રોડ થઈને રામનાથપરા સ્મશાનગૃહ પહોંચશે, જ્યા સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમનાં અંતિમસંસ્કાર કરવામાં આવશે. પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પ્રાર્થનાસભાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે અંતિમવિધિ ૧૭ જૂનના રોજ સાંજે ૩:૦૦ થી ૬.૦૦ દરમિયાન રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે પ્રાર્થના સભા યોજાશે. ૧૯ જૂને ગાંધીનગર ખાતેના હેલિપેડ ડોમ ખાતે પ્રાર્થનાસભા યોજાશે. આ ઉપરાંત, ૨૦ જૂને સાંજે ૪:૦૦થી ૬:૦૦ વાગ્યા દરમિયાન ગાંધીનગર ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે પણ પ્રાર્થનાસભા યોજાશે, જ્યાં કાર્યકરો અને અગ્રણીઓ શ્રદ્ધાંજલિ પાઠવશે. ■

### ચારધામની યાત્રા

એવિયેશનના પ્રહરી ડીજીસીએ સલામતીનાં પગલાં તરીકે તેના ઑફિસરને કેદારનાથમાં તહેનાત કરશે એવી જાહેરાત ઉડ્ડયન ખાતાએ કરી છે.

દરમિયાન હેલિકૉપ્ટર તૂટી પડતાં ઉત્તરાખંડ સરકારે ચારધામ યાત્રા માટેની હેલિકૉપ્ટર સેવા બે દિવસ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ પરિસ્થિતિની ચર્ચા કરવા એક તાકીદની બેઠક બોલાવી હતી. તેમણે જાહેરાત કરી હતી કે ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને હેલિ સેવાને બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવી છે. તેમણે અધિકારીઓને હેલિકૉપ્ટરના આપરેશન માટે કડક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરવાનું તથા અહી નિયંત્રણ અને કમાન્ડ સેન્ટરની સ્થાપના કરવાનું કહ્યું હતું. તેમણે અધિકારીઓને હેલિકૉપ્ટર તૂટવા માટે જવાબદાર લોકો સામે કડક પગલાં ભરવાનો આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે હેલિકૉપ્ટર સેવા અંગેના ડીજીસીએના હુકમોનો કડક અમલ થાય એમાં કોઈ બેજવાબદારી ન થવી જોઈએ. હિમાલય રીજનમાં ધામીએ કહ્યું હતું કે ખરાબ હવામાનને લીધે હેલિકૉપ્ટર તૂટી પડ્યું હતું. હેલિકૉપ્ટર સેવા રવિવાર અને સોમવારે સસ્પેન્ડ રહેશે. હેલિકૉપ્ટર ઊડાવનારા પાઈલટ અનુભવી હોવા જોઈએ. તેમણે કહ્યું હતું કે હવામાન ખરાબ છે અને શ્રદ્ધાળુની સુરક્ષા મહત્ત્વની છે. હેલિકૉપ્ટર સેવા ચાલુ કરતા પહેલાં ડીજીસીએ અને યુસીએડીએ તથા એવિયેશન કંપની સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવશે. રવિવારે ઉત્તરાખંડ તીર્થધામની નજીક એક હેલિકૉપ્ટર તૂટી પડતાં યવતમાળના એક દંપતી અને તેમની બે વર્ષની બાળકી સહિત સાત જણે જાન ગુમાવ્યાં હતાં. હેલિકૉપ્ટર સવારે સાડાપાંચ વાગ્યે કેદારનથથી ગુપ્ત કાશી જવા રવાના થયું હતું. હેલિકૉપ્ટર ઉડ્યાના થોડા સમય બાદ તૂટી પડ્યું હતું. (એજન્સી) ■

### ઈરાન-ઈઝરાયલ

થયાં હતાં. ઈરાનના જણાવ્યાનુસાર ઈઝરાયલે બે ઑઈલ રિફાઈનરી પર હુમલો કર્યો હતો જેને પગલે ઈરાનના પ્રતિબંધિત ઊર્જા ઉદ્યોગ પર વ્યાપક હુમલાની સંભાવના વધી ગઈ છે અને એ બાબત વૈશ્વિક બજાર પર અસર કરી શકે છે. ઈઝરાયલની સેનાએ ઈરાનવાસીઓને વહેલામાં વહેલી તકે શસ્ત્રોની ફેક્ટરી ખાલી કરી દેવાની ચેતવણી આપી છે જે વધુ વ્યાપક હુમલાના સંકેત આપે છે. (એજન્સી) ■

### વીજળી પડતા

હતો, જેમાં અમરેલી સહિત મોટાભાગના તાલુકાઓ અને ગ્રામ્ય પંથકમાં વરસાદ ખાબક્યો હતો. તેમજ રાજયના વીજળી પડવાના લીધે પાંચ લોકોનાં મોત નોંધાયા હતા.

શનિવારે વીજળી પડવાની પણ ઘટના બની હતી. જેમાં રાજકોટમાં વીજળી પડતા એક વ્યક્તિનું તેમજ ૧૪ ઘેટા-બકરાનાં મોત થયાં હતાં. દાહોદમાં પિતા-પુત્રનું અને બે બળદનું મોત થયું હતું. જ્યારે માંગરોળમાં મહિલાનું મોત થયું હતું. તેમ જ કાલોલ તાલુકાના મોકડ ગામે આકાશી વીજળી પડતાં સરપંચનું મોત નિપજ્યું હતું. જ્યારે દાહોદમાં વીજળી પડતાં પિતા-પુત્રનું મોત થયું હતું. રાજકોટના રૈયાધાર મફતીયાપરા વિસ્તારમાં વીજળી પડવાથી દલુભાઈ બારૈયા નામના વ્યક્તિનું મોત થયું હતું.

ગુજરાતમાં શનિવારથી વરસાદી માહોલ સર્જાયો છે, જેમાં શનિવારના સાંજે આઠ વાગ્યા સુધીમાં રાજ્યના ૫૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. તેમ જ રાજયમાં વીજળી પડવાના લીધે પાંચ લોકોના મોત નોંધાયા છે, જ્યારે હવામાન વિભાગે આજે રાજયના ૧૫ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. શનિવારે વીજળી પડવાની પણ ઘટના બની હતી. જેમાં રાજકોટમાં વીજળી પડતા એક વ્યક્તિનું તેમ જ ૧૪ ઘેટા-બકરાનાં મોત થયાં હતાં. દાહોદમાં પિતા-પુત્રનું અને બે બળદનું મોત થયું હતું. જ્યારે માંગરોળમાં મહિલાનું મોત થયું હતું. તેમ જ કાલોલ તાલુકાના મોકડ ગામે આકાશી વીજળી પડતાં સરપંચનું મોત નિપજ્યું હતું, જ્યારે દાહોદમાં વીજળી પડતા પિતા-પુત્રનું મોત થયું છે. રાજકોટના રૈયાધાર મફતિયાપરા વિસ્તારમાં વીજળી પડવાથી દલુભાઈ બારૈયા નામની વ્યક્તિનું મોત થયું હતું.રાજ્યના અનેક ભાગોમાં આજે પણ હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ જ્યારે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અમરેલી અને ભાવનગરમાં ભારે વરસાદની સંભાવના છે. આ સિવાય ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ઉત્તર ગુજરાત પ્રદેશના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આજે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે અતિભારે વરસાદને પગલે ઓરેન્જ ઍલર્ટ અને રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યું છે. ગતરોજ રાજકોટ, અમરેલી, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર, ગોંડલ, ચોટીલા સહિતમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને ગોંડલમાં એક કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો તો રાજકોટમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ■

### આજે રાજકોટમાં

મેઘાણીનગર વિસ્તારમાં આવેલા મેડિકલ કૉલેજ કેમ્પસમાં ક્રેશ થયું હતું અને તેમાં આગ લાગી હતી. આ ભયાનક દુર્ઘટનામાં માર્યા ગયેલા ૨૪૧ મુસાફરમાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનો પણ સમાવેશ થાય છે. વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી એક વ્યક્તિ ચમત્કારિક રીતે બચી ગયો હતો.

ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના મૃતદેહની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. ડીએનએ સેમ્પલ રવિવારે સવારે ૧૧.૧૦ વાગ્યે (તેમના પરિવારના સભ્યોના ડીએનએ સાથે) મેચ થયા હતા. રાજ્યના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ રૂપાણીના પરિવારના સભ્યોને મળ્યા અને તેમને ડીએનએ મેચિંગ અંગે માહિતી આપી હતી.

દિવંગત વિજય રૂપાણીનું ડીએનએ મેચ થયા બાદ આવતીકાલે સોમવારે રાજકોટમાં અંતિમવિધિ કરવાનો નિર્ણય કરાયો હતો. રવિવારે તેમના પાર્થિવદેહને રાજકોટ લઈ જવામાં આવશે. સોમવારે પ્રકાશ સોસાયટી સ્થિત નિવાસસ્થાને વિજય રૂપાણીના નિવાસસ્થાન પર પાર્થિવદેહને અંતિમ દર્શન માટે રાખવામાં આવશે. ત્યાર બાદ ધ્યાન શંકર પ્રગટેશ્વર મંદિર ખાતે રાજકીય સન્માન સાથે મુખ્ય પ્રધાન તેમ જ પ્રધાન મંડળના સભ્યો અને પાર્ટીના મુખ્ય આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. રામનાથ પરા સ્મશાન ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ■

### મુંબઈ સહિત

મહત્ત્વની નદીઓ, રત્નાગિરિ જિલ્લાની જગબુડી નદી જોખમી સપાટીએ વહી રહી હતી. જો આ નદીઓનું જળસ્તર હજુ વધશે તો તેનાં કિનારા વિસ્તારમાં આવેલાં ખેડ, અલસૂરે, ચિંચઘર અને પ્રભુવાડી ગામને અસર થશે, એમ અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી) ■

### સુરતમાં

વરસાદ ખાબકતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ગાજવીજ અને પવન સાથે વરસાદ શરૂ થયો. સુરતમાં નિર્ધારિત સમય કરતા એક સપ્તાહ મોડેથી વરસાદ શરૂ થયો છે. ચોમાસાની વિધિવત્ રીતે શરૂઆત સુરત શહેરમાં જોવા મળી હતી. ચોમાસાની શરૂઆતમાં જ ધમાકેદાર એન્ટ્રી સાથે વરસાદ શરૂ થયો હતો. આકાશમાં સતત કડાકા ભડાકા સાથે વીજળીના ચમકારા જોવા મળ્યા હતા. એક સપ્તાહ બાદ વરસાદ શરૂ થતા લોકો પણ ખુશખુશાલ જોવા મળ્યા હતા. ગરમીથી રાહત મેળવતા લોકો હાશકારો અનુભવ્યો હતો. ■

# વિદ્યાર્થીઓને સ્કૂલમાં જ એસટી બસ પાસ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના વિવિધ ભાગોમાં શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓને સીધા તેમની શાળાઓમાં એસટી પાસનું વિતરણ કરવામાં આવશે, એવો આદેશ પરિવહન પ્રધાન અને એસટી નિગમના અધ્યક્ષ પ્રતાપ સરનાઇકે સ્થાનિક એસટી વહીવટીતંત્રને આપ્યો છે.

નવા શૈક્ષણિક વર્ષની પ્રથમ સેમિસ્ટર માટે શાળાઓ ૧૬ જૂનથી શરૂ થઈ રહી છે. સરકારે એસટી દ્વારા વિદ્યાર્થીઓને ઘરેથી શાળાએ જવા માટે ૬૬.૬૬ ટકા ડિસ્કાઉન્ટ આપ્યું છે, જેનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓ ફક્ત ૩૩.૩૩ ટકા ચૂકવીને માસિક એસટી બસ પાસ મેળવી શકે છે. તેવી જ રીતે, સરકારની પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકર યોજના હેઠળ ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને મફત એસટી પાસનું વિતરણ કરવામાં આવે છે. આ માટે, વિદ્યાર્થીઓએ એસટી નિગમના પાસ સેન્ટર પર જઈને પાસ મેળવવા માટે લાઇનમાં ઊભા રહેવું પડતું હતું. અથવા તેઓ જૂથોમાં ડેપોમાં જતા હતા અને ડેપો મેનેજમેન્ટ પાસેથી પાસ મેળવતા હતા. હવે વિદ્યાર્થીઓને પાસ માટે કતારોમાં ઊભા રહેવું પડશે નહીં. તેમની શાળાઓ અને કોલેજો દ્વારા આપવામાં આવેલી યાદી મુજબ, એસટી કર્મચારીઓ તેમના એસટી પાસ સીધા શાળામાં વિદ્યાર્થીઓને આપશે. જેથી તેમનો શૈક્ષણિક સમય બગડે નહીં.

આ સંદર્ભે ૧૬ જૂનથી એસટી વહીવટીતંત્ર સીધા તમારી શાળામાં એસટી પાસનું એક ખાસ અભિયાન ચલાવી રહ્યું છે. અગાઉ એસટી ડેપો મેનેજરોએ તમામ શાળાઓ અને કોલેજોના મુખ્ય શિક્ષકો અને આચાર્યોને પત્ર લખીને નવા વર્ષમાં તેમની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની યાદી તૈયાર રાખવા જણાવ્યું છે.

આ નવી યોજનાથી રાજ્યમાં અભ્યાસ કરતા લાખો વિદ્યાર્થીઓને ફાયદો થશે. ■



**હું તમારો...**

માતા-પુત્ર અને પિતા-પુત્રીનો પ્રેમ બહુ ગાઢ હોય એવું કહેવાય છે, પણ પિતા પોતાના પુત્ર પ્રત્યે હંમેશાં એક અલગ જ લાગણી ધરાવે છે. રવિવારે ‘ફાધર્સ ડે’ નિમિત્તે એક પિતા પોતાના બાળકને રમાડી રહ્યા હતા ત્યારે બાળકના ચહેરા પર ડર નહીં, પણ પિતા પ્રત્યેનો વિશ્વાસ હતો. (અમય ખરાડે)

# દેવનાર ટેલિકોમ ફેક્ટરીની જમીન પર શહેરની ત્રીજી જેલ બનાવવાની તૈયારી

મુંબઈ: રાજ્યના ગૃહ વિભાગ, જે હજુ પણ શહેરમાં તેની ત્રીજી જેલ માટે યોગ્ય જમીન શોધી રહ્યો છે, તેણે શહેરી વિકાસ વિભાગને ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ) દેવનાર ટેલિકોમ ફેક્ટરીની જમીન જેલ માટે અનામત રાખવા જણાવ્યું છે.

થોડા વર્ષો પહેલા, મહેસૂલ વિભાગે તુર્ભેના મંડલે ગામમાં ૨.૦૫ હેક્ટર જમીન મંજૂર કરી હતી, જ્યાં એક ઊભી જેલ બનવાની છે. જેલ વિભાગ પાંચ હેક્ટર જમીન ઇચ્છતો હતો, પરંતુ આ જમીનનો મોટો હિસ્સો એમએમઆરડીએ એ મેટ્રો કાર શેડ માટે લઈ લીધો. જેલ વિભાગને લાગે છે કે બાકી રહેલી જમીન અપૂરતી છે અને તેથી તે જમીનની માંગ કરી રહ્યું છે જ્યાં દેવનાર ટેલિકોમ ફેક્ટરી હતી, જે એક સમયે ટેલિફોન, કેબલ અને અન્ય સાધનોનું ઉત્પાદન કરતી હતી.

જેલના પ્રભારી ગૃહ વિભાગના મુખ્ય સચિવ રાધિકા રસ્તોગીએ જણાવ્યું હતું કે, અમે શહેરી વિકાસ વિભાગને દેવનાર ટેલિકોમ ફેક્ટરીની જમીનના અનામતને જેલમાં બદલવા કહ્યું છે. અમને મંડલે ખાતે જમીન આપવામાં આવી છે, પરંતુ તે માર્શલેન્ડ છે અને તેમાં સીઆરઝેડ સમસ્યાઓ છે. ત્યાં જેલ બનાવવી મુશ્કેલ છે. અમને મોટી જેલની જરૂર છે, અને તેથી અમને દેવનારની જમીન જોઈએ છે.

ગૃહ વિભાગ પણ આ મામલો વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉઠાવી રહ્યું છે જેથી કેન્દ્ર સરકાર તેને બીએસએનએલના ૧,૮૪,૦૫૯ ચોરસ મીટરના પ્લોટની મંજૂરી આપે. ■

# મેટ્રો ડેપો માટે થાણેના મોઘરપાડામાં જમીનનું સંપાદન

## એક ડેપો, ચાર મેટ્રો લાઈન માટે ૧૭૪ હેકટરના પ્લોટમાં ઊભો કરાશે મેટ્રો ડેપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા થાણે જિલ્લાના મોઘરપાડામાં ૧૭૪.૦૧ હેક્ટર જમીનનું સંપાદન કરવામાં આવ્યું છે. આ પ્લોટ પર વૈશ્વિક સ્તરનો વિશાળ કારશેડ ઊભો કરવામાં આવશે અને અહીં એકી સાથે મેટ્રો-ફોર, મેટ્રો ફોર-એ, મેટ્રો-૧૦ અને મેટ્રો-૧૧ આ ચાર મેટ્રો લાઈનનું સંચાલન અને દેખરેખ કરવામાં આવશે.

આ ડેપોમાંથી સીએસએમટીથી મીરા રોડ દરમ્યાન કુલ ૫૫.૯૯ કિલોમીટરના મેટ્રો રૂટનું સંચાલન થશે, જેમાં મુખ્યત્વે મુંબઈના પૂર્વ ઉપનગર અને થાણે પરિસરના વિકાસમાં મહત્ત્વનો ભાગ બની રહેનારી મેટ્રો-ફોર અને ફોર-એ ટ્રેન ચાલુ થયા બાદ હાલના પ્રવાસના સમયમાં ૫૦ ટકા સુધીનો ઘટાડો થશે. દરરોજ લગભગ ૧૨ લાખ પ્રવાસીઓ મેટ્રોથી પ્રવાસ કરશે. અત્યાર સુધી દુર્લક્ષ રહેલા વિસ્તારોને મેટ્રોની કનેક્ટિવિટી મળશે. ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની સાથે જ પ્રદૂષણમાં ઘટાડો થશે.

આ ચારેય મેટ્રો લાઈન માટે થાણે જિલ્લામાં મોઘરપાડામાં આવેલી આ જમીન મહારાષ્ટ્ર સરકારે ૧૬ ઑક્ટોબર, ૨૦૨૬માં લીધેલા નિર્ણય મુજબ એમએમઆરડીએને હસ્તાંતરણ કરવામાં આવી છે. આ ચારેય મેટ્રો રૂટ માટે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ રિપોર્ટ(ડીપીઆર) દિલ્લી મેટ્રો રેલ કૉર્પોરેશને તૈયાર કર્યો હતો. મોઘરપાડા બનાવવામાં આવનારા કારડેપોમાંથી આ રૂટની મેટ્રોનું સંચાલન થશે. મોઘરપાડામાં કારડેપોમાં રાતના મેટ્રો સર્વિસ બંધ થાય બાદ ગાડીઓ ઊભી કરવામાં આવશે. તમામ મેટ્રો ટ્રેનના સમારકામ અને નિયમિત દેખરેખ અહીં થશે. અહીં મેટ્રો રેક માટે ૧૦ વર્કશોપ ટ્રેક હશે. દૈનિક અને નિયમિત તપાસ માટે ૧૦ ઓબ્ઝર્વેશન ટ્રેક હશે. રાતના ગાડીઓ ઊભી કરવા માટે ૬૪ સ્ટેબલિંગ ટ્રેક હશે. ગાડીઓની નિયમિત સફાઈ કરવા માટે ઓટો અને ઉચ્ચ ક્ષમતાની વૉશિંગ સિસ્ટમ હશે. રૅક પર રહેલી ધૂળ કાઢવા માટે અહીં બ્લો-ડાઉન પ્લાન્ટ હશે. ■

# નાણાકીય લાલચમાં ફસાતા નહીં, એક રહો: ઉદ્ધવની પક્ષના કાર્યકરોને હાકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉદ્ધવ ઠાકરેએ શિવસેના (યુબીટી)ના કાર્યકર્તાઓને પક્ષ બદલવા માટે નાણાકીય ઓફરોનો પ્રતિકાર કરવા અપીલ કરી હતી અને બીએમસી સહિત આગામી સ્થાનિક અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ પહેલાં મુંબઈના હિત માટે એકતા પર ભાર મૂક્યો હતો. તેમણે કોર્પોરેટ હિત માટે પાર્ટીનું શોષણ કરવા માગતા લોકો સામે સાવધ રહેવાની ચેતવણી આપી હતી અને તમામ ૨૨૭ વોર્ડમાં પાયાના જોડાણોને મજબૂત બનાવવા વિનંતી કરી હતી.

શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ રવિવારે તેમના પક્ષના કાર્યકર્તાઓને સંબોધતી વખતે નાણાકીય ઓફરોનો શિકાર ન બનવા કહ્યું અને તેમને મુંબઈના હિત માટે એક રહેવા અપીલ કરી હતી.

આ ટિપ્પણીઓ મહારાષ્ટ્રમાં વિવિધ સ્થાનિક અને નાગરી સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા આવી છે, જે આ વર્ષના અંતમાં યોજાવાની શક્યતા છે.

એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવો થયા બાદ જૂન ૨૦૨૨માં શિવસેનાનું વિભાજન થયું અને પરિણામે ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી (એમવીએ) સરકાર પડી ભાંગી પડી હતી.

પાર્ટીના એક સૂત્રે રવિવારે મુંબઈમાં સેના (યુબીટી) શાખા પ્રમુખોની બંધ બારણે મળેલી બેઠકને સંબોધિત કરી હતી, એમ પાર્ટીના સૂત્રે જણાવ્યું હતું.

સૂત્રે ઠાકરેને ટાંકીને કહ્યું હતું કે, શાખા પ્રમુખો અને અન્ય નીચલા સ્તરના કાર્યકરો પાર્ટીની મુખ્ય તાકાત છે, અને તેમની એકતા અને તાકાતને કારણે, સંગઠને ભૂતકાળમાં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓ જીતી હતી.

‘મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટે પાર્ટીમાં એકતા આવશ્યક છે. તમને પક્ષ બદલવા માટે નાણાકીય ઓફર મળી રહી હશે. પૈસા કેટલો સમય માટે ટકી રહેશે? જે લોકો ઉદ્ધવ ઠાકરે અને શિવસેનાને ખતમ કરવા માગે છે તેમના મનમાં ફક્ત વ્યવસાયિક દૃષ્ટિકોણ છે. તેઓ મુંબઈને વેચીને કોર્પોરેટ્સને સોંપી દેવા માગે છે,’ એમ સૂત્રે ઠાકરેને ટાંકીને કહ્યું હતું.

‘જે લોકો નાણાકીય લાલચોનો શિકાર બની રહ્યા છે તેઓ સમજી શકતા નથી કે તેમનો ઉપયોગ થઈ રહ્યો છે અને પછીથી તેમને ફેંકી દેવામાં આવશે,’ એમ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

આ સૂત્રે એમ પણ જણાવ્યું હતું કે તેમણે શાખા પ્રમુખોને બીએમસીના તમામ ૨૨૭ વોર્ડમાં લોકો સુધી પહોંચવા, પાયાના નેટવર્કને મજબૂત કરવા અને લોકો સાથે જોડાવા કહ્યું હતું.

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ રાજ્ય સરકારે મુંબઈ સહિત તમામ ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં વોર્ડ સીમાંકન માટે આદેશો જારી કર્યા હોવાથી આગામી ત્રણ મહિનામાં ચૂંટણી થવાની સંભાવના જોવામાં આવી રહી છે. ■

# મીરા રોડમાં ગળું ચીરી બાર સિંગરની કરપીણ હત્યા: લિવ-ઈન પાર્ટનર ફરાર

મુંબઈ: લગ્ન કરવાને મુદ્દે થયેલા વિવાદ બાદ મીરા રોડમાં ગળું ચીરી બાર સિંગરની કરપીણ હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ લિવ-ઈન પાર્ટનર ગુમ હોવાથી પોલીસે શંકાને આધારે તેની શોધ હાથ ધરી હતી.

મીરા રોડ પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ કરીના કુર્શિદ અલી (૨૧) તરીકે થઈ હતી. ઉત્તર પ્રદેશથી આવેલી કરીના મીરા રોડની મ્હાડા કોલોનીમાં બે પિતરાઈ ભાઈ સાથે રહેતી હતી. એ જ પરિસરમાં રહેતા આરોપી સમસુદ્દીન હાફીઝ (૨૪) સાથે કરીનાની મિત્રતા થઈ હતી.

છેલ્લા એક વર્ષથી હાફીઝ અને કરીના વચ્ચે પ્રેમપ્રકરણ ચાલી રહ્યું હતું, જેને પગલે પાંચેક મહિનાથી બન્ને સાથે રહેતા હતા. બન્નેએ લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. જોકે હાફીઝ તાત્કાલિક લગ્ન કરવા માગતો હતો, પણ કરીના આર્થિક રીતે ઠરીઠામ થયા પછી લગ્ન કરવાની વાત કરતી હતી. આ મુદ્દે તેમની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર હાફીઝને શંકા હતી કે કરીનાનું અન્ય યુવક સાથે અફેર છે, જેને પગલે તેણે શહેર છોડીને જવાની વાત કરી હતી. શુક્રવારે ફરી આ મુદ્દે તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સાંજે સાત વાગ્યાની આસપાસ હાફીઝ ઘરની બહાર ગયા પછી રાતે ૧૦ વાગ્યે પાછો ફર્યો હતો. તે સમયે બન્ને પિતરાઈ ભાઈ કરીનાને મળવા આવ્યા હતા. અધિકારીના જણાવ્યા મુજબ રાતે જમ્યા પછી બન્ને પિતરાઈ વૉક માટે ગયા ત્યારે કરીના અને હાફીઝ ઘરમાં એકલાં હતાં. મધરાતે ૧૨.૨૦ વાગ્યે પિતરાઈ પાછા આવ્યા ત્યારે ઘરનો દરવાજો લૉક હતો અને ચાવી કી-હૉલમાં લટકેલી હતી. દરવાજો ખોલવામાં આવતાં બેડ પરથી લોહીલુહાણ હાલતમાં કરીના મળી આવી હતી અને હાફીઝ ગુમ હતો.

પોલીસે બેભાન કરીનાને નજીકની હૉસ્પિટલમાં ખસેડી હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. હાફીઝનો મોબાઈલ ફોન સ્વિચ ઑફ્ફ આવતો હોવાથી તેણે જ હત્યા કરી હોવાની શંકા વ્યક્ત કરાઈ હતી. પોલીસ હાફીઝની શોધ ચલાવી રહી છે. ■

# ભારતમાં ગેરકાયદે રહેતા મ્યાનમારના આઠ નાગરિકને બે વર્ષની જેલ

થાણે: ભારતમાં ગેરકાયદે વસવાટ કરતા મ્યાનમારના આઠ નાગરિકને થાણે સેશન્સ કોર્ટે બે વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી. સજા પૂરી થયા પછી તેમને વતન પાછા મોકલાવી દેવાનો આદેશ પણ કોર્ટે આપ્યો હતો.

એડિશનલ સેશન્સ જજ જી. ટી. પવારે આદેશમાં નોંધ કરી હતી કે આરોપીઓ વિદેશી નાગરિક નથી એ સિદ્ધ કરવાની જવાબદારી તેમની પોતાની છે. યુએનએચસીઆર દ્વારા અપાયેલાં રેફ્યૂજી કાર્ડ્સને ભારતમાં કોઈ માન્યતા નથી, કેમ કે ૧૯૫૧ના યુએન રેફ્યૂજી કન્વેન્શનમાં ભારતમાં કોઈ સહી કરી નથી.

આ કેસમાં આઠ જણને ફોરેનર્સ ઍક્ટની જોગવાઈઓ હેઠળ કસૂરવાર ઠેરવાયા હતા અને તેમને પ્રત્યેકે ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. નવમા આરોપી રિયાઝ અહમદ અકબર અલી શેખને પુરાવાના અભાવે છોડી મુકાયો હતો. ભારતીય નાગરિક શેખ પર આઠેય આરોપીને સાથ આપવાનો આરોપ હતો.

ઉત્તન સાગરી પોલીસે મળેલી માહિતીને આધારે ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ ચોકગાંવ જેટ્ટી ખાતેથી આઠેય જણને પકડી પાડ્યા હતા. પોલીસને જોઈ તેમણે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પકડાયેલા આઠેય જણ પાસેથી મોબાઈલ ફોન્સ અને યુનાઈટેડ નૅશન્સ હાઈ કમિશનર ફૉર રેફ્યૂજી (યુએનએચસીઆર) કાર્ડ્સ મળી આવ્યાં હતાં, જેના પરથી પકડાયેલા મ્યાનમારના નાગરિક હોવાની ખાતરી થઈ હતી.

ટ્રાયલ દરમિયાન એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર એમ. એન. પાવસેએ દલીલ કરી હતી કે યુએનએચસીઆર કાર્ડ્સ વિદેશી નાગરિકને ભારતમાં નિવાસ કરવાના હક આપતાં નથી.

બચાવ પક્ષના વકીલ સંદીપ યેવલેએ દલીલ કરી હતી કે આરોપીઓ રોહિંગ્યા મુસ્લિમ રેફ્યૂજી છે, જેઓ મ્યાનમારમાંથી આવીને એક દાયકાથી જમ્મુ-કાશ્મીરના રેફ્યૂજી કેમ્પમાં રહેતા હતા. આરોપીઓ આજીવિકાની શોધમાં ઉત્તન આવ્યા હતા. (પીટીઆઈ) ■

# મહિલા સાથે છેતરપિંડી અને ધમકી આપવા પ્રકરણે દિલ્હીના યુટ્યૂબરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં રહેતી ૪૫ વર્ષની મહિલા સાથે કથિત છેતરપિંડી કરી ધમકી આપવા પ્રકરણે સાયબર પોલીસે દિલ્હીના યુટ્યૂબરની ધરપકડ કરી હતી. નૉર્થ રિજન સાયબર પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ પીયૂષ કત્યાલ તરીકે થઈ હતી. યુટ્યૂબર પર પ્રૅન્ક વીડિયોઝ માટે જાણીતા કાત્યાલના પાંચ લાખથી વધુ ફોલોઅર્સ છે. તબીબી કારણોસર કત્યાલે મહિલા પાસેથી નાણાં પડાવ્યાં હતાં. મહિલાએ નાણાં પાછાં માગતાં આરોપીએ તેને કથિત ધમકી પણ આપી હતી. ડેપ્યુટી પોલીસ કમિશનર (સાયબર) પુરુષોત્તમ કરાડે મહિલા સાથે છેતરપિંડીના કેસમાં શનિવારે કત્યાલની ધરપકડ કરાઈ હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર ચાર-પાંચ મહિના અગાઉ ફરિયાદી મહિલા કત્યાલના યુટ્યૂબ પેજ પર ગઈ હતી. વીડિયો જોયા પછી તે તેને ફોલો કરવા લાગી હતી. તેની કમેન્ટ્સ જોઈ કત્યાલે તેનો સંપર્ક સાધ્યો હતો. બાદમાં બન્ને વચ્ચે મિત્રતા થઈ ગઈ હતી.

કત્યાલે મહિલાનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. તાજેતરમાં સારવાર માટે તાત્કાલિક નાણાંની જરૂર હોવાનું કહીને કત્યાલે મહિલા પાસેથી આર્થિક મદદ માગી હતી. કત્યાલની વાતને ગંભીરતાથી લઈ મહિલાએ આર્થિક મદદ પણ કરી હતી. જોકે તે એક યા બીજા કારણોસર વારંવાર નાણાંની માગણી કરવા લાગ્યો હતો. શરૂઆતમાં મહિલાએ મદદ કરી હતી, પરંતુ બાદમાં ઇનકાર કરી દીધો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે નાણાં ન આપે તો મહિલાએ કત્યાલ સાથે કરેલી ચૅટિંગ સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી હતી. મહિલાને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરવાની ધમકી પણ તેણે આપી હતી. કત્યાલે અત્યાર સુધીમાં મહિલા પાસેથી ૧૯ લાખ રૂપિયા પડાવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આરોપીની ધમકી અને વારંવારની રૂપિયાની માગણીથી કંટાળી આખરે મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. નૉર્થ રિજન સાયબર પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને કત્યાલની ધરપકડ કરી હતી. ■

# ગડકરી, ફડણવીસની નાગપુરમાં ભાજપ-આરએસએસ સંકલન બેઠકમાં હાજરી

નાગપુર: કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે નાગપુરમાં વિદર્ભના ભાજપ અને આરએસએસના પદાધિકારીઓ અને વરિષ્ઠ નેતાઓની સંકલન બેઠકમાં હાજરી આપી હતી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિદર્ભ પ્રાંત સંઘચાલક, વિદર્ભ પ્રાંત સહચાલક, નાગપુર મહાનગર સંઘચાલક અને સંઘ અને સંલગ્ન સંગઠનોના અન્ય ઘણા પદાધિકારીઓએ રેશીમબાગમાં હેડગેવાર સ્મૃતિ મંદિર પરિસરમાં વાર્ષિક વિદર્ભ પ્રાંત બેઠકમાં હાજરી આપી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુળેએ પણ હાજરી આપી હતી.

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર, આ આરએસએસ અને સંલગ્ન સંગઠનોની નિયમિત વાર્ષિક વિદર્ભ પ્રાંત બેઠક હતી. ■

# થાણેમાં યુવાન પર ગોળીબાર: ચારની ધરપકડ

થાણે: મિત્રો સાથે દારૂ પીવા બેસેલા યુવાન પર ગોળીબાર કરવામાં આવ્યો હોવાની થાણેમાં બનેલી ઘટનામાં પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી હતી.

વર્તક નગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર મલ્હારી કોકરેએ જણાવ્યું હતું કે ઘટના ૧૧ જૂનની મધરાતે બની હતી. વીર સાવરકર નગર ખાતેના મેદાનમાં ૨૩ વર્ષનો યુવાન મિત્રો સાથે દારૂ પીવા બેઠો હતો.

આરોપીઓ મેદાન પર આવ્યા ત્યારે યુવાન સાથે બોલાચાલી થઈ હતી. એક આરોપીએ ગુસ્સામાં યુવાનની દિશામાં ગોળીબાર કર્યો હતો. જોકે સમયસર યુવાન નીચે બેસી જતાં તે બચી ગયો હતો.

આરોપીએ પિસ્તોલમાંથી એક જ રાઉન્ડ ફાયર કર્યું હતું. ગોળીબાર બાદ આરોપી ઘટનાસ્થળેથી નાસી ગયા હતા. આ પ્રકરણે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯, ૩૫૨, ૩૫૧(૨) અને ૬૧(૨) તેમ જ આર્મ્સ ઍક્ટ અને મહારાષ્ટ્ર પોલીસ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. તપાસ બાદ પોલીસે ચારેય આરોપીને પકડી પાડ્યા હતા. (પીટીઆઈ) ■

# કોવિડ નિયંત્રણમાં છે: અજિત પવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શનિવારે કહ્યું હતું કે પુણે જિલ્લામાં કોવિડ-૧૯ પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને ગભરાવાની કોઈ જરૂર નથી. પુણેના પાલક પ્રધાન પવારે અધિકારીઓ સાથે કોરોના સંબંધી બેઠક યોજી હતી. આરોગ્ય વિભાગ દ્વારા શેર કરાયેલા ડેટા મુજબ મહારાષ્ટ્રમાં શુક્રવારે ૧૦૨ નવા કોવિડ-૧૯ના કેસ નોંધાયા હતા અને તેમાંથી ૩૧ પુણેના હતા. પત્રકારો સાથે વાત કરતા પવારે કહ્યું હતું કે, ‘રાજ્યમાં પુણે અને પિંપરી સહિત કેટલાક દર્દીઓમાં ચેપી રોગનો ચેપ લાગ્યો છે. પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને આરોગ્ય પ્રધાન પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. પુણે અને પિંપરી-ચિંચવડમાં કેવા પ્રકારનાં પગલાં લેવા જોઈએ તે અંગે અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. લોકોએ ગભરાવું જોઈએ નહીં. જોકે, વરિષ્ઠ નાગરિકોએ પોતાનું ધ્યાન રાખવાની જરૂર છે. ભીડભાડવાળી જગ્યાઓ ટાળવી મહત્વપૂર્ણ છે,’ એમ તેમણે કહ્યું હતું. ■

# મુંબઈ મેટ્રોપોલિટન રિજન બનશે વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર

## પાંચ વિદેશી યુનિવર્સિટીઓને એલઓઈ આપવામાં આવ્યા છે: મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજનને વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર તરીકે ઉભારવા માટે નવી મુંબઈમાં ૨૫૦ એકરના પ્લોટ પર પાંચ વિદેશી યુનિવર્સિટીઓ કેમ્પસ સ્થાપશે, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું.

દિવસ દરમિયાન, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) તરફથી લેટર્સ ઓફ ઇન્ટેન્ટ (એલઓઆઈ) ઇટાલીની ઇસ્ટિટ્યુટો યુરોપિયો ડી ડિઝાઇન (આઈઈડી), યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા, યુનિવર્સિટી ઓફ યોર્ક, યુનિવર્સિટી ઓફ એબરડીન અને યુએસએના ઇલિનોઇસ ટેકને કેમ્પસ સ્થાપવા માટે સોંપવામાં આવ્યા હતા.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સાથે પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે વિદેશી યુનિવર્સિટીઓ સાથે સહયોગ કરવાની વાત ૨૦૦૪થી ચાલી રહી હતી પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)૨૦૨૦ ને કારણે આ શક્ય બન્યું છે.

‘નવી મુંબઈને એજ્યુસિટીમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. વિશ્વ કક્ષાનું શિક્ષણ પૂરું પાડવા માટે દસ યુનિવર્સિટીઓ ૨૫૦ એકર વિસ્તારમાં કેમ્પસ સ્થાપશે. વૈશ્વિક શિક્ષણ મેળવવા માગતા વિદ્યાર્થીઓ માટે સુલભતા અને પોષણક્ષમતા મુખ્ય સમસ્યાઓ છે. વિદેશી યુનિવર્સિટીઓના કેમ્પસ આપણા બાળકોને ૨૫ ટકા ખર્ચે વૈશ્વિક શિક્ષણ મેળવવામાં મદદ કરશે,’ એમ તેમણે કહ્યું હતું.

‘ભારત જેવી વિકસતી અર્થવ્યવસ્થાને વૈશ્વિક સ્તરના કાર્યબળની જરૂર છે. અહીં વિદેશી કેમ્પસ સ્થાપવાનો નિર્ણય આ ધ્યેય પ્રાપ્ત કરવામાં મદદ કરશે અને વિદેશી હૂંડિયામણ પણ બચાવશે. મુંબઈ અને તેનો મહાનગર પ્રદેશ વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવશે,’ એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે દેશમાં નવ વિદેશી યુનિવર્સિટીઓ કેમ્પસ સ્થાપી રહી છે, જ્યારે છ વધુ પાઇપલાઇનમાં છે.

‘અમે ગુણવત્તાયુક્ત વિદેશી શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ,’ એમ કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું.

ફડણવીસે એમ પણ જણાવ્યું હતું કે ગઢચિરોલીમાં ગોંડવાના યુનિવર્સિટીએ યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા સાથે જોડાણ કર્યું છે, જે ખાણકામમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે અમારું ખાણકામનું કેન્દ્ર ગઢચિરોલી છે.

એનઈપી ૨૦૨૦ની પ્રશંસા કરતા ફડણવીસે કહ્યું હતું કે તે દેશની યુનિવર્સિટીઓને વૈશ્વિક સંસ્થાઓ સાથે જોડાણ કરવામાં અને વિદેશમાં પણ કેમ્પસ ખોલવામાં મદદ કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે આઈઆઈટી મદ્રાસ, આઈઆઈટી દિલ્હી, સિમ્બાયોસિસ વગેરેએ આફ્રિકા, અબુ ધાબી, દુબઈમાં કેમ્પસ સ્થાપ્યા છે. ■

હાલારી વિસા ઓસવાળ (મહાજન) જ્ઞાતિ



**સુશીલાબેન સુભાષભાઈ ગડા**

ટીંબડી નિવાસી હાલ કાંદિવલી મુંબઈ (ઉંમર વર્ષ ૮૦)
તે સુભાષભાઈ રામજીભાઈ ગડા ના ધર્મપત્ની
મંગળવાર તા. ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ અરીહંતશરણ પામેલ છે.

તે સ્વ. મણીબેન રામજી વીરપાર ગડાના પુત્રવધુ
સ્વ. હિરુબેન જાધવજી ખીમજી પારેખ (સુમરીયા શાહ) ના પુત્રી
રાજન, જયદીપ તથા મંજીતા સુતરીયા ના માતુશ્રી,
તેજલ રાજન, ચૈતાલી જયદીપ તથા અપૂર્વ ધરમલાલ સુતરીયા ના સાસુ,
સંજીત સરીન આરવ શ્રીનલ ઋતુરાજ તથા દેવાંશી ના દાદી / નાની.

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

સુભાષભાઈ: 9324379979 રાજનભાઈ: 9819086420
જયદીપભાઈ: 9867729540 મંજીતાબેન: 9920092254



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) સીમા દાસ | ૪૫ | ૮૦,૦૦૦ |
| ૨) તુકારામ દત્તરામ સાયેકાર | ૬૬ | ૨,૦૦,૦૦૦ |
| ૩) દિલ્લીપ સરકાર | ૫૧ | ૮૦,૦૦૦ |
| ૪) હસીના શેખ | ૪૫ | ૨૦,૦૦૦ |
| ૫) એમ ડી ફિરોજ અલામ | ૩૫ | ૨,૦૦,૦૦૦ |
| ૬) અનિન્દિતા દાસ | ૫૩ | ૧,૨૦,૦૦૦ |
| ૭) દાખુ ઉરાવ | ૭૨ | ૨૫,૦૦૦ |
| ૮) લક્ષ્મી ઠાકુર | ૨૧ | ૨૫,૦૦૦ |
| ૯) સંદીપ કુમાર સાહ | ૪૯ | ૧૮,૦૦૦ |
| ૧૦) ઈમામી | ૬૬ | ૩૦,૦૦૦ |
| ૧૧) રાજેન્દ્ર ડીવાદી | ૪૦ | ૩,૫૦,૦૦૦ |
| ૧૨) સુનંદા સરકાર કર | ૪૪ | ૨,૦૦,૦૦૦ |
| ૧૩) નરહર ગોપાલ વાડે | ૬૯ | ૩૫,૦૦૦ |
| ૧૪) કાંતા બાઈ પાંડુરંગ | ૪૫ | ૧,૫૫,૨૯૦ |
| ૧૫) શિરીકાંટા બળરી | ૩૮ | ૧,૧૦,૦૦૦ |
| ૧૬) કનિકા રોય બર્મન | ૩૩ | ૮૦,૦૦૦ |
| ૧૭) ઝમા સાહ | ૪૦ | ૩૫,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૮) મુસ્તફા અફઝલ ખાન | ૨ | ૪,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૯) હસીના બાનુ મોહડ શરીફ | ૫૦ | ૮૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૨૦) નિર્મળ બાબુ હોલ્કર | ૪૮ | ૪૯,૨૯૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.


## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૬૦૯૬)

### ૧૨. યાત્રા સહેલગાહ

**સ્પેશલ ડિસ્કાઉન્ટ**
કૈલાશ માનસરોવર યાત્રા મુંબઈથી ફલાઈટનું પેકેજ 17 જુલાઈ, નેપાળ મુક્તિનાથ યાત્રા- યશસ્વિની ટ્રાવેલ 9969531161/ 9930620105. (૧૫/એ)

■ વ્યક્તિગત પ્રવાસ Bfast Dinner સાઈટસીઈંગ ખાનગી કાર પ્રતિ યુગલથી શરૂ થાય છે કેરળ 40000, હિમાચલ 45000, આંદામાન 48000, ઉત્તરાંચલ 52000, સિક્કિમ 58000, થાઈલેન્ડ 44000, શ્રીલંકા 54000, સિંગાપોર 99000 એરફેર વિઝા વધારાના Best Deals લોનાવાલા, સિલ્વાસા, દમણ, ગોવા અને અન્ય સ્થળો માટે પણ અરહામ હોલિડે 9769977466/ 9892534488/9326373672. (બી-૧૬૦૩૫)

### ૧૪. નોકરી ખાલી છે

**ફિમેલ**
એડવર્ટાઈઝિંગ કંપનીમાં જાહેરાતની જાણકાર ફિમેલ 25 થી 35 વર્ષની ગુજરાતી લખતા/ વાંચતા આવડવું+ કોમ્પ્યુટર જાણકારી જરૂરી માલાડથી બોરીવલી વચ્ચે રહેનાર. બાયોડેટાસહ વહાર્ટસપ- 9820454421. (૬-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન-મિલકત

**બોઈસર ઈસ્ટ**
**દહિસર- ચેકનાકાથી ૭૫ કી.મી. સુર્યા નદી, બરોડા એક્સ. વે, બૂલેટ ટ્રેનથી ૧૦ કી.મી., ૨૫ ફાર્મ હાઉસની વચ્ચે, ૨ એકર, ફાર્મ હાઉસ વેચાણથી આપવું છે. (૭૦ રાજાપુરી આંબાના વૃક્ષ, ૩ બેડરૂમ હોલ કિચન, ૨૦૦૦ સ્કે. ફીટનો બંગલો, સંપૂર્ણ એમેનિટિસ સાથે, અલગ સર્વન્ટ રૂમ, ૨ બોરવેલ ૨૪ કલાક પાણી, નો પાવરકટ). ફોનઃ ૯૮૨૦૫૪૪૪૦૬ (બ્રોકર આવકાર્ય).* (બી-૧૬૦૭૭)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
૫૦ વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૯૨૦૯૫૫૨૯૧, ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

■ ચારેબાજુ ધમધોકાર બિઝનેશ, સલામત આવક છતાં ક્યાં સુધી દુઃખ વેઠશો, 9377992110, 9867510027. (બી-૧૬૦૮૭)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**
ફોન ઉપર- લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૮૦)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૧૦૨)



**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# હુક્કા પાર્લર પર પોલીસની રેઈડઃ ૨૪ની ધરપકડ

મુંબઈઃ ઘાટકોપર નજીકના હુક્કા પાર્લર પર રેઇડ કરી પોલીસે ૨૪ જણની ધરપકડ કરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે મળેલી માહિતીને આધારે ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ પર છેડા નગર જંક્શન ખાતે આવેલા હુક્કા પાર્લર પર રવિવારની વહેલી સવારે કાર્યવાહી કરવામાં આવી હતી. પાર્લરના મૅનેજર, માલિક અને ગ્રાહકો મળી ૨૪ જણની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે પાર્લરમાંથી પ્રતિબંધિત તમાકુનાં ઉત્પાદનો અને રોકડ રકમ જપ્ત કરી હતી.

આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## બોરીવલી-થાણે ટ્વીન

કરવાની છે. એમએમઆરડીએ દ્વારા આપવામાં આવેલા પર્યાયમાં તેઓ મોનેટરી કૉમ્પેન્સેશન પોલિસી અંતર્ગત તેમના અસરગ્રસ્ત વિસ્તારની સાઈઝના હિસાબે આર્થિક વળતર લઈ શકે છે.

બીજા પર્યાય રૂપે તેઓ સ્થાયી નિવાસ લઈ શકે છે, જેમાં એમએમઆરડીએ મારફત તેમને બોરીવલી ઈંટિગ્રેટેડ કોલોનીમાં ઘર મળી શકે છે અથવા મીરા ભાયંદરમાં રેન્ટલ હાઉસિંગ યોજના હેઠળ તેઓ ઘર લઈ શકે છે. ત્રીજો પર્યાય અંતર્ગત એસઆરએ યોજના હેઠળ અસરગ્રસ્તોને રીડેવલપમેન્ટ થયા બાદ તે જ સ્થળે કાયમી નિવાસ આપવામાં આવશે અને જ્યાં સુધી ઘર નહીં મળે ત્યાં સુધી તેમને ભાડું અથવા રહેવા માટે પર્યાયી ઘર આપવામાં આવશે.

એમએમઆરડીએ તમામ અસરગ્રસ્ત રહેવાસીઓને ઉપરોક્ત વિકલ્પમાંથી એક પસંદ કરવા અને તાત્કાલિક ધોરણે ઓથોરિટીને લેખિતમાં અરજી કરવા માટે કહ્યું હતું. અરજીઓ પ્રાપ્ત થયા પછી યોગ્ય કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવશે. વધુ માહિતી માટે અસરગ્રસ્તોને ડેપ્યુટી કલેકટર રોહિણી અખાડેને ૦૨૨-૨૬૫૯૭૪૯૪ પર સંપર્ક કરવા વિનંતી કરી છે.

## ઓરેન્જ ગેટથી

દિશામાં જનારા વાહનોને ઓરેન્જ ગેટથી જ ટ્રાફિકનો સામનો કરવો પડે છે. તેથી ટ્વીન ટનલ પ્રોજેક્ટ તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે પાલિકાના એલિવેટેડ રોડને સમાંતર ટ્વીન ટનલ પ્રોજેક્ટ હોવાથી આ બંનેમાંથી કોઈ એક પ્રોજેક્ટને રદ કરવાનો વિચાર કરવામાં આવ્યો હતો. એલિવેટેડ રોડ અત્યંત ગીચ રોડમાંથી પસાર થવાનો હોવાથી તેમાં અનેક અડચણો પણ આવવાની શક્યતાને પગલે પાલિકાએ આખરે પોતાનો પ્રોજેક્ટ રદ કરવાનો નિર્ણય લીધો હોવાનું માનવામાં આવે છે.

## તો નવી મુંબઈ એરપોર્ટ

પછી તેમના કેટલાક કામકાજ ત્યાં ખસેડશે. નવી મુંબઈ એરપોર્ટનો વિકાસ એનએમઆઈએએલ દ્વારા કરવામાં આવી રહ્યો છે, જે અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (એએએચએલ) અને શહેર તથા ઔદ્યોગિક વિકાસ નિગમ (સિડકો) વચ્ચે ૭૪ઃ૨૬ સંયુક્ત સાહસ છે.

નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ રનવેથી માંડ ત્રણ કિમીના અંતરે આવેલા ઉલ્વે ખાતે કતલ અને માંસના ખુલ્લા વેચાણ અંગે એક બિન સરકારી સંસ્થાએ ફરીથી મુદ્દો ઉઠાવ્યો છે.

સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમણે ડીજીસીએને સ્થાનિક અધિકારીઓ સાથે આ મુદ્દાને ગંભીરતાથી લેવા વિનંતી કરી છે કારણ કે કતલ પતંગ જેવા મોટા પક્ષીઓને આકર્ષે છે, જે વિમાન સંચાલન માટે જોખમ ઊભું કરી શકે છે.

ગુરુવારે બપોરે અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં ૧૨ ક્રૂ સભ્યો સહિત ૨૪૨ મુસાફરોને લઈને જતું એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન ગુરુવારે બપોરે અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા પછી તરત જ ક્રેશ થઈ ગયું હતું, જેમાં ૨૭૦ લોકોના મોત થયા હતા, જેમાં ૨૪૧ મુસાફરો સવાર હતા.

જ્યારે અકસ્માતની તપાસ હજુ પણ ચાલી રહી છે, ત્યારે અકસ્માતના સંભવિત કારણોમાં પક્ષી અથડાયાનું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. પ્રાણીઓની ગેરકાયદેસર કતલ અને મટન અને ચિકનના ખુલ્લા વેચાણ સામે કોઈ કાર્યવાહી થઈ નથી, એવો સંસ્થાએ આરોપ લગાવ્યો.

## મુમ્બ્રા પીડિતોના

કરુણાના ધોરણે રેલવેમાં કાયમી નોકરી આપવી જોઈએ, એવી માગણી સાંસદ અરવિંદ સાવંતે કરી છે.

મધ્ય રેલવેના મુમ્બ્રા રેલવે સ્ટેશન પર લોકલ ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ પામેલા પ્રવાસીઓના પરિવારને રેલવેમાં નોકરી આપવાની માગણી શિવસેના (યુબીટી)એ કરી છે. શુક્રવારે અરવિંદ સાવંતના નેતૃત્વ હેઠળ એક પ્રતિનિધિમંડળ મધ્ય રેલવેના જનરલ મેનેજર ધર્મવીર મીણાને મળ્યું હતું અને મધ્ય રેલવેમાં મુસાફરોની સમસ્યાઓ અંગે એક મેમોરેન્ડમ દ્વારા વિવિધ માગણીઓ રજૂ કરી હતી.

અકસ્માત પછી રેલવે બોર્ડે સામાન્ય લોકલ ટ્રેનો માટે ઓટોમેટિક દરવાજા લગાવવાનો નિર્ણય જાહેર કર્યો હતો. જોકે, સાવંતે જનરલ મેનેજરના ધ્યાન પર લાવી આપ્યું હતું કે આ વિકલ્પ શક્ય નથી. ઓટોમેટિક ડોર સિસ્ટમથી અસુવિધા થશે અને ઘણા મુસાફરો ઇચ્છિત લોકલ ટ્રેન પકડી શકશે નહીં. તેઓ સમયસર ઓફિસ પહોંચી શકશે નહીં. આને ધ્યાનમાં રાખીને પ્રતિનિધિમંડળે એવી માગણી કરી હતી કે મધ્ય રેલવે પર અન્ય પ્રવાસી સુવિધાઓ સમયસર ઉપલબ્ધ કરાવવામાં આવે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રેલવે મંત્રાલયે બુલેટ ટ્રેન અને રેલવે સ્ટેશનોના સુશોભન પર પૈસા ખર્ચવાને બદલે લોકલ ટ્રેનોની સેવા કેવી રીતે સુધારી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અરવિંદ સાવંત સાથે રેલ કામગાર સેનાના મહામંત્રી દિવાકર દેવ, શાખાના વડા જયવંત નાઈક અને અન્ય લોકોએ આ પ્રતિનિધિમંડળમાં ભાગ લીધો હતો. વરિષ્ઠ રેલવે અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

### વહીવટીતંત્ર સમક્ષ કરવામાં આવેલી માંગણીઓઃ

- દિવા-સીએસએમટી લોકલ ટ્રેનો તાત્કાલિક શરૂ કરો
- કલ્યાણ અને દિવા-સીએસએમટી લોકલ ટ્રેનોની સંખ્યામાં વધારો
- કલ્યાણ-થાણે શટલ સેવા તાત્કાલિક શરૂ કરો
- થાણે-પનવેલ અથવા નવી મુંબઈ વિસ્તાર અને કલ્યાણ-થાણે શટલ સેવાને જોડતી શટલ સેવા શરૂ કરો
- આ રૂટ પર સમાંતર એલિવેટેડ અથવા ભૂગર્ભ લોકલ ટ્રેન સેવાઓ શરૂ કરવાના પ્રોજેક્ટ પર વિચાર કરો

## આજથી સ્કૂલો શરૂ

છે. શહેરી વિકાસ વિભાગે તમામ નગરપાલિકાઓને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને નગરપાલિકાઓની હદમાં વોર્ડ બનાવવા અને મંજૂરી માટે ચૂંટણી પંચને સુપરત કરવાનો આદેશ આપ્યો છે, અને ચૂંટણીના કામમાં ગતિ આવી ગઈ છે. મતદાર યાદીઓ તૈયાર કરવાનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. આ સમગ્ર કાર્ય માટે મોટી સંખ્યામાં કર્મચારીઓની જરૂર પડશે.

લોકસભા અને વિધાનસભાની ચૂંટણી માટે શિક્ષકોને મોકલવામાં આવ્યા હતા. શિક્ષક પરિષદે હવે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે શિક્ષકોને મોકલવામાં આવશે તે વાત સામે વાંધો ઉઠાવ્યો છે. આ સંદર્ભમાં, સંગઠને શાળા શિક્ષણ વિભાગ, મુખ્ય ચૂંટણી અધિકારી, જિલ્લા કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારી વગેરેને પત્ર મોકલીને માંગ કરી છે કે ૧૬ જૂનથી શિક્ષકોને ચૂંટણી ફરજમાંથી મુક્તિ આપવામાં આવે.

નવું શૈક્ષણિક વર્ષ ૧૬ જૂનથી શરૂ થઈ રહ્યું છે. શૈક્ષણિક વર્ષના પ્રથમ દિવસે શાળાઓમાં પ્રવેશ સમારોહ, શાળા આયોજન, વિદ્યાર્થીઓની હાજરી વધારવા માટે ખાસ પ્રયાસો, શાળા પુરવઠાનું વિતરણ વગેરે જેવા મહત્વપૂર્ણ કાર્યોનું આયોજન કરવામાં આવે છે. જોકે, હાલમાં, ચૂંટણી વિભાગે મુંબઈની ઘણી શાળાઓમાં ૧૦૦ ટકા શિક્ષકોને ચૂંટણી ફરજ માટે સોંપ્યા છે. પરિણામે, જો શિક્ષકો શાળાના પ્રથમ દિવસે ગેરહાજર રહેશે, તો વિદ્યાર્થીઓને શૈક્ષણિક નુકસાન થશે. શિક્ષકોને ૧૬ જૂનથી ચૂંટણી ફરજમાંથી મુક્તિ આપવી જોઈએ. જેથી શાળામાં શિક્ષણ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સુચારુ રીતે ચાલી શકે અને વિદ્યાર્થીઓનું શૈક્ષણિક નુકસાન ટાળી શકાય, શિક્ષક પરિષદે તેના પત્રમાં જણાવ્યું છે.

દરમિયાન, શિક્ષક પરિષદના કાર્યકારી પ્રમુખ શિવનાથ દરાડેએ માહિતી આપી હતી કે મુંબઈના મલાડની એક શાળાના ૩૨ શિક્ષકો અને બે નિવૃત્ત શિક્ષકોને ચૂંટણીનું કામ સોંપવામાં આવ્યું છે. ઉપરાંત, મુંબઈની ખાનગી સહાયિત શાળાઓમાં ઘણા શિક્ષકો 'વધારાના' હોવાથી તેમના પગાર બંધ કરી દેવામાં આવ્યા છે. તેમણે એવી પણ માંગ કરી છે કે આવા બધા શિક્ષકોના પગાર શરૂ કરવામાં આવે અને વધારાના શિક્ષકોમાંથી જે લોકો સ્વેચ્છાએ ચૂંટણી ફરજો સ્વીકારવા તૈયાર છે તેમની નિમણૂક કરવામાં આવે.

આ દરમિયાન, આ ચૂંટણી માટે મોટી સંખ્યામાં માનવબળની જરૂર પડશે. મતદાર સ્તર અધિકારી (BLO)ના પદ માટે સાત હજાર કર્મચારીઓની જરૂર પડશે, જ્યારે મતદાનના દિવસે ૬૦ હજાર કર્મચારીઓની જરૂર પડશે. આ સ્ટાફ વર્ગ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય સરકારી અધિકારીઓના કર્મચારીઓ દ્વારા લેવામાં આવે છે. જો કે, હવે વરસાદની મોસમ છે અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય, રસ્તા, ઘન કચરા અને વરસાદી પાણીના નિકાલ વિભાગો પર વધારાનું કામનું દબાણ છે. તેથી, આ વિભાગોમાંથી કર્મચારીઓને રાખવાને બદલે, શિક્ષણ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓને મોટી સંખ્યામાં રાખવામાં આવશે.

### આટલા બધા કર્મચારીઓ તાત્કાલિક ફરજ પર..

મ્યુનિસિપલ કમિશનર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ શહેર જિલ્લા માટે કુલ ૨૪૧૯ કર્મચારીઓ, મુંબઈ ઉપનગર માટે ૬૯૦૪ કર્મચારીઓને મતદાન મથક સ્તરીય અધિકારીઓ (BLO) તરીકે અને ૧૦૦૦ મતદાન મથક સ્તરીય અધિકારી સુપરવાઇઝર તરીકે નિયુક્ત કરવા અને આ કર્મચારીઓને મોકલતી વખતે વિનંતી કરાયેલ કુલ સંખ્યાના ૭૦ ટકા સુધી એટલે કે સાત હજાર કર્મચારીઓની નિમણૂક કરવા સૂચનાઓ આપી છે.

## આજથી જળાશયોનાં

છૂટોછવાયો નામ માત્ર વરસાદ પડ્યો છે, તેને કારણે પાણીની સપાટીમાં ઝડપભેર ઘટાડો થઈ રહ્યો છે. રવિવારે સવારના ૬.૩૦ વાગે સાતેય જળાશયોમાં ૧,૨૫,૮૨૫ મિલ્યન લિટર (૮.૬૯ ટકા) પાણીનો સ્ટોક હતો. જળાશયોમાં પાણીની ઘટતી સપાટીને કારણે પાલિકાએ પાણીકાપ નહીં મૂકતા રાજ્ય સરકારની માલિકીના ભાતસામાંથી ૧.૪ લાખ મિલ્યન લિટર અને અપર વૈતરણામાંથી ૯૩,૫૦૦ મિલ્યન લિટર રિઝર્વ સ્ટોકને વાપરવાનો નિર્ણય લીધો છે, તે માટે અગાઉ જ રાજ્ય સરકારની મંજૂરી મેળવી લેવામાં આવી હતી. તે મુજબ સોમવાર, ૧૬ જૂનથી રિઝર્વ સ્ટોકનું પાણી મુંબઈગરાને આપવાનું ચાલુ કરવામાં આવવાનું હોવાથી પાલિકાના પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પાલિકાએ અગાઉ જ રાજ્ય સરકાર પાસેથી રિઝર્વ સ્ટોકનો ઉપયોગ કરવા દેવાની મંજૂરી માગી હતી, જે સરકારે આપી દીધી છે. જોકે ચોમાસું ફરી સક્રિય થયું છે અને હવામાન વિભાગે સારા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે, તેથી જળાશયોમાં પાણીની આવક થશે અને તેને કારણે મુંબઈગરા પર પાણીકાપ લાદવાની જરૂર પડશે નહીં એવું અમારું અનુમાન છે. તેમ જ જળાશયોમાં પાણીની સારી આવક થવાની સાથે જ રિઝર્વ સ્ટોકનો ઉપયોગ કરવાનું પણ બંધ કરવામાં આવશે, કારણે રાજ્ય સરકારની માલિકીના જળાશયોનું પાણી વાપરવા માટે તેમને પૈસા ચૂકવવા પડે છે.

## શિવસેનામાં ભાગલા

બચાવવા એકનાથ શિંદે સાથે જવું પડશે, તેથી જ અમે શિવસેના સાથે આગળ આવ્યા, એમ જણાવતાં ભરત ગોગાવલેએ કહ્યું હતું કે, પ્રમોદ નવલકર, નારાયણ રાણે, સુધીર જોશી, મનોહર જોશી આ બધા દિગ્ગજોએ બાળાસાહેબ ઠાકરે સાથે ખભે ખભા મિલાવીને કામ કર્યું હતું. જ્યારે સંગઠન એટલું મોટું ન હતું, ત્યારે તેમણે શિવસેનાને મજબૂત બનાવી હતી. જો તેઓ ફરીથી સાથે લેવામાં આવ્યા હોત તો શું ખોટું થયું હોત?

રાજકારણ ક્યારે કેવો વળાંક લેશે તે કહી શકાય નહીં. જીતનાર ટીમ હારે છે, હારનાર ટીમ જીતે છે. પરંતુ અમારો સંપૂર્ણ વિશ્વાસ એકનાથ શિંદેમાં છે. એકનાથ શિંદે જે પણ નિર્ણય લેશે તે અમે સ્વીકારીશું.

ભાજપ અને અમારું ટ્યુનિંગ સુમેળમાં છે. બાળ ઠાકરેનો સિદ્ધાંત હતો કે ગમે તે થાય, આપણે હિન્દુત્વ છોડવું જોઈએ નહીં એમ જણાવતાં ભરત ગોગાવલેએ કહ્યું હતું કે એકનાથ શિંદેએ પણ આ જ સિદ્ધાંતનું પાલન કર્યું છે.

ભરત ગોગાવલેએ થોડા સમય પહેલા એક મરાઠી ન્યૂઝ ચેલન સાથે વાતચીત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું.

## પારસી મરણ

નોશીર ગુસ્તાસ્પ લાલા તે બેહેરોઝ નોશીર લાલાના ખાવીંદ. તે મરહુમો ગુસ્તાસ્પ ને આલુના દીકરા. તે નવઝર ને ઝુરોફીના બાવાજી. તે ઝરીન લાલા, ધ્રુમીના સસરા. તે દિલનવાઝ, પરવીન, નરીમન ને મરહુમ યઝદીના ભાઇ. તે પીનાઝના બપાવાજી. તે પરસીસ ને નાતાશાના મમાવાજી. તે મરહુમો ધનમાય ને બમનશા ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૩/બી, પારસી સાલસેટ રોઝ કોમ્પ્લેક્સ, ફલેટ નં.૧૨૨, પમ્પ હાઉસ, મનીષ પાર્ક, અંધેરી (ઇ). ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૬-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે વાચ્છા અગિયારી ફોર્ટ, મુંબઇ.

## જૈન મરણ

**હાલારી વિશા ઓસવાળ જ્ઞાતિ જૈન**
ટીંબડી નિવાસી હાલ કાંદિવલી તે સુભાષભાઇ રામજીભાઇ ગડાના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૮૦) મંગળવાર, તા. ૧૦-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મણીબેન રામજી વીરપાર ગડાના પુત્રવધુ. સ્વ. હિરુબેન જાધવજી ખીમજી પારેખ (સુમરીયા શાહ)ના પુત્રી. રાજન, જયદીપ, મંજીતા સુતરીયાના માતુશ્રી. તેજલ રાજન, ચૈતાલી જયદીપ તથા અપૂર્વ ધરમલાલ સુતરીયાના સાસુ. સંજીત સરીન આરવ શ્રીનલ, ઋતુરાજ તથા દેવાંશીના દાદી-નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
કાંડાગરાના વિરચંદ મેઘજી ગંગર (ઉં. વ. ૮૦) તા. ૧૪-૬-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઈ મેઘજીના પુત્ર. રંજનના પતિ. કલ્પના, દક્ષા, ભરત, ચંદ્રેશના પિતા. રામાણીયા અમૃતબેન દામજી નાગડાના ભાઈ. ગેલડા મુરબાઈ મોરારજી સૈયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રેશ ગંગર, એ૨/૧૦૫, જે.એમ દર્શન, શિવમંદિર રોડ, રામનગર, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૧.

કુંદરોડીના હેમલતાબેન વસંતલાલ દેઢિયા (ઉં. વ. ૭૮) તા. ૧૩-૬-૨૫ના અવસાન પામ્યા છે. કુંવરબાઈ/અમૃતબાઈ/ઉમરબાઈ/પુરબાઈ ચાંપશી દેવજીના પુત્રવધૂ. વસંતલાલના પત્ની. રાજીવ, રિતેશ, ભાવનાના માતુશ્રી. ગુંદાલા જવેરબેન/દેવકાબેન કેશવજી ખેતશીના પુત્રી. મણીલાલ, મહેન્દ્ર, અતુલ, રૂક્ષ્મણી ગોવિંદજી, ચંચળ જયંતિ, હેમકુંવર મનસુખ, રેવંતી યોગેશ, ઉષા પ્રવિણ, મીના નવિનના બેન. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે. નિ. રાજીવ દેઢિયા : બી/૩૦૫, ટ્રફલગર, લોઢા સ્ટર્લિંગ, કોલશેત, થાણા (વે) ૬૦૭.

કોડાય હાલે જબલપુરના હેમલતાબેન કુંવરજી લાપસીયા (ઉં. વ. ૮૪) તા. ૧૩-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. દેવકાબાઈ કુંવરજી લાપસીયાની સુપુત્રી. જળબાળા (જયશ્રી)ના માતુશ્રી. કોડાયના બિપીન, પ્રકાશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયશ્રી પ્રદીપ લાલન, એ-૧૦૧, એક્તા વિહાર, રતન નગર રોડ, જબલપુર-૪૮૨૦૦૧. (મધ્ય પ્રદેશ).

પત્રીના ભવાનજી પ્રેમજી ધરોડ (ઉં. વ. ૮૦) તા. ૧૪-૬-૨૫ના અવસાન પામ્યા છે. રાણબાઈ પ્રેમજી વીરજીના સુપુત્ર. મંજુલાબેનના પતિ. ઈલેશ, આશિષના પિતાશ્રી. દામજીભાઈ, વાંકી તેજબાઈ પ્રેમજી દેવશી, પુરબાઈ ભવાનજી કુંવરજીના ભાઈ. વડાલાના સુંદરબેન કાનજી વીરજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. આશિષ ભવાનજી ધરોડ, બી-૭૦૧, ભાગીરથી ભુવન, ગણેશ ગલી, લાલબાગ, મું-૧૨.

લાયજા મોટાના કિશોર મેઘજી છેડા (ઉં. વ. ૬૪) તા. ૧૪-૬-૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન મેઘજીના પુત્ર. વર્ષાબેનના પતિ. આરતીના પિતા. હેમચંદ, અરવિંદ, પ્રવિણ, દુર્ગેશ, મહેન્દ્ર, સીમા (સ્મિતા)ના ભાઇ. નવાવાસના ભાનુબેન મુલચંદના જમાઇ. પ્રા. : સુમતિ ગુર્જર ભુવન, ૧૨/૧૩, સ્વસ્તિક પાર્ક, ચેમ્બુર, ટા.ઃ ૪ થી ૫.૩૦.

દેઢીઆના વિમળાબેન (કેસરબેન) લીલાધર દેઢિયા (ઉં. વ. ૮૨) તા. ૧૪-૬-૨૫ના અવસાન થયેલ છે. લક્ષ્મીબેન વીરજીના પુત્રવધૂ. સ્વ. લીલાધરના પત્ની. જગદીશ, પલ્લવી, રેખા, ડો. દીના, જયા (જીનલ), કલાના માતૃશ્રી. માપરના પાનબાઈ લાલજીના પુત્રી. જેઠાલાલ, ગણશી (બાબુભાઈ), ધનબાઇના બેન. પ્રા. : સ્થળ : શ્રી કાલિદાસ ઓડીટોરીયમ, પી. કે. રોડ, મુલુંડ (વે.). ટા.ઃ બપોરે ૪ થી ૫.૩૦.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**
સ્વ. સૌ. મીનાબેન (ઉં. વ. ૭૩) તે સુરેશભાઇ પવાણીના પત્ની તા. ૧૩-૬-૨૫ના શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. કચ્છ ગામ કેરા હાલે કલ્યાણ ગં. સ્વ. સાકરબેન કરસનદાસ પવાણીના પુત્રવધૂ. તે ભાવીની સુધીર રૂપારેલ, જિજ્ઞા શૈલેશ નરમ, ભક્તિ ભાવેશ ફડિયા, દિવ્યાના માતુશ્રી. સ્વ. હંસાબેન મોહનલાલ, લતાબેન હરીશ દેરાણી અને દેવી જયેશ, રશ્મી સ્વ. હિતેન્દ્રના જેઠાણી. હેમલતા દયારામ અનમ, પૂર્ણિમા વિજય સોમૈયાના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૬-૬-૨૫ના કલ્યાણ લોહાણા મહાજનવાડીમાં ૪થી ૬.

**હાલાઇ લોહાણા**
ગં. સ્વ. જયાબેન રાજાણી મૂળ ગામ જામજોધપુર (ઉં. વ. ૯૨) હાલ મુંબઇ તે તા. ૧૩-૬-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદુલાલ મોરારજી રાજાણીના ધર્મપત્ની. તે દીપકભાઇ, મંજુલાબેન જેઠાભાઇ બાપોદ્રા, રંજનબેન અશ્વીનકુમાર ઠક્કર, હંસાબેન બીપીનભાઇ દત્તાણી, સરોજ દીલીપ મોરે, રેખા પટેલ, જાગૃતિ નીખીલ રાયચુરાના માતુશ્રી. રશ્મીબેનના સાસુ. ફોરમના દાદી. કાંતાબેન જમનાદાસ રાજાણી, પુષ્પાબેન દામજીભાઇ પ્રાગમના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**
ગામ વઢવાણ હાલ બોરીવલી રાજેન્દ્રકુમાર કૃષ્ણલાલ ગોહીલના ધર્મપત્ની બીનાબેન (ઉં. વ. ૪૯) તા. ૧૨-૬-૨૫ તે ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે પુષ્પાબેન દુર્લભભાઇ ડોડીયાના દીકરી. તે દર્શન અને માનવના મમ્મી. તે ગં. સ્વ. સરલાબેન કૃષ્ણલાલ ગોહીલના વહુ. તે ઘનશ્યામભાઇના નાનાભાઇના પત્ની. દક્ષાબેન ઘનશ્યામભાઇના દેરાણી. પાર્થ અને પ્રિયાના કાકી. પ્રાર્થનાસભા, સોમવાર તા. ૧૬-૬-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. શ્રી લુહાર સુથાર જ્ઞાતિ વેલ્ફેર સેન્ટર, દત્તપાડા મેન રોડ, બોરીવલી (ઇસ્ટ).

**કચ્છી લોહાણા**
ગામ હરૂડી હાજાપુર હાલ મઝગામ (મુંબઇ) સ્વ. દેવજી વીસનજી જોબનપુત્રાની પુત્રવધૂ. સ્વ. નર્મદાબેન જમનાદાસભાઇ વસનજી તન્નાની સુપુત્રી ગં. સ્વ. ભાવના પ્રફુલ જોબનપુત્રા (ઉં. વ. ૬૩) તે નિશા મયુર ઠક્કરના માતુશ્રી. તે રમેશ પ્રકાશ અશ્વિન (ભગવાન) દિનેશના ભાઇની ધર્મપત્ની. ભારતી પ્રવીણ ઠક્કરના બહેન. ગં. સ્વ. કુસુમ શશીકાંત રૂપારેલ અને સ્વ. ચંદા કિશોરભાઇ સેજપાલના ભાભી શનિવાર, તા. ૧૪-૬-૨૫ના મઝગામ મધ્યે રામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૬-૬-૨૫ના ૫.૩૦થી ૭. ઠે. પવાણી હોલ, મહાજનવાડી, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ છે.

**નવસારી મોઢવાણીયા**
સુભાષ ચોકસી (ઉં. વ. ૭૯) શનિવાર, તા. ૧૪-૬-૨૫ના શ્રીજીચરણ થયેલ છે. તે સ્વ. અ. સૌ. પન્ના ચોકસીના પતિ. તથા સ્વ. નવસારી નિવાસી, સ્વ. રમાવતિ સુધનલાલ ચોકસીના સુપુત્ર તથા વલસાડ નિવાસી સ્વ. સુમંતીબેન તથા સ્વ. ડૉ. કાંતુભાઇ શ્રોફના જમાઇ. તથા નીપા ગાંધી તથા મીહિર ચોકસીના પિતાશ્રી. તથા કિરણ ચોકસી તથા વીરલ ગાંધીના સસરા. લૌકિક રિવાજ બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**
હાલ કાંદિવલી તે રજનીકાંત છોટાલાલ પરીખ (બંગાળી) (ઉં. વ. ૯૦) તે કોકિલાબેનના પતિ. હિતેન, પ્રિતી અને પીંકીના પિતાશ્રી. મનિષાબેન, આશિતકુમાર, અને નિલેશકુમારના સસરા. તે ચુનીલાલ બાપુલાલ ધારિયા સુરતવાલાના જમાઇ. કુનાલ, પૂજા, અર્પિત, રચના, ક્રિષ અને નિલના દાદા. નિધી, રોનકકુમાર, સિદ્ધાર્થકુમાર અને જોનાકીના દાદા-સસરા તા. ૧૪-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૬-૨૫ સોમવારના ૫.૩૦ થી ૭.૩૦, ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, ૨જે માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છ કડવા પાટીદાર**
કચ્છ ગામ ઉખેડા હાલ ઘાટકોપર નિવાસી ડો. નવીન પ્રેમજી પટેલ (ઉં. વ. ૭૨) તા. ૧૪-૬-૨૫ના શનિવારના રામશરણ પામેલ છે. તે સ્વ. કુંવરબેન પ્રેમજી માવજીના સુપુત્ર. સ્વ. મેઘજીભાઇ, ગંગદાસભાઇ, શાંતાબેનના ભાઇ. ડો. પૂર્વી, ડો. કૃતી, હાર્દિકભાઇના પિતાશ્રી. ડો. જુગલના સસરાની પ્રાર્થનાસભા તા. ૧૭-૬-૨૫ મંગળવારે સાંજે ૪થી ૫.૩૦. ઠે. પાટીદાર વાડી, એલ. બી. એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ).

**સિમ્બર સમવાય ઔદિચ્ય જ્ઞાતિ**
ગં. સ્વ. રમાબેન (ઉં. વ. ૯૫) તે હાલ બોરીવલી સ્વ. મનુભાઈ દુલેરાય વ્યાસના ધર્મપત્ની ૧૪/૬/૨૫ ના શિવશરણ પામેલ છે. તે સ્વ. શંકરપ્રસાદ છગનલાલ જોષી મહુવાના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૬/૫/૨૫ના ૪ થી ૬ કલાકે વર્ધમાન સ્થા જૈન સંઘ, સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝ સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીગૌડ બ્રાહ્મણ**
ગં. સ્વ. ધર્મિષ્ઠા નિરંજન શાસ્ત્રી (ઉં. વ. ૮૫) તે સ્વ મણીલાલ શુકલના પુત્રી ગોલોકવાસી નિરંજન શાસ્ત્રીજીના ધર્મપત્ની, કૃષ્ણદત્ત, કાશ્યપી, જિજ્ઞાસા, પ્રપન્નાના માતુશ્રી. હિના, પ્રકાશકુમાર, કૃષ્ણકાન્તકુમાર, સતીષકુમારના સાસુમા, આદિત્યના દાદી, તા. ૧૩.૬.૨૫ શુક્રવારે ગોલોકવાસ થયા છે. પ્રાર્થનાસભા તા. ૧૬ જૂન ૨૦૨૫. સાંજેઃ ૪ થી ૬વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (વેસ્ટ).

**કપોળ**
સાવરકુંડલાવાળા હાલ ઘાટકોપરના રહેવાસી સ્વ. ચંપાબેન નરોત્તમદાસ પુરુષોત્તમદાસ મહેતાના પુત્ર જીતેન્દ્ર (ઉં. વ. ૭૮) તે પ્રવીણાબેનના પતિ. ભાવના સંજીવ શેઠ તથા સેજલ ભાવેશ મોદીના પિતાશ્રી. સ્વ. નવનીતભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. હરકિશનભાઇ, સ્વ. લલીતાબેન શાંતિલાલ સંઘવી, સ્વ. હંસાબેન રસિકલાલ, ગં.સ્વ. ક્રિષ્નાબેન પ્રવિણચંદ્રના ભાઈ. ગં.સ્વ. હીરાબેન ભગવાનદાસ ગોરડિયાના જમાઈ. સ્વ. બાલુભાઈના ભાણેજ. તા.૧૪/૦૬/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા ૧૭/૦૬/૨૦૨૫ મંગળવાર સાંજે ૫ થી ૭ માં રાખેલ છે. સ્થળઃ ત્રિધા હોલ, ચોથો માળ, સ્વામિનારાયણ મંદિરની ઉપર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ.

# ધર્મતેજ

## મનન

# સાગરના પાણીનું બિંદુ ને સાગર

હેમંત વાળા
feedback@bombaysamachar.com



કહેવાય છે કે જેમ સાગરના પાણીના બિંદુમાં સાગરના પાણીની દરેક ખાસિયત હોય છે તેમ આત્મામાં પરમાત્માની દરેક ખાસિયત હોય. પરમાત્મા સાગર છે તો આત્મા તે સાગરના પાણીનું બિંદુ છે. પરમાત્મા જો વિશાળ રણ હોય તો આત્મા તે રણનું એક કણ છે. પરમાત્મા જો પ્રકાશનો પૂંજ હોય તો આત્મા તે પ્રકાશનું એક કિરણ છે. પરમાત્મા જો વિશાળ અવકાશ હોય તો આત્મા તે અવકાશનો નાનકડો વિભાગ છે. આત્મા એ પરમાત્માનું બાળક નથી, પરમાત્માનો અંશ છે. આત્મા એ પરમાત્માનું સર્જન નથી, તે સર્જક રૂપ પરમાત્માનો ભાગ છે. આત્મા એ પરમાત્માથી ભિન્ન ઘટના નથી, પરમાત્મા સાથે જ સંકળાયેલ અસ્તિત્વ છે. આત્મા એ શોધવાની વસ્તુ નથી, તે તો છે જ, માત્ર તેની સામે રચાયેલું માયાનું આવરણ હટાવવાની જરૂર છે.

સામાન્ય પરિસ્થિતિની વાત કરીએ તો, આત્મા એ પરમાત્માનો અંશ હોવાં છતાં એ તો સ્વીકારવું જ પડે કે આત્માએ આત્મા છે અને પરમાત્મા એ પરમાત્મા છે. પરમાત્માને બંધન નથી, આત્માને છે. પરમાત્મા સર્વ શક્તિમાન છે, આત્મા પણ સર્વ શક્તિમાન બની શકે, પરંતુ વર્તમાનમાં તેની શક્તિ બાધિત છે. પરમાત્મા દરેક જગ્યાએ ગમન કરી શકે છે જ્યારે આત્મા જડ શરીરમાં જકડાયેલો હોવાથી તેનું ગમન શક્ય નથી બનતું. પરમાત્મા સર્વજ્ઞ છે જ્યારે આત્મા અવિદ્યાના આવરણથી આચ્છાદિત છે. પરમાત્મા પ્રકાશ સ્વરૂપ છે પરંતુ આત્માનો પ્રકાશ જડ આવરણને કારણે બહાર આવી શકતો નથી. પરમાત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ છે જ્યારે શરીરના ધર્મ લાગુ પડવાના કારણે આત્મા ખુશી અને શોક, બંનેની અનુભૂતિ કરતો જણાય છે. પરમાત્મા પોતાની અધ્યક્ષતામાં, સાક્ષીભાવે, સૃષ્ટિના સંચાલનનું કારણ બને છે, જ્યારે આત્મા જે તે સ્થાપિત મર્યાદાઓને કારણે સાક્ષીપણાંના સ્થાને અહંકાર સાથે સંલગ્ન રહેતો હોય તેમ પ્રતીત થાય છે. પરમાત્મા પવિત્ર, નિર્દોષ, શુદ્ધ, તટસ્થ તેમજ નિર્લેપ છે તો આત્મા, તેનાં સ્થૂળ તેમજ સૂક્ષ્મ અસ્તિત્વને કારણે અપવિત્રતા, દોષ, અશુદ્ધિ, પક્ષપાત કે તાદાત્મ્યતા સાથે જોડાયેલો રહે છે. આત્મા એ પરમાત્માના અંશ હોવા છતાં તે પરમાત્મા તો નથી જ. આ કડવું સત્ય છે.

છતાં પણ આત્મા હંમેશાં પરમાત્મા સમાન બનવાં પ્રયત્નશીલ રહે છે. પરમાત્મા શાશ્વત છે, અમર છે. માનવીમાં જે જિજીવિષા છે એના મૂળમાં પરમાત્માની આ પ્રકૃતિ છે. પરમાત્મા જો અવિનાશી હોય તો સ્વાભાવિક રીતે માનવીને પણ અવિનાશી પણું, અમરતા, શાશ્વતતા પામવાની ઈચ્છા થાય. પરમાત્મા સર્વજ્ઞ છે, તે બધું જ જાણે છે, તે સ્વયમ જ્ઞાનના પર્યાય સમાન છે. માનવીમાં જે જિજ્ઞાસા, જ્ઞાનપીપાસા છે તેના મૂળમાં પરમાત્માની આ પ્રકૃતિ છે. પરમાત્મા જો પરમ જ્ઞાની હોય તો માનવી પણ એમ ઈચ્છે કે તેની પાસે પણ લગભગ બધું જ, બધાં જ પ્રકારનું જ્ઞાન હોય. પરમાત્મા આનંદ સ્વરૂપ છે, તે હંમેશાં પોતાની નિર્દોષ મસ્તીમાં રહે છે. માનવીમાં જે ખુશ રહેવાની, આનંદિત રહેવાની ચાહ છે તેના મૂળમાં પણ પરમાત્માનું આનંદ સ્વરૂપ છે. માનવી તે આનંદ સ્વરૂપ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે, કરતો જ રહે છે.

પરમાત્મા પૂર્ણ છે, અખંડ છે, એકાકાર છે. માનવી દરેક બાબત માટે પૂર્ણતાનો જે આગ્રહ રાખે છે તેના મૂળમાં પરમાત્માની પૂર્ણતા છે. પરમાત્માના અંશ સમાન આત્મા ધારણ કરનાર માનવી પૂર્ણતાની કામના રાખે તે સ્વાભાવિક છે. પરમાત્મા ઐશ્વર્ય ધારી છે, તેની પાસે દરેક પ્રકારની સંપન્નતા છે, એક દ્રષ્ટિકોણ પ્રમાણે તે લક્ષ્મીપતિ છે. માનવી જે સંપત્તિની, ધનની, લક્ષ્મીની અપેક્ષા રાખે છે તેના મૂળમાં પણ પરમાત્માનું ઐશ્વર્ય છે. પરમાત્માનાં નિયંત્રણમાં સૃષ્ટિની સમગ્ર સત્તા હોય છે. પરમાત્માની અધ્યક્ષતામાં જ સૃષ્ટિનું અસ્તિત્વ સ્થાપિત થાય છે, સૃષ્ટિનું લાલન-પાલન થયાં કરે છે અને સમયાંતરે સૃષ્ટિ પ્રલય થકી ફરીથી પરમાત્મામાં વિલય પામે છે. માનવી જ્યારે સત્તા માટે પ્રયત્ન કરે ત્યારે તેને પણ પરમાત્માથી લીધેલી પ્રેરણા સમાન ઘટનાને ગણી શકાય. એકંદરે એમ કહી શકાય કે આત્માને ધારણ કરનાર માનવી હંમેશાં પરમાત્મા સમાન બનવાં ઇચ્છિત રહેતો હોય છે.

ભલે આત્મા અને પરમાત્મા સ્થિતિ, ક્ષમતા, ક્ષેત્ર, સામર્થ્ય, વિસ્તાર તથા કેટલીક ભાવાત્મક બાબતો માટે ભિન્નતા હોય, પરંતુ એ હકીકત તો છે જ કે બંને એક જ સત્યના બે જુદાં જુદાં પ્રમાણવાળા સ્વરૂપ છે. સાગરના પાણીમાં જે ખારાશ હોય તે જ ખારાશ સાગરના પાણીના ટીપામાં હોય. સાગરના પાણીને સમજવાં તે ટીપાંને સમજવું જરૂરી બને છે. જો ટીપુ સમજમાં આવી જાય તો સાગર વિશેની ઘણી સમજ છતી થાય. એવી જ રીતે જો સાગર સમજમાં આવે તો ટીપાંની લગભગ પ્રત્યેક બાબત પણ સમજમાં આવી જાય. ઘણી રીતે ટીપુએ સાગરનો મર્યાદિત પર્યાય છે અને સાગર એ ટીપાંનું અમર્યાદિત અસ્તિત્વ છે.

આત્મા અને પરમાત્માની આ સામ્યતાને કારણે જ આત્મા જેમાં સ્થિત છે તે માનવીમાં અપાર સંભાવના ઉદ્‌ભવતી હોય છે. માનવી પરમાત્માના દરેક કાર્યને ઉજાગર કરી શકે છે. માનવી વાસ્તવમાં પરમાત્માના પ્રતિનિધિ તરીકે કાર્યરત થઈ શકે છે. માનવી પ્રકૃતિ દ્વારા સ્થાપિત માયાનાં પ્રપંચથી પોતાની જાતને મુક્ત કરી શકે છે. માનવી અવિદ્યા અને અજ્ઞાનના તંત્રનો વ્યક્તિગત સ્તરે નાશ કરી જાતને સત્યમાં સ્થિર કરી શકે છે. માનવી અન્ય સમાંતરિત સૃષ્ટિની રચના કરવાં પણ સમર્થ છે. તે બધાં સાથે માનવી પરમાત્મા સાથે એકાકાર થઈને સ્વયં પરમાત્માનું સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. ■

## માનસ મંથન

# તમારું બ્રહ્મચર્ય, સત્ય, અસ્તેય ને અપરિગ્રહ આ બધામાં અહિંસાનું મંગલાચરણ લગાડવું પડશે



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



એક જિજ્ઞાસા છે. અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદી છે, એમાં અહિંસાને જ પ્રથમ સ્થાન કેમ આપ્યું છે? અહિંસાને જ પરમ ધર્મ કેમ ગણી છે? કોઈપણ ક્રિયા-સત્ય,બ્રહ્મચર્ય આદી હિંસક હોય તો પાપ થઈ જાય છે. તમારો અપરિગ્રહ પણ હિંસક હોય તો પાપ બની જાય છે, સત્ય પણ અહિંસક હોવું જોઈએ. સત્ય પણ પ્રિય બોલો. તમને અધિકાર નથી કે તમારા કઠોર કડવા સત્યથી બીજાનું દિલ દુભાય. ઘણા કહે છે ને કે સત્ય કડવું હોય છે. તમને સત્ય બોલવાનું આવે ને એ કટુ હોય તો ન બોલો. તમારા બોલવાથી કામ નથી બનવાનું, એના અંતઃકરણમાં પ્રભુ બેઠેલા છે,તે એને પ્રેરણા કરશે. કટુ શબ્દ ન બોલો. શાસ્ત્ર મના કરે છે હરિ પર છોડી દો. અશ્વત્થામાનું મૃત્યુ થયું નથી, હાથી મરાયો છે, એ સત્ય પણ હિંસક સાબિત થયું. ધર્મરાજનો રથ જે સદૈવ (જમીનથી) ઉપર રહેતો હતો, જમીન પર આવી ગયો.

*બંદઉં ગુરુ પદ કંજ કૃપા સિંધુ નરરૂપ હરિ,*
*મહા મોહ તમ પુંજ જાસુ બચન રબિ કર નિકર*

ગુરુદેવના ચરણકમળની ગોસ્વામીજી કહે છે હું વંદના કરું છું. ગુરુનાં ચરણ કમળ સમાન છે. ગુરુના શબ્દો સૂર્યનાં કિરણ સમાન છે. યહ બહુત સુંદર સુમેલ હૈ! પગલાં કમળ જેવાં,શબ્દો સૂર્યનાં કિરણ જેવા. પ્રકૃતિનો નિયમ છે સૂરજનું કિરણ નીકળે પછી કમળ ખીલે. એટલે કે જેવું બોલે તેવું જ કદમ ઊપડે,વચન પ્રમાણે પગનાં કમળ ખીલ્યાં છે. આચરણ જેનાં ખીલ્યાં છે, વકતૃત્વ અને કર્તૃત્વ જેનું એક થઈ ગયું છે એવા સંત ગુરુનાં ચરણમાં ગોસ્વામીજી પ્રણામ કરે છે. એ ગુરુ આચરે એટલું કે એના કરતાં ઓછું બોલે. આજે હું અને તમે જાણીએ છીએ કે આપણું બોલવાનું વધ્યું છે,આચરણ ઓછું થયું. વ્યાખ્યા વધી,આચાર ઓછો થયો! વ્યાખ્યાન કરનારને આ દેશ આદર આપે,આચરણ કરનારને આ દેશ આધીન થઈ જાય. સમાજ આચરણ કરનારને તાબે થાય છે. રાષ્ટ્ર અને સંસ્કૃતિ આજે આચરણ માગે છે. મને એક ગામમાં એક ભાઈએ પૂછેલું : આટઆટલી કથાઓ થાય છે, લોકોમાં સુધારો કેમ થતો નથી? કહેવાની ઈચ્છા થઈ, કહ્યું : બે કારણો હોઈ શકે. ‘કાં તો કહેનારની શબ્દસાધનામાં ખામી. પહેલું તો બોલનારે-વક્તાએ જ સ્વીકારવું રહ્યું કે એની શબ્દસાધનામાં કંઈક ખામી હશે,નહીંતર તીર કેમ બરાબર લાગે નહીં! વક્તાની શબ્દસાધના અને આંતરિક સ્થિતિ મજબૂત હોય છતાંયે ક્રાંતિ થતી ન હોય તો બીજું કારણ એ હોઈ શકે કે સામેનાં હૈયાં વજ્ર કરતાંય કઠોર હશે. તીર વાગી વાગીને એવાં થઇ ગયાં હશે. જેને કશી અસર જ ન થાય! ગુરુ એ છે, સંત એ છે અને આચરણ... આજે આખા રાષ્ટ્રમાં સમસ્યા આચરણની જ છે. આ દેશનો જે ભવ્ય ભૂતકાળ હતો તેવું પુનઃ કરવું હોય તો સુગંધ પ્રસરાવતું આચરણ સમાજમાં નિર્માણ કરવું જોઇશે.

કેટલાયે લોકો બ્રહ્મચર્યનો નિર્વાહ કરે છે,પણ આક્રમક બહુ થઈ જાય છે. શરીર પ્રતિ ધર્મ થાય છે,પણ હિંસક બને છે. ઇન્દ્રિય પર બહુ દબાવ નાખે છે, તેનો સ્વભાવ વિપરીત થઈ જાય છે, એવો મારો અનુભવ છે. કુરૂપ, વિકૃત સ્વભાવ થઈ જાય છે. બ્રહ્મચર્ય બહુ અદ્‌ભુત વસ્તુ છે, પણ એનો અર્થ ફક્ત Sex-Control નથી. ઉપનિષદમાં પણ આવ્યું છે કે જેની પરસ્ત્રી સામે નજર નથી જતી,પોતાની સ્ત્રી સાથે ઋતુકુળ અનુસાર ધર્મ ચીંધ્યો કામ ભોગવે છે તે સદૈવ બ્રહ્મચારી છે. બ્રહ્મચર્યનો અર્થ છે, જે વ્યક્તિની પૂરી ચર્યા બ્રહ્મ જેવી થઈ ગઈ તે છે બ્રહ્મચારી. જેનું જોવું બ્રહ્મ જેવું,જેનું ચાલવું બ્રહ્મ જેવું-ચાલે તો જાણે કનૈયો ચાલી રહ્યો છે, રામ ચાલી રહ્યા છે ! બોલે તો જાણે રાઘવના બોલ બોલી રહ્યા છે ! જાણે કૃષ્ણની વાંસળી વાગી રહી છે ! એની પ્રત્યેક ક્રિયા બ્રહ્મ જેવી થઈ જાય છે.

એનો અર્થ તમે સંયમી ન રહો એવો નથી પણ શરીરના કેટલાક ધર્મો હોય છે જે બજાવો. હા,એમાં કોઈ અપવાદ હોઈ શકે. કોઈ યોગભ્રષ્ટ હોય, જનમજનમની સાધના હોય તો કોઈ તકલીફ નથી હોતી પણ કેવળ ઇન્દ્રિયદમનમાં બહુ વિકૃતિ આવે છે. મહાત્મા લોકો પણ ક્રોધી થઈ જાય છે. તમારું બ્રહ્મચર્ય પણ અહિંસક હોવું જોઈએ, તમે ઇન્દ્રિયોની હિંસા કરી રહ્યા છો. બીજાને નથી મારતા, તમારી ઇન્દ્રિયોને મારો છો એ હિંસા જ છે. વધુ ભૂખ્યા રહો તો તમારા પેટની હિંસા કરો છો. કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે અતિ ભૂખ્યા ને અતિ ભોજન કરનારા યોગ નથી કરી શકતા. તમને જેટલી વાર ભૂખ લાગે તેટલી વાર જરૂર ખાઓ,પણ ભોજનની જરૂર ન હોય, ભૂખ ન હોય તો કૃપયા નહીં ખાઓ. બહુ સ્પષ્ટીકરણ કર્યું છે. ઇન્દ્રિયદમનની વાત નથી કરી. કામ આદિનું દહન કરવાનું છે. કોઈ ઝરણું વહેતું હોય ને તમે આડો પથ્થર લગાવી દો તો ઝરણું સમાપ્ત નહીં થઈ જાય, એ ક્યાંય ફૂટી નીકળશે, એ તમારાથી દબાયેલું નહીં રહે. તેવી રીતે ઇન્દ્રિયોને તમે દબાવો તો એ વિકૃત રસ્તે પોતાનો રસ્તો કાઢશે. તમે વિચારો કે આંખો બંધ કરી વધુ જુઓ છો ! કાલે હું એવો હુકમ કાઢું કે તમારે આંખો બંધ કરીને જ કથા સાંભળવી તો તમે કદાચ આંખો બંધ કરી બેસો,પણ તમને એ જ વિચાર આવશે કે આજે વ્યાસગાદી પર શું છે અમને મના કરી છે? તમે કથા નહીં સાંભળી શકો ! તમારી કથા છૂટી જશે અને અંદરથી જોવાનું શરુ પણ કરી દો. એના દ્વાર પર દેવતા બેઠા છે. ઈન્દ્રદ્વાર ઝરોખા નાના... તુલસીદાસજી કહે છે. તમારું સત્ય,બ્રહ્મચર્ય,અસ્તેય,અપરિગ્રહ અહિંસક હો. બધામાં અહિંસાનું મંગલાચરણ લગાડવું પડશે. આપણા આત્માને સારું ન લાગતું હોય એવો વ્યવહાર કૃપયા બીજા સાથે ન કરો એ જ પરમધર્મ શ્રુતિ બિદિત અહિંસા છે.

(સંકલન : જયદેવ માંકડ)■

## અલૌકિક દર્શન

# અવતાર કામક્રોધાદિ આવેગને આધીન હોતો નથી

ભાણદેવ
feedback@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

૩. અવતારની લાક્ષણિકતાઓઃ

અવતારની હયાતીમાં અવતારને સમજવાનું, તેને ઓળખવાનું અને તેને સ્વીકારવાનું કાર્ય અતિ કઠિન છે. પ્રગટ પરમેશ્વરનો મહિમા સમજાય તો અતિ મૂલ્યવાન છે, પરંતુ તેને સમજવો અને સ્વીકારવો કઠિન છે. માનવ-સ્વરૂપે આવેલા ભગવાનને કોણ જાણી શકે?

सोई जानई जेहि देहु जनाई।

– रामचरितमानस : अ.का. : १२६-२

‘જેને પ્રભુ પોતાનું સ્વરૂપ ઓળખાવે તે જ તેને ઓળખી શકે છે.’

પરંતુ આનો અર્થ એમ નથી કે અવતારને કોઈ રીતે ઓળખી શકાય તેમ જ નથી. અવતારને ઓળખવાનું કાર્ય કઠિન છે, છતાં અશક્ય નથી. અવતારની કેટલીક લાક્ષણિકતાઓ હોય છે. આ લાક્ષણિકતાઓ અવતારને સમજવામાં આપણને ઉપયોગી થઈ શકે તેમ છે.

૧. અવતારમાં બે ચેતનાઓ હોય છે : ભાગવત ચેતના અને માનવચેતના. અવતારમાં માનવચેતના આગળ રહે છે અને ભાગવત ચેતના પડદા પાછળ રહે છે. આમ છતાં ભાગવત ચેતના સતત હાજર હોય છે અને ગમે તે ક્ષણે ભાગવત ચેતના આગળ આવી જાય છે. વસ્તુતઃ અવતારમાં ભાગવત ચેતના જ પ્રધાન છે, કારણ કે અવતાર મૂલતઃ તો ભગવાન છે. માનવચેતના તો અવતારે ઓઢેલી ચેતના છે. માનવચેતના તો અવતારનું આવરણ છે. ભાગવત ચેતના જ અવતારનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. અવતાર જ્યારે માનવો સાથે માનવરૂપે આવે છે ત્યારે માનવચેતનાનું આવરણ સ્વીકારીને આવે છે. આમ, અવતારની લીલામાં ભાગવત ચેતના અને માનવચેતના બંને કાર્યરત હોય છે.

૨. અવતાર કામક્રોધાદિ આવેગોને આધીન હોતો નથી. કામક્રોધાદિ આવેગો પ્રકૃતિના આવેગો છે અને અવતાર પ્રકૃતિને વશ નથી, પરંતુ પ્રકૃતિનો અધિપતિ છે. અવતારમાં કામક્રોધાદિ આવેગો સંભવે છે, પરંતુ તે ઘટનાનો અર્થ એવો નથી કે અવતાર તેમને આધીન છે. અવતાર પૂર્ણ સ્વતંત્ર છે, તે પ્રમાણે તે કામક્રોધાદિ આવેગોથી પણ પૂર્ણ સ્વતંત્ર છે. અવતારમાં કામક્રોધાદિ આવેગો હોય છે તે તો માનવલીલા માટે અવતારે સ્વેચ્છાએ સ્વીકારેલા હોય છે. અવતાર તેવા આવેગોને સ્વીકારે છે અને ઇચ્છે તો ક્ષણમાત્રમાં તેમને દૂર ફેંકી દઈ શકે છે.

૩. ગમે તેવો મહાન પુરુષ, સમર્થ પુરુષ કે સિદ્ધપુરુષ પણ અવતારને અતિક્રમી શકે નહીં, અભિભૂત કરી શકે નહીં. અવતારનાં જ્ઞાન અને શક્તિ અનંત છે, તેથી અવતાર કોઈનાથી ક્યારેય પરાજિત થતા નથી. હા, તેઓ પોતે જ સ્વેચ્છાએ પરાજિત થવાનું સ્વીકારે તો તેઓ તેમ કરવા સ્વતંત્ર છે. જીવ ગમે તેટલો મહાન હોય તો પણ તે અવતારની તોલે આવી શકે નહીં. ભીષ્મ, વિદુર, અર્જુન, ઋષિઓ - સૌ મહાન છે, પરંતુ શ્રીકૃષ્ણની તોલે કોઈ આવી શકે નહીં. ભીષ્મ આદિ સૌ જીવો છે અને શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમનો અવતાર છે, પુરુષોત્તમ પોતે જ છે.

૪. અવતારના આગમન કે પ્રાગટ્ય પહેલાં તેમનાં માતાપિતા અને અન્ય કુટુંબીજનો તથા ભક્તજનોને અવતારના પ્રાગટ્યના સંકેતો મળતા હોય છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીચૈતન્ય મહાપ્રભુ, શ્રીરામકૃષ્ણ આદિ અવતારોના જન્મ-વખતની અને જન્મપૂર્વેની ઘટનાઓનો અભ્યાસ કરતાં આ લક્ષણ સ્પષ્ટ થાય છે.

૫. અવતારમાં અસાધારણ શક્તિઓ હોય છે. સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા, પૂર્ણ સ્વતંત્રતા આદિ વિશિષ્ટ શક્તિઓ અવતારને સહજ-પ્રાપ્ત હોય છે. અવતારની આ અસાધારણ વિશિષ્ટ શક્તિઓ સાધનાને પરિણામે મળેલી સિદ્ધિઓ નથી. અવતાર તો સ્વરૂપતઃ સર્વશક્તિમાન છે, તેથી અવતારની વિશિષ્ટ શક્તિઓ તેમને સહજ-પ્રાપ્ત છે. સિદ્ધપુરુષોને સિદ્ધિઓ સાધનાને પરિણામે મળે છે અને તેમની આ સિદ્ધિઓ કે શક્તિઓ ખૂટી પણ જાય છે, પરંતુ અવતારની શક્તિઓ તો તેમની સ્વરૂપગત શક્તિઓ છે, તેથી અનંત, શાશ્વત અને અખૂટ હોય છે.

૬. અવતાર પોતાની ભગવત્તા પર પડદો નાખીને રહે છે, તેથી અવતારની હયાતીમાં બહુ ઓછા સદ્‌ભાગી માનવો તેને સમજી-સ્વીકારી શકે છે. અવતારના અંતર્ધાન થયા પછી તેનો સર્વત્ર સ્વીકાર થવા માંડે છે, તેના નામનો જયજયકાર થાય છે.

૭. અવતાર હંમેશાં સમાજનાં પ્રચલિત નીતિનિયમો પ્રમાણે જ વર્તે તેવું નથી. અવતાર પોતાની દિવ્ય ચેતનામાં જીવે છે, જે પરમ નૈતિક છે. નીતિના નિયમો ભગવાનનાં ચરણોમાંથી નીકળે છે. અવતાર નીતિને આધીન નથી, પણ નીતિનો અધિપતિ છે. અવતારનો વ્યવહાર કોઈ વાર સમાજનાં પ્રચલિત નીતિનિયમોથી ભિન્ન હોય છે. અવતાર પરમ ચેતનાને અનુસરે છે, સમાજનાં ધારાધોરણોથી ક્યારેક ભિન્ન વ્યવહાર પણ કરી શકે છે અને તેવો વ્યવહાર કરે પણ છે. ભીષ્મ પ્રતિજ્ઞા છોડી શકતા નથી, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિજ્ઞા છોડી શકે છે.

૮. અવતારની ચેતના અને લીલાના ઊંડાણને કોઈ માપી શકે નહીં. અવતારના સ્વરૂપને પૂર્ણતઃ કોઈ પામી શકે નહીં. અવતારનું સ્વરૂપ અને તેનું તત્ત્વ અગાધ છે.

૯. અવતાર ભક્તવત્સલ હોય છે, પ્રેમી હોય છે અને શરણાગતરક્ષક પણ હોય છે. અવતાર કૃપાળુ હોય છે. અવતાર પોતાના ભક્તો અને સમગ્ર જીવસૃષ્ટિ પર કૃપા કરીને જ અને કૃપા કરવા જ અહીં અવતરે છે.

૧૦. જીવને સારાંનરસાં કર્મો, સંસ્કારો, પાપ-પુણ્ય, પ્રારબ્ધ, ઋણાનુબંધ આદિ હોય છે. જીવની ગતિમાં આ પરિબળો પણ ભાગ ભજવે છે. અવતાર સ્વરૂપતઃ જ નિત્યમુક્ત છે, તેથી આ પ્રકારનાં કોઈ પરિબળોનું કોઈ બંધન તેના પર સહેજ પણ નથી. અવતાર સ્વતંત્ર છે.

૧૧. જેમ જીવને જન્મજન્માન્તરની પ્રક્રિયા હોય છે, તેમ ભગવદતવારને પણ જન્માંતર હોય છે. નર-નારાયણ અર્જુન-શ્રીકૃષ્ણ-રૂપે આવ્યા તેવો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. શ્રીકૃષ્ણે શ્રીચૈતન્ય મહાપ્રભુરૂપે અવતાર ધારણ કર્યો. આમ અવતારમાં પણ જન્મજન્માંતરની ધારા જોવા મળે છે. આમ છતાં જીવ અને ભગવદવતારની જન્માંતરની ઘટના ભિન્નભિન્ન હોય છે. જીવની જેમ અવતારનો જન્મ પ્રારબ્ધાધીન અને અજ્ઞાનજન્ય હોતો નથી.

૧૨. અવતાર આ ધરતી પર આવે ત્યારે તે પોતાની અભિન્ન શક્તિ અને પરિકરોને પણ સાથે લાવે છે.

૧૩. અવતારની ભાગવત ચેતના સંપૂર્ણ પરિશુદ્ધ હોય છે, છતાં અવતાર સંતપુરુષની જેમ જ વર્તે તેવું નથી. અવતાર યોદ્ધો કે રાજકુમાર પણ હોઈ શકે છે.

૪. અવતારના હેતુ :

ભગવાનનું અવતરણ તો ભગવાનની લીલા છે અને લીલાને કોઈ હેતુ ન હોય. નિર્હેતુકતા જ લીલાનું સ્વરૂપલક્ષણ છે. આ દૃષ્ટિથી અવતારના હેતુની વિચારણા નિરર્થક છે. આમ છતાં આપણે આપણી માનવદૃષ્ટિથી અવતારને સમજવા પ્રયત્ન કરીએ છીએ, તેથી અવતાર દ્વારા શું સિદ્ધ થાય છે તે દૃષ્ટિ સમક્ષ રાખીને અવતારના હેતુને સમજવાનો પ્રયત્ન કરીએ.

૧. પોતાના ભક્તો સાથે પ્રેમનું આસ્વાદન કરવા માટે ભગવાન અહીં અવતારરૂપે આવે છે. આ પ્રેમ પણ નિર્હેતુક છે, તેથી જ ભગવાનના પ્રેમાસ્વાદનને ભગવાનની પ્રેમલીલા કહેવામાં આવે છે. ભગવાન ભક્તો સાથે પ્રેમનું આદાનપ્રદાન કરે છે. આ ભગવાનની આનંદલીલા છે. ભગવાન પ્રેમસ્વરૂપ છે. ભગવાન પ્રેમની ભિન્નભિન્ન લીલાઓનો આનંદ માણે છે. અવતારલીલામાં એ પ્રેમલીલાઓ પણ હોય છે.

૨. માનવજાતની ચેતનામાં કોઈ મહાન પરિવર્તન કરવાનું હોય, તેને વિકાસની નવી દિશા આપવાની હોય ત્યારે તે કાર્ય માટે પરમાત્મા આવે છે.

‘धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे’

गीता : ४-८

‘ધર્મની સંસ્થાપના માટે હું યુગેયુગે જન્મ ધારણ કરું છું.’

માનવચેતનાની વિકાસયાત્રામાં એક નવું સોપાન ઉમેરવા માટે અથવા કોઈ અણીના પ્રસંગે માનવજાતિને બચાવીને તેને કોઈ માર્ગ ચીંધવા માટે અવતાર આવે છે. અવતારનાં બહિરંગ કાર્યો કરતાં અવતાર આવીને માનવચેતનામાં જે તત્ત્વની સ્થાપના કરે છે તે વિશેષ મૂલ્યવાન છે. (ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ભજ મન ઉમાપતિ અવિનાશી...



ભગવાન સદાશિવ એટલે આદિ પુરુષ, આદ્ય ગુરુ, અલખ, અવધૂત, મહાદેવ ભોળાનાથ શંભુ. સિદ્ધયોગી, ભૂતોના અધિપતિ કલ્યાણકારી દેવતા. મહાપંથ કે નાથપંથના મૂળ પુરુષ. ગણપતિ અને કાર્તિકેયના પિતા. ઉમૈયા-પાર્વતીના પતિ. સંગીત-નૃત્ય અને નાટ્યના આદિ દેવ નટરાજ શિવ. શિવજી એટલે સમન્વયના દેવતા. કેવું છું એનું સ્વરૂપ ? નિરંજન નિરાકાર અને છતાં સગુણ-સાકાર.

ભગવાન સદાશિવની કૃપા દૃષ્ટિ દેવો અને દાનવો ઉપર સરખી જ હોય. વેરાગી ને કઠોર તપસ્વી છતાં પ્રસન્ન દામ્પત્યના દેવતા. એને ચંદનનો લેપ થાય ને સ્મશાનની ભસ્મ પણ ચડે. સુગંધિત પૂષ્પ સાથે ધતુરા કે કરેણનાં ઝેરી ફૂલ. માથા ઉપર શીતળતા આપનારો ચન્દ્ર ને ગળામાં વિષધર સર્પ. જટામાં પતિત પાવની ગંગા તો કંઠમાં હલાહલ વિષ. એનું વાહન નંદી તો ઉમૈયાનું વાહન સિંહ, ગણપતિનું વાહન ઉંદર તો કાર્તિકેયનું મયુર. જેને ત્રણ નેત્ર, ત્રિશુળનું આયુધ, ત્રણ પાનનું બિલ્લીપત્ર ચડે.

શિવ તત્ત્વને ઓળખાવવા એનાં અનેક સ્વરૂપો લક્ષણોની ચર્ચા ઋષિમુનિઓ અને સંત-ભક્તોએ પોતપોતાની રીતે કરી છે. શિવને આદિપુરુષ, આદ્યગુરૂ, સિદ્ધયોગી, આદિનાથ, ભૂતનાથ, અલખપુરુષ, આદ્યનિજારી અવધૂત કે આદ્ય ધર્મ પ્રવર્તક તરીકે ઓળખાવીને એનો મહિમા ગવાયો છે. ગણપતિના પિતા, ઉમૈયાના ગુરૂ. મહાપંથના અને નાથપંથના મૂળપુરુષ શક્તિ કે જોગણીના પતિ એવા 'જતિ' યોગી તપ અને યોગથી રીઝે છે. શિવ સંગીતના પણ આદ્ય પ્રણેતા મનાય છે. આ બધાં સ્વરૂપો પ્રાપ્ત થાય છે. આપણા લોકસંતોની ભજનવાણીમાંથી.

*ભજ મન ઉમાપતિ અવિનાશી ,*
*જનમ મરણ દુઃખ દૂર નિવારણ, કાટત ભવકી ફાંસી...*
*-ભજ મન ઉમાપતિ અવિનાશી ...૦*
*ભુજંગ ભૂત રક્ષણ ત્રિપુરારી, કાશીપતિ કૈલાસી ,*
*ભક્ત વત્સલ ભવસિંધુ કે તારન, સબ ઘટ ઘટકે વાસી...*
*-ભજ મન ઉમાપતિ અવિનાશી ...૦*
*અજર અમરશિવ નાથ નિરંજન, સંતન કે સુખરાશિ,*
*ચં લલાટ શિર ગંગા સોહત, નયન હે તીન પ્રકાશી...*
*-ભજ મન ઉમાપતિ અવિનાશી ...૦*
*સદા પ્રસન વદન સુખ સીમા, અરધંગા ગૌરાસી ,*
*નંદી પર નિરવાણી સોહત, સુમરણ તે અઘનાશી...*
*-ભજ મન ઉમાપતિ અવિનાશી ...૦*
*દીનાનાથ દયા કર સિંધુ, આરત બધત હુલાસી,*
*ભરથ મોડ ગુરુ, દાસ રવિકે, મમ ઉર રહો પ્રભુ વાસી...*
*-ભજ મન ઉમાપતિ અવિનાશી ...૦*

અધ્યાત્મ, એક ગૂઢ-ગહન તત્ત્વની ખોજ તરીકે, સમસ્ત માનવ જાતનો સનાતન વિષય બની રહ્યું છે. સમસ્ત વિશ્વનું સંચાલન કોઈ પરમ તત્ત્વ દ્વારા થઈ રહ્યું છે એને ચરણે પોતાનું જ્ઞાન, પોતાની સમજણ, પોતાની શ્રદ્ધા અને ભક્તિ અર્પવાની ભાવના છેક વેદમંત્રોથી માંડીને નિરક્ષર લોકસંતોની ભજનવાણી સુધી અવિરતપણે ચાલી આવી છે, જળવાતી આવી છે. શબ્દબ્રહ્મની ઉપાસના દ્વારા પરબ્રહ્મને પ્રાપ્ત કરવાની ઝંખના આપણે ત્યાં નવી નથી.

કોઈ ભજે છે સગુણ-સાકાર સ્વરૂપને, તો કોઈ ઉપાસે છે નિરંજન નિરાકાર નિર્ગુણ જ્યોતિસ્વરૂપને. સમગ્ર બ્રહ્માંડના સર્જક-પાલક-પોષક અને સંહારક એવા બ્રહ્મતત્ત્વનો તાગ કોઈ નથી લઈ શક્યું તેથી જ તેને અનિર્વચનીય જેવા અનેક નકારાત્મક નામોથી ઓળખવામાં આવ્યું છે. જગતની સંપૂર્ણ જીવસૃષ્ટિના મૂળ ઉત્પનકર્તા તરીકે હિન્દુ તંત્રોમાં પરમચેતના, પરબ્રહ્મ કે પરશિવ નામે ઓળખાતા આ બ્રહ્મતત્ત્વને બૌદ્ધતાંત્રિકો પ્રજ્ઞા અને ઉપાય તરીકે ઓળખાવે છે. શિવ અને શક્તિ દ્વારા આદમ અને હવા દ્વારા સકળ સંસારનું સર્જન શક્ય બન્યું એને કોઈક ઓળખાવે છે પુરુષ અને પ્રકૃતિ તરીકે. જે ગુહ્ય યોગસાધનામાં સ્ત્રીપુરુષના સાયુજયની વાત કરે છે.

આપણા હિન્દુ ધર્મની તત્ત્વચિંતન પ્રણાલી પ્રમાણે આદ્યદેવ આદ્યપુરુષ-કલ્યાણકારી મહાદેવ સદાશિવ અને આદ્ય શક્તિ ભવાની ઉમૈયા દ્વારા સૃષ્ટિની સ્થાપના થઈ. ત્યારથી આજ સુધી અનેકવિધ સ્વરૂપે તેની પૂજા-ઉપાસના થતી આવી છે. શિવતત્ત્વને ઓળખાવવા એનાં અનેક સ્વરૂપો-લક્ષણોની ચર્ચા ઋષિમુનિઓ અને સંત-ભક્તોએ પોતપોતાની રીતે કરી છે. શિવને આદિપુરૂષ, આદ્યગુરુ, સિદ્ધયોગી, આદિનાથ, ભૂતનાથ, અલખપુરુષ, આદ્યનિજારી, અવધૂત કે આદ્ય ધર્મપ્રવર્તક તરીકે ઓળખાવીને એનો મહિમા ગવાયો છે. ગણપતિના પિતા, ઉમિયાના ગુરુ, મહાપંથના અને નાથપંથના મૂળપુરુષ, શક્તિ કે જોગણીના પતિ એવા 'જતિ' યોગી તપ અને યોગથી રીઝે છે. શિવ સંગીતના પણ આદ્ય પ્રણેતા મનાય છે.


શંકર મહાદેવ દેવ, સેવક સબ જાકે ; સેવક સબ જાકે લાલ, નોકર હમ વાકે...

*લટપટ લપટ જાત બાલ, ઓઢત તન જરત ખાલ;*
*રુંઢમાલ ચંદ્ર ભાલ, દ્રગ બિશાલ જાકે...*
*ભસ્મી અંગ શિષ ગંગ, બાહન અતિ બલ પ્રચંડ;*
*ગિરિજા અર ધંગ સંગ, રુંઢમાલ જાકે...*
*ડમરુ ઉપર ધ્યાન ધરત, દાનવકુલ પ્રાન હરત ;*
*અસે પ્રભુ ભેખ ધરન, નીલકંઠ જાકે...*
*પાવત નહિ પાર શેષ, ધ્યાવત સુરીમુનિ નરેશ;*
*નારદ મુનિ ધ્યાન ધરત, બ્રહ્માદિક જાકે...*
*તાનસેન અતિ અનૂપ, નિરખત શંકરકો રૂપ;*
*બારું કોટિક ભૂપ, ચરનન પર જાકે...* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# દરિયાદિલ



ગત અંકમાં અચપલતાને દૈવી ગુણોમાં સ્થાન આપીને હવે ભગવાન કૃષ્ણ મૃદુતાને સમજાવી રહ્યા છે. ગીતાએ જાણે જીવપ્રાણીમાત્ર માટે કરુણાની ગંગા રેલાવી છે. આ ગુણ હૃદયની વિશાળતાને બતાવે છે.

હૃદયની વિશાળતા દરિયા જેવી હોય એવા માણસનો આ જગતમાં કોઈ શત્રુ હોતો નથી. દયાનું અખૂટ ઝરણું વહેવડાવનાર માણસ જ્યારે જ્યારે કોઈ દુખિયારાને જુએ છે ત્યારે તેનું હૃદય દ્રવી ઊઠે છે. પછી તે પોતાનું સર્વસ્વ લુંટાવીને પણ તેને દુઃખમુક્ત કરવા પ્રયત્ન કરે છે.

દરિયાદિલ અને કરુણામય વ્યક્તિમાં કરુણાની, સહાનુભૂતિની અને નિષ્ઠાની વિશેષતાઓનો ભંડાર હોય છે. તેઓ પોતાના શીલ અને માનસિક શાંતિ દ્વારા સમાજમાં સકારાત્મક ફેરફાર લાવી શકે છે. તે અન્ય લોકોના દુખ-દર્દ અને સમસ્યાઓને સાચી રીતે સમજે છે. અન્ય લોકોના સંજોગોને પોતાના દૃષ્ટિકોણથી નહીં, પણ તેમનાં પરિસ્થિતિઓને ધ્યાને રાખીને જુએ છે. આવા વ્યક્તિત્વથી જ સમતા, સહાનુભૂતિ અને સંવેદનશીલતા જેવા શબ્દોને વાચા ફૂટે છે.

આવા મહાપુરુષોનું જીવન નિઃસ્વાર્થભાવનું અખંડ ઝરણું હોય છે. તે પોતાના ફાયદા માટે નહીં, પરંતુ અન્ય લોકોના હિત માટે કાર્ય કરે છે. કોઈપણ પ્રતિકાર અથવા અપેક્ષા વિના મદદ કરવાનું તેના જીવનનો મૂળમંત્ર હોય છે. પોતાના શ્રમ, સમય અને સંપત્તિનો ઉપયોગ અન્ય લોકોની મદદ માટે કરીને તેઓ સમાજને સદા મદદરૂપ બને છે.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે દરિયાદિલ વ્યક્તિ ભેદભાવની દીવાલો તોડી શાંતિ અને એકતા લાવવા માટે કટિબદ્ધ હોય છે. તે સ્નેહપૂર્વક દરેકના દર્દ સાંભળે છે અને સમાજમાં સાર્થક પરિવર્તન લાવે છે. તેમના મીઠાં શબ્દો અને પ્રેરણાદાયક વર્તન અસહાયને આશાવાન બનાવે છે અને નબળાં લોકોને મજબૂત બનાવે છે.

તેઓની દયાળુતાની આચારપત્રિકા માત્ર સાબિત કરે છે કે માનવતાનું મૂલ્ય શિલ્પરૂપે ક્યાંય સુધી ઊંચું જઈ શકે છે. તેઓનાં જીવનમૂલ્યો દુનિયાને વધુ કરુણામય અને સુખદ બનાવવામાં પોતાનું યોગદાન આપવા બધાને પ્રેરિત કરે છે. પરંતુ જે સ્વાર્થી હોય એ જ અંગત સુખમાં રાચે છે, તે અન્યોને અડચરણરૂપ બનતાં અચકાતો નથી. સામાનું સુખ છીનવીને પણ તે પોતાનું સુખ પ્રાપ્ત કરવા મથે છે. તેનું સકુચિત હૃદય તેને ઉદાર થતાં રોકે છે.

સર્વ જનોમાં, સર્વ પ્રાણીઓમાં આપણને મંગલભવનું દર્શન થતું રહે છે, પરિણામે તેમનું સુખ તે આપણું સુખ તેમનું દુઃખ તે આપણું દુઃખ એવી ભાવના પેદા થાય છે. સંતોની આજીવન ભાવના હોય છે. પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ હંમેશાં કહે છે, 'બીજાના ભલામાં આપણું ભલું, બીજાના સુખમાં આપણું સુખ.' હૃદય પ્રેમથી છલકાતું હોય ત્યારે માણસ સર્વોચ્ચ અનુભૂતિ કરે છે અને જે જે લોકો એના સંપર્કમાં આવે તે તે લોકોને પ્રેમ કરીને વશ કરી લે છે. પ્રેમનું બંધન એટલું મજબૂત હોય છે કે તે કદીય તૂટતું નથી.

એકવાર હૃદયનો પ્રેમ થઈ જાય એટલે સામા પાત્રની મર્યાદાઓ ક્યારેય નડતી નથી. સામું પાત્ર જેવું હોય તેવું સંપૂર્ણપણે સ્વીકારી લેવાની તૈયારી હોય ત્યારે પ્રેમ પાંગરતો રહે છે. હૃદયમાં સૌ માટે પ્રેમનું અમી ઝરણું ફૂટે ત્યારે દિલ દરિયાની શ્રેણીમાં આવે. આ હૈયાનાં અમૃતને વહાવતા મહાપુરુષો ક્યારેય કોઈના અહિતનો વિચાર નથી કરતા. એમના હૃદયના બધા જ રત્નોને તેઓ બીજા માટે ન્યોછાવર કરી દેતા હોય છે.

તા. ૩/૪/૨૦૦૫ના રોજ એક ભાઈ એના બાળકને લઈને સારંગપુર આવેલા. બાળકના શરીરે હોઝકીન્સ નામનું કેંસર હતું. એને કારણે આખા શરીરમાં ત્રણથી ચાર હજાર જેટલી નાની મોટી ગાંઠો ફૂટી નીકળેલી. પિતાને એમ કે મારા દીકરાને પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ મળે તો સારું થાય. તેઓએ વ્યવસ્થાપકોને વાત કરી. પિતાએ વાત કરી કે 'બાળકની સ્થિતિ જોતાં તેને સ્વામીશ્રીના રૂમમાં ન લઈ જવાય. એટલે અહીં તમે બાપાના પ્રસાદીનાં પુષ્પો લઈ આવો.' વ્યવસ્થાપકોએ સ્વામીશ્રીને આ વાત કરી. સ્વામીશ્રી કહે, 'તેને રૂમમાં લઈ આવો.' 'પરંતુ...' વ્યવસ્થાપકોએ તેના ચેપી રોગની વાત કરી. સ્વામીશ્રીએ કહ્યું, 'બાળકને રૂમના દરવાજા સુધી તો લઈ આવો, આપણે એની ઉપર પ્રસાદીનું જળ છાટીએ, જેથી તેનું દુઃખ દૂર થાય. કલ્યાણ થાય.' બાળકને લાવવાવામાં આવ્યો. સ્વામીશ્રીએ મંત્રોચ્ચાર કરીને તેને ભગવાનનો આશ્રય કરાવ્યો. પ્રસાદીનું જળ છાટ્યું અને બોલ્યા, 'તું ભગવાનને યાદ કરજે, વધુ દુઃખ નહીં પડે.' અલૌકિક ભટ્ટ નામનો આ કેન્સર પીડિત બાળક સ્વામીશ્રીની દરિયાદિલીથી ભીંજાઈ રહ્યો.

તો ચાલો આપણે પણ સત્પુરુષની આ હૃદયભાવનાને આત્મસાત્ કરીએ. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

## કોમી એકતાના પ્રતીકઃ ચોમાસાથી દિવાળી સુધી ઉત્સવોની વણઝાર

આપણો ભારત દેશ વિવિધ ધર્મો, સંપ્રદાયો અને એમાં બોલાતી અનેક ભાષાઓના ગુલદસ્તા સમાન દેશ છે. દુનિયામાં આ એક જ દેશ છે જ્યાં સૌ સમાન ધોરણે રહે છે. ભાઈચારાના દેશ તરીકે ખ્યાતિ પામ્યો છે.

- આપણા ઉત્સવો આનંદ, ઉલ્લાસ ઉપરાંત કોમી એકતાના પ્રતીક સમા છે.

- સૌ સાથે બેસીને આનંદ પ્રમોદ કરે, પ્રેમથી વાતો કરે, નાચે, ગાય, મોજ માણે એ માટે ઉત્સવો અનિવાર્ય છે. તેમાંય ધાર્મિક ઉત્સવો તો તદ્દન સહેલાઈથી પ્રજાને સંગઠિત કરે છે.

- આપણા પ્રાચીન કાળના આચાર્યો, ધર્મ ગુરુઓએ એ જ કારણથી ઉત્સવોને આગવું મહત્ત્વ આપ્યું.

- હિન્દુસ્તાનમાં તમે કોઈ પણ ધર્મ કે જાતિના કેલેન્ડર પર નજર નાખી જુઓ, વર્ષના ૩૬૫ દિવસ કોઈને કોઈ ઉત્સવ નજરે પડશે.

- તેમાંય ભારત તો ખેતીપ્રધાન દેશ છે.

* ખેતર ખેડવાનો ઉત્સવ,
* બી વાવવાનો ઉત્સવ,
* પાક લણવાનો ઉત્સવ... આમ સતત ઉત્સવો ચાલ્યા કરે.

ખેતીપ્રધાન દેશ અને ખેતી વરસાદ પર આધારિત એટલે ચોમાસાની શરૂઆતથી ઉત્સવોનો આરંભ થઈ જાય છે. આષાઢ માસથી શરૂ થઈને આસોના અંત એટલે કે દિવાળી સુધી એક પછી એક અને એકમેકથી ચઢિયાતા ઉત્સવોની વણઝાર શરૂ થઈ જાય છે.




વરુણને પાણીનો દેવ કહે છે. આષાઢ મહિનામાં વરસાદ આવે એ પહેલાંથી દરિયો ગાંડો થઈ જાય છે. પહાડ જેવાં મોજાં ઉછળવા માંડે અને ચોમેર પછડાય. એવા દરિયાથી તેના સંતાન સમા માછીઓ તથા દરિયાખેડૂઓ દૂર રહે. આમ વરસાદમાં આઠ મહિના ઘરથી દૂર રહેતા દરિયાખેડૂ ઘરે આવે એટલે તેમના ઘરમાં આનંદ ઓચ્છવની હેલી વરસે. બીજી બાજુ અગાઉ કહ્યું તેમ આષાઢ અને વરસાદના આગમન સાથે ખેડૂતો આનંદમાં આવી જાય. ગઈકાલ સુધી સૂકી ભઠ્ઠ અને તપી ગયેલી ધરતી પર વરસાદના આગમન સાથે લીલો ગાલીચો પથરાઈ જાય. નવા ફળફૂલનું આગમન થાય. નવું અનાજ ઊગે.

આષાઢ મહિનો શરૂ થવા સાથે કચ્છી નવું વર્ષ આવે. આષાઢી બીજ એટલે કચ્છી નવું નર્ષ. દુનિયાભરમાં વસી ગયેલા અને કાંડાના કૌવતથી પરસેવાનો પૈસો કમાતા કચ્છી માડુના નવા વર્ષથી ચાર ચાર મહિનાના ઉત્સવોનો આરંભ થાય.

એ પછી આવે આષાઢી એકાદશી. આખા ભારતમાં ખાસ કરીને બે નદીઓ મળતી હોય એવાં સ્થળોએ આષાઢી એકાદશીનો મહિમા નિરાળો છે. મહારાષ્ટ્રમાં નાશિક, ત્ર્યંબકેશ્વરથી માંડીને છેક પંઢરપુર સુધી ક્યાંય પણ જાઓ; નદીમાં સ્નાન કરવા લાખો લોકો ઊમટતા નજરે પડશે. પંઢરપુરની મૂળ વસતિ માંડ લાખ-દોઢ લાખની છે, પરંતુ આષાઢી એકાદશીએ ત્યાં એક દિવસમાં પંદરથી વીસ લાખ લોકો ચંદ્રભાગા નદીમાં સ્નાન કરવા ઊમટે છે. આ સ્થાન અને વિઠ્ઠલ રુકમાઈના દર્શનનો મહિમા વિશિષ્ટ છે. આ વિઠ્ઠલની કથા પણ સરસ છેઃ

પોતાના બીમાર અને અપંગ મા-બાપની સેવા કરતાં પુંડરિક નામના ભક્ત ભગવાનનું સ્મરણ કરતા હતા. એની માબાપની સેવા તથા ભક્તિ જોઈ ખુદ ભગવાન સામે ચાલીને એને દર્શન આપવા આવ્યા. પુંડરિક ત્યારે પોતાના માબાપના મળમૂત્ર સાફ કરી રહ્યો હતો. ભગવાને એને બૂમ પાડી ત્યારે પુંડરિક પાસે પડેલી ઈંટ ફેંકી અને કહ્યું કે જરાવાર આના પર ઊભા રહો. હું માબાપની સેવામાં છું. ભગવાન વિષ્ણુ ઈંટ પર ઊભા રહ્યા. નાનકડી ઈંટ પર શરીર સમતુલા જાળવવા તેમણે કમર પર હાથ મૂક્યા. મરાઠીમાં ઈંટને વિટ કહે છે. વિટા પર ઊભા તે વિઠોબા. આમ તે દિવસથી પંઢરપુરના વિઠોબા ભક્તને આંગણે ઈંટ પર ઊભા છે. ગામમાં થઈને ચંદ્રભાગા નદી વહે છે, ત્યાં લોકો સ્નાન કરે છે.

એ પછી આવે છે ગુરુ (આષાઢી) પૂનમ. ભારતમાં ગુરુનું મહત્ત્વ ભગવાન કરતાં પણ ઊંચેરું છે. ગુરુ પૂનમને દિવસે દેશના તમામ ધર્મસ્થળોમાં ગુરુની પૂજા થાય છે.

લગભગ આજ દિવસોમાં કુમારિકાના દિવાસાનું વ્રત શરૂ થાય છે. ઘઉંના જવારા ઉગાડીને કુમારિકાઓ પોતાના પરિવારનું કલ્યાણ વાંછતી પૂજા અને ઉપવાસ કરે છે. રાતભર ગીતો-ગરબા ગાઈને જાગરણ કરે છે. આમ આષાઢ માસથી સાત્ત્વિક ઉત્સવોનો શુભારંભ થાય છે. (ક્રમશ)■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

## વિજ્ઞાનને પણ ધર્મના વિશેષ જ્ઞાનનો પરચો મળી રહ્યો છે!

ભારતીય ગ્રંથોમાં શરીરની અંદર પ્રાણ સંસ્થાના અસ્તિત્વનું જ નહીં, પરંતુ તેના ગુણો, ગુણધર્મો, પ્રવૃત્તિઓ, અસરો વગેરેનું પણ વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. આ માન્યતાને લાંબા સમય સુધી સ્થૂળ વિજ્ઞાન દ્વારા નકારી કાઢવામાં આવી હતી, પરંતુ જેમ જેમ શરીરવિજ્ઞાનનું જ્ઞાન વધતું ગયું તેમ તેમ જીવન પ્રણાલીના અસ્તિત્વને એક ચોક્કસ હકીકત તરીકે સ્વીકારવામાં આવવા લાગ્યું. અથવા તો એમ કહીએ કે હવે વિજ્ઞાનને પણ ધર્મના વિશેષ જ્ઞાનનો પરચો મળી રહ્યો છે! આ સૂક્ષ્મ અસ્તિત્વના ઘણા પુરાવા હવે ભૌતિકશાસ્ત્રના સ્થૂળ સાધનો મારફતે પણ સમજમાં આવવા લાગ્યા છે. ગાયત્રી પરિવાર દ્વારા થતી ગાયત્રી સાધનામાં તેના વિશે બહુ ઊંડાણપૂર્વક, પણ એકદમ સાદી ભાષામાં સમજ અપાય છે. આપણે તેના વિશે ટૂંકમાં જાણીએ જેથી ધર્મમાં રહેલી વૈજ્ઞાનિકતાને આપણે પણ સમજી શકીએ.



ખગોળશાસ્ત્રમાં તો એ સ્વીકાર્ય બન્યું જ છે કે ગ્રહો - નક્ષત્રોની જે દુનિયા આપણા ઋષિ-મુનિઓએ હજારો વર્ષો પહેલા કોઈ ઉપકરણ વગર પણ બતાવી હતી તે આબેહૂબ સત્ય છે. પરંતુ વિજ્ઞાન પુરાવા માગે છે, ધર્મ શ્રદ્ધા માગે છે. આપણે ઋષિ-મુનિઓ પરની શ્રદ્ધાને તિલાંજલિ આપીને ઉપકરણો ઉપર ભરોસો કરનારી પ્રજા બન્યા છીએ. ખેર, મૂળ વાત એ છે કે પ્રાણ જેવું કોઈ સૂક્ષ્મ તત્ત્વ છે તે વિજ્ઞાનની સમજમાં કેવી રીતે આવી રહ્યું છે?

રશિયન ઇલેક્ટ્રોનિક વૈજ્ઞાનિક એમીન કિર્લિયાને એક એવી ફોટોગ્રાફીની શોધ કરી છે જે માનવ શરીરની આસપાસ થતી વિદ્યુત ગતિવિધિઓને પણ કેદ કરે છે. આ પરથી એવું લાગે છે કે સ્થૂળ શરીરની સાથે, એક સૂક્ષ્મ શરીર પણ અસ્તિત્વમાં છે અને તે એવા પદાર્થોથી બનેલું છે જે ઇલેક્ટ્રોનથી બનેલા ઘન પદાર્થ કરતા અલગ સ્તરના છે અને વધુ ગતિશીલ પણ છે.

ઇંગ્લેન્ડના ડૉ. કિલનર એક વાર હૉસ્પિટલમાં દર્દીઓની તપાસ કરી રહ્યા હતા. એક મરણોન્મુખ દર્દીની તપાસ કરતી વખતે, તેમણે જોયું કે તેમના માઇક્રોસ્કોપના કાચ પર વિચિત્ર રંગના પ્રકાશ કણો એકઠા થયા હતા, જે પહેલાં ક્યારેય જોવા મળ્યા નહોતા. બીજા દિવસે, તે જ દર્દીના કપડાં કાઢ્યા પછી તેની તપાસ કરતી વખતે, ડૉ. કિલનર ફરીથી ચોંકી ગયા જ્યારે તેમણે જોયું કે ગઈકાલે તેમણે જે પ્રકાશ જોયો હતો તે હવે માઇક્રોસ્કોપ કાચની સામે તરંગોના રૂપમાં ઉડતો હતો. આ પ્રકાશ દર્દીના શરીરની આસપાસ છ થી સાત ઇંચની ત્રિજ્યામાં ફેલાયેલો હતો. તેમાં ઘણા દુર્લભ રાસાયણિક તત્ત્વોના પ્રકાશ કણો પણ હતા. તેમણે જોયું કે જ્યારે પ્રકાશ ઝાંખો થતો હતો, ત્યારે તેમના શરીર અને નાડીના ધબકારા ધીમા પડી જતા હતા. થોડી વાર પછી અચાનક પ્રકાશનો કિરણ ગાયબ થઈ ગયો. આ વખતે જ્યારે તેમણે તેની નાડીને સ્પર્શ કર્યો, ત્યારે જોયું કે તે મૃત્યુ પામ્યો છે. આ ઘટનાને ઘણા અખબારો અને સામયિકોમાં પ્રકાશિત કરવાની સાથે, ડૉ. કિલનરે પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો કે જે પદાર્થમાં જીવનના મૂળભૂત ગુણધર્મો હાજર છે તે પદાર્થની પહેલા એક અતિ સૂક્ષ્મ સત્તા છે. જેનો નાશ થવો સંભવ નથી.

આ સંદર્ભમાં, ફોનોગ્રાફ અને લાઇટ બલ્બના શોધક થોમસ એડિસને આ વિષય પર ખૂબ જ સરળ ભાષામાં પ્રકાશ પાડ્યો છે, 'જીવંત પ્રાણીનું અસ્તિત્વ ઉચ્ચ-સ્તરીય વિદ્યુત કણોના સમૂહના રૂપમાં ત્યારે પણ અસ્તિત્વમાં રહે છે, જ્યારે તે શરીરથી અલગ થઈ જાય.' શરીરવિજ્ઞાનમાં, કોસ્મિક વીજળી પર ઘણું સંશોધન થઈ રહ્યું છે. શરીરના કેટલાક કેન્દ્રોને વીજળી ઉત્પાદકો તરીકે કોઈ શંકા વિના સ્વીકારવામાં આવ્યા છે. તેમાંના મુખ્ય મગજ, હૃદય અને આંખો છે. મગજમાં વિદ્યુત ઉત્પાદન કેન્દ્રને રેટિક્યુલર એક્ટીવેટિંગ સિસ્ટમ તરીકે ઓળખાય છે. મગજના મધ્ય ભાગમાં ઊંડાણમાં વિદ્યુત આવેગ ઉત્પન્ન થતા રહે છે અને સમગ્ર મગજમાં ફેલાતા રહે છે. મગજના વિદ્યુત પ્રવાહોને તબીબી વિજ્ઞાનમાં ઉપયોગમાં લેવાતા ઇલેક્ટ્રોએન્સેફાલોગ્રાફ (ઈઈજી) દ્વારા માપવામાં આવે છે.

હૃદયને ચલાવવા માટે લગભગ ૧૦ વોટ વીજળીની જરૂર પડે છે. આ વીજળી હૃદયમાં જ ઉત્પન્ન થાય છે. હૃદયમાં જે વિસ્તાર પર વિદ્યુત આવેગ ઉત્પન્ન થાય છે તેને 'પેસ મેકર' કહેવામાં આવે છે. આ વિદ્યુત આવેગ ઉત્પન્ન થતાંની સાથે જ, તે લગભગ ૦.૮ સેકન્ડમાં પરિપક્વ માનવીના હૃદયમાં ફેલાય છે. આ સમય દરમિયાન, હૃદય એક ધબકારો પૂર્ણ કરે છે. આ વિદ્યુત ધબકારા હૃદયના ધબકારાના કારણ અને નિયંત્રક છે. આ વિદ્યુત ધબકારાની અસર ઈસીજી (ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રાફ) નામના ઉપકરણ પર રેકોર્ડ કરવામાં આવે છે.

વૈજ્ઞાનિકોના મતે, આંખોમાં પણ ફોટોઇલેક્ટ્રિક કોષો જેવી જ એક સિસ્ટમ હોય છે. ફોટોઇલેક્ટ્રિક કોષોની વિશેષતા એ છે કે તેઓ પ્રકાશને વિદ્યુત તરંગોમાં રૂપાંતરિત કરે છે. વૈજ્ઞાનિકો આ સિસ્ટમ દ્વારા આંખોમાં વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા સ્વીકારે છે. આંખના રોગોના નિદાન અને વર્ગીકરણ માટે, આંખોમાં ઉત્પન્ન થતા વિદ્યુત ધબકારા ઇઆરજી (ઈલેક્ટ્રો રેટિનોગ્રાફ) મશીન પર રેકોર્ડ કરવામાં આવે છે.

આ વૈજ્ઞાનિક પુરાવાઓ ઉપરાંત, સામાન્ય વ્યવહારુ જીવનમાં પણ, મગજથી ત્વચા સુધી વિદ્યુત આવેગની ક્ષમતાના પુરાવા મળતા રહે છે. આપણે પણ ઘણી વખત તેનો અનુભવ કરીએ છીએ. કોઈના પ્રત્યે આકર્ષણ થવું અથવા અભાવ થવો, સ્પર્શ, ભેટવાથી, પંપાળવાથી પ્રાણીઓને જે સ્પંદનો અનુભવાય છે. વિજ્ઞાન તો હવે તેનો સ્વીકાર કરે છે.

આપણા શાસ્ત્રોમાં હંમેશાં એવું કહેવામાં આવ્યું છે કે શરીરની દરેક ક્રિયા પ્રાણ દ્વારા નિયંત્રિત થાય છે. યોગ ગ્રંથોમાં, શરીરની વિવિધ ક્રિયાઓને નિયંત્રિત કરતા પ્રાણ તત્ત્વને અલગ અલગ નામોથી સંબોધવામાં આવ્યા છે. તેમને પંચ-પ્રાણ કહેવામાં આવ્યા છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com



# શરીર ને આત્માનું સમીકરણ

કહેવાય છે કે શરીર એ આત્માનું મંદિર છે. આ ધારણાં ત્યાં સુધી જ સાચી કે જ્યાં સુધી આત્માને ઈશ્વર માની તે પ્રમાણેનો વ્યવહાર કરવામાં આવે. વાસ્તવિકતા જોતાં તો એમ જણાય છે કે શરીર વિશેની સમજ માટે ઘણી સંભાવનાઓ છે. શરીરને મંદિર તરીકે પણ લઈ શકાય, શરીરને જેલ પણ સમજી શકાય, શરીર સાથે ધર્મશાળા જેવો વ્યવહાર પણ થઈ શકે, શરીરને આવાસ ગણી તે રીતે પણ જીવન વ્યતીત થઈ શકે, શરીરને વાહન પણ સમજી શકાય અને શરીરને માર્ગ પણ માની શકાય. શરીર અને આત્મા વચ્ચેનું સમીકરણ કઈ રીતે સમજવામાં આવે છે તેને આધારે આ નિર્ણય લઈ શકાય.

મંદિરની અંદર ભગવાનની મૂર્તિ હોય. મંદિરમાં જેમ ઈશ્વરની આમાન્યા જાળવવામાં આવે છે, ઈશ્વરને સાક્ષીભાવે સતત સ્મૃતિમાં રાખી હંમેશાં સત્ય અને ધર્મનું આચરણ કરવામાં આવે છે, મૂર્તિમાં સ્થિત તે ઈશ્વરના સામર્થ્યને માન્ય રાખી, તે વિશે કોઈ શંકા ઊભી ન થાય તેનું ધ્યાન રાખી, ઈશ્વર પ્રત્યે સમર્પણ દાખવવામાં આવે છે, ઈશ્વરની મૂર્તિની પવિત્રતા, સાત્વિકતા તેમજ શુદ્ધતા જાળવવા કૃતનિશ્ચયી રહેવામાં આવે, તે ઈશ્વરને પરમ તત્ત્વ માની બાકીની બધી જ પરિસ્થિતિને અનિત્ય સમજી તે પ્રમાણેનો વ્યવહાર કરવામાં આવે છે - આ રીતે જો શરીરની અંદર સ્થિત આત્માની સ્વીકૃતિ બને તો શરીર મંદિર છે. શરીરને જો મંદિર ગણવામાં આવે તો આપમેળે આત્માની મુક્તતાનો અહેસાસ થઈ શકે.

શરીરને જો જેલ સમજવામાં આવે તો આત્મા એ કેદી ગણાય. અહીં માનવામાં આવે કે શરીરને કારણે આત્મા અર્થાત્ વ્યક્તિ જે ઈચ્છે છે તે પ્રમાણેનો વ્યવહાર નથી કરી શકતો. અહીં કેદી સ્વતંત્ર નથી, કેદી પુરાયેલો છે, કેદી બંધનમાં છે. આ ધારણા પણ કંઈ ખોટી નથી. આત્મા ભલે નિર્બંધ હોય, પરંતુ હકીકતમાં તો તે શરીરની અંદર પુરાયેલો તો છે જ. આત્મા ભલે સ્વતંત્ર હોય પણ જે તે પ્રક્રિયાને કારણે તેણે શરીર નામનું પાંજરું સ્વીકાર્યું તો છે જ. અહીં અગત્યની વાત એ છે કે કેદી હંમેશાં મુક્ત થવા પ્રયત્ન કરે. આત્મા સાથે પણ આ પ્રકારની ગણતરી હોવી જોઈએ. શરીરને જો જેલ ગણવામાં આવે તો મુક્તિ માટેના પ્રયત્નો પ્રખર બની શકે.

આવાસ એ એક એવું સ્થાન છે કે જ્યાં બધા જ પ્રકારની સગવડતા ઊભી કરવાનો પ્રયાસ થતો હોય છે. આ સગવડતા શારીરિક પણ હોઈ શકે અને માનસિક પણ, ભાવાત્મક પણ હોઈ શકે અને અને વાસ્તવિક પણ, વ્યક્તિગત પણ હોઈ શકે અને સામાજિક પણ, આધ્યાત્મિક પણ હોઈ શકે અને ધાર્મિક પણ - જ્યાં સગવડતા સચવાય ત્યાં આવાસની અનુભૂતિ થાય. જો શરીર આવાસ હોય તો આત્મા તે આવાસમાં સગવડતા માટે પ્રયત્ન કરતું અસ્તિત્વ છે. આમ કદાચ થતું પણ હશે. ભલે આત્મા નિર્લેપ તેમજ નિષ્ક્રિય હોય તો પણ તેના કારણપણાં હેઠળ અંતઃકરણના વિવિધ સ્વરૂપો, જ્ઞાનેન્દ્રિયો તેમજ કર્મેન્દ્રિયો આકાર ધારણ કરે છે. આ બધાં જ ભેગા થઈને આત્માને પોતાની સમજ પ્રમાણેની સગવડતા આપવા પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન સંનિષ્ઠ પણ હોય છે, ફેર એટલો છે કે આ બધા પ્રયત્નોમાં આત્માનું મૂળ સ્વરૂપ શું છે તે ભૂલી જવાય છે. શરીરને જો આત્માનું આવાસ ગણવામાં આવે તો, સામાન્ય સંજોગોમાં આવાસ માટેનો મોહ વધુ રહેતો હોવાથી, આત્માનું શરીર સાથેનું બંધન દ્રઢ બની શકે.

ધર્મશાળા એ પ્રાસંગિક આવાસ છે. અહીં પણ સગવડતાની અપેક્ષા હોય પરંતુ તેની માત્રા જુદી હોય અને તે ચોક્કસ સમયગાળા માટે હોય. અહીં ધર્મશાળા સાથે લગાવ ઓછો હોય. આ કારણથી જ્યારે શરીરને ધર્મશાળા માનવામાં આવે ત્યારે આત્માની મુક્તિ માટેના પ્રયત્નોમાં વધુ સગવડતા રહે. અહીં હોટલની અપેક્ષાએ ધર્મશાળાનું રૂપક વધારી એટલા માટે છે કે હોટેલમાં તો ચુકવણી કરવી પડે.

શરીરને વાહન તરીકે પણ લઈ શકાય. તે આત્માનું વહન કરે છે. આમ તો શરીરની ગતિ આત્માના સ્વભાવથી નિર્ધારિત થતી હોય છે, પરંતુ વ્યવહારમાં જોતાં એમ જણાય કે શરીર દ્વારા આત્મા અહીંતહીં ગમન કરી શકે છે. આમ તો આત્માને એક સ્થાનેથી બીજા સ્થાને જવા પગની જરૂર નથી હોતી, પરંતુ જ્યારે તે શરીરમાં સ્થિત થાય ત્યારે ચોક્કસ પ્રકારનાં પગની આવશ્યકતા પણ રહેતી હોય તેમ જણાય છે. બધા જાણે છે કે વાહનમાં પ્રવેશ કર્યા પછી ક્યારેક તો ઊતરવાનું હોય છે. આ સમજને કારણે શરીરને જો વાહન ગણવામાં આવે તો આત્માને મુક્ત કરવા માટેની ભાવના પ્રબળ બની શકે. પ્રશ્ન ખાલી એક જ છે કે જો વાહન વ્યવહારમાં મજાની અનુભૂતિ ઊભી થઈ જાય તો પછી વાહનમાંથી ઊતરવાનું મન ન થાય. આ એક જોખમી સ્થિતિ છે.

શરીરને માર્ગ પણ ગણી શકાય. માર્ગ બદલાતાં રહે, પ્રવાસીએ તે જ હોય. માર્ગ વાંકાચૂકા હોઈ શકે, પ્રવાસી નિર્ધારિત સ્થાને જવાં કૃતનિશ્ચયી હોય. આત્મા પોતાના એક પ્રવાસ દરમિયાન જે તે માર્ગ પર આવી ચડે છે અને પછી આગળ વધી જાય છે. માર્ગ પછી અર્થ હીન બની રહે છે અને તેનું રૂપાંતર થઈ જાય છે. માર્ગમાં જાતજાતનાં સંમિલિત કહી શકાય તેવાં અનુભવની શક્યતા વધુ રહે છે. આ બધા અનુભવોથી જો થાકી જવાય તો આત્માની મુક્તિ માટેના પ્રયત્નો શરૂ થઈ જાય. પણ વાહનની જેમ, આ બધાં અનુભવો માણવાની વધુને વધુ ઈચ્છા થતી જાય તો દૂર સુધી માર્ગનો અંત દેખાય નહીં.

શરીર અને આત્મા વચ્ચેના સમીકરણને કઈ રીતે સમજવામાં આવે છે, આ સમીકરણમાં આત્માના સંદર્ભમાં શરીરનું શું સ્થાન રહે છે, શરીર અને આત્મા વચ્ચેના આ સમીકરણમાં કેવા પ્રકારનો લગાવ સ્થાપિત થવાની સંભાવના છે, તેને આધારે આત્માની મુક્તિ માટેની ઈચ્છા પ્રબળ બની શકે અથવા તેનાથી વિપરીત પણ થઈ શકે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# હે સૂર્ય! તમે આટલા જ્ઞાની હોવા છતાં આવું આચરણ કઈ રીતે કરી શકો?



સુકેશી ભગવાન શિવ પાસે વરદાન માગે છે કે, ‘પ્રભુ વરદાન તરીકે મને એક અવર્ણનીય અને અજય નગરી વસાવી આપો જે અંતરિક્ષમાં હોય.’ પ્રસન્ન ભગવાન શિવ તુરંત ભગવાન વિશ્વકર્માને આદેશ આપ્યો કે સુકેશીને અંતરિક્ષમાં અવર્ણનીય અને અજય નગરી વસાવી આપો. ભગવાન વિશ્વકર્માએ તુરંત અવકાશમાં સુંદર નગર વસાવી દીધું. સુકેશીનું આ નગર અવકાશમાં સૂર્યની માફક ઝળહળતું હતું. આથી પૃથ્વી પરના ઋષિમુનીઓ રાતને દિવસ સમજીને રાત્રે પણ યજ્ઞ કરતા હતાં. લોકો એવું અનુમાન લગાવી બેઠા હતાં કે ચંદ્રએ સૂર્યને જીતી લીધો છે. તેથી ચંદ્ર પણ સૂર્યની જેમ ચળકી રહ્યો છે. આવું સાંભળતાં જ સૂર્યદેવનો ક્રોધ આસમાને પહોંચી ગયો. તેમણે આ નગરને આકાશથી નીચે ઉતારી પાડવા પ્રખર તાપની વર્ષા કરી. આખું નગર એકદમ ગરમ થઈ ગયું. અસુરો અસહ્ય તાપને લીધે ત્રાહિમામ પોકારી ગયા. નગર ધીરે ધીરે ખરતા તારાની માફક પૃથ્વી તરફ ગતિ કરવા લાગ્યું. નગરના અસુરોને શાંતિ ધારણ કરવાનો અનુરોધ કરતાં સુકેશીએ કહ્યું કે, ‘દેવ, દાનવ કે માનવ દરેક જણ સુખ... સુખ...જ ઝંખ્યા કરે છે, પણ સુખની અનુભતી થતી નથી. શ્રદ્ધાવાન લભતે સુખમ ના સૂત્રાનુસાર સુખ માટે શ્રદ્ધા જોઈએ. પાપ-પુણ્યના સિદ્ધાંતો પર રાખેલી શ્રદ્ધા સુખ લઈને આવે છે. શ્રદ્ધાવાળો આત્મા જ અન્યને સુખનો માર્ગ દાખવી શકે છે. આજે આપણી નગરી દુઃખના દાનાવળમાં સળગી રહી છે અને આકાશમાંથી આપણી નગરી પૃથ્વી તરફ ધસી રહી છે, ત્યારે આપણે શાંતિ રાખવાની જરૂર છે. સાચી શ્રદ્ધાવાળો જ સાચુ મનઃસ્વાસ્થ્ય પામી શકે છે. આપણે ભગવાન શિવને પ્રસન્ન કરવા તપ અને સાધનાના માર્ગે આપળ ધપવાનું છે. અટકવાનું માત્ર વિસામો લેવા માટે. વિસામો ગતિને વેગવંતી બનાવનાર હોય છે અને ગતિ કે પ્રગતિને વેગવંતી બનાવે તે જ વિસામો કહેવાય.’

વધુમાં જણાવતાં કહે છે કે, બાંધેલા કર્મો અવશ્ય ભોગવવા પડેલ છે, જ્યાં સુધી આત્મા કર્મપરવશ છે, ત્યાં સુધી આ સ્થિતિનો અંત આવશે નહીં, માટે જીવનમાં જો કોઈ મહાન પુરુષાર્થ કરવા જેવો હોય તો તે કર્મોના બંધનો તોડવા માટે કરવાનો છે. આપણે મન, વચન અને શરીર આમ ત્રણ પ્રકારથી સારાં અને ખરાબ કર્મો કરતાં હોઈએ છીએ. સારાં કર્મોનું ફળ સારું અને ખરાબ કર્મોનું ફળ ખરાબ મળ્યા વગર રહેતું નથી. કેટલાક કર્મોનું ફળ તુરત અને કેટલાક કર્મોનું ફળ ભવિષ્યમાં અને આ જન્મમાં ન મળે તો આવતા જન્મમાં પણ મળતું રહે છે. એનો મતલબ એ છે કે મન, વાણી અને કાયા વડે થયેલાં કર્મોનું ફળ મળ્યા સિવાય રહેતું નથી. કર્મ ત્રણ પ્રકારના છે - ૧) સંચિત કર્મ ૨) પ્રારબ્ધ કર્મ અને ૩) ક્રિયમાણ (પુરુષાર્થ) કર્મ.

* * *

પ્રથમ કર્મ એટલે સંચિત કર્મઃ માનવે એક જન્મથી બીજા જન્મમાં અને બીજા જન્મમાંથી ત્રીજા જન્મમાં જમા કરેલા કર્મ. જેનું ફળ અત્યારે મળવાનું નથી એ ક્યારેક ભવિષ્યમાં મળવાનું હશે તેને સંચિત કર્મ કહેવાય છે.

દ્વિતીય કર્મ એટલે પ્રારબ્ધ કર્મઃ માનવે કરેલા કર્મના ફળ મળવા માંડયા હોય કે કર્મ પરિપક્વ થઈને ફળ દેવા તૈયાર થયા હોય એવા કર્મને પ્રારબ્ધ કર્મ કહેવાય છે.

તૃતીય કર્મ એટલે ક્રિયમાણ (પુરુષાર્થ) કર્મઃ માનવ પોતાના વર્તમાન જીવનમાં જે જે કર્મ કરે તેને ક્રિયમાણ કે (પુરુષાર્થ) કર્મ કહેવાય છે. પુરુષાર્થ કર્મ ખૂબ નજીકના ભવિષ્યમાં ફળ આપતું હોય છે. સુકેશીના ઉપદેશને દૈત્યગણ તલ્લીનતાથી સાંભળી રહ્યો હતો. વિચાર કરવા એ પણ એક છે, ચિંતન કરવું એ પણ એક કર્મ છે. મનુષ્ય પોતાનું ભાગ્ય પોતે જ લખે છે. તમારા જીવનમાં જો પારાવાર દુઃખ હોય તો તેનું સર્જન પણ તમે જ કર્યું હશે અને જો તમારા જીવનમાં રાજયોગ હશે તો તેનું સર્જન પણ તમે જ કર્યું હશે. પોતાના કર્મ જ સુખ કે દુઃખનું કારણ હોઈ શકે છે. પ્રત્યેક કર્મનું ફળ મોડું કે વહેલું મળતું જ હોય છે. સત્કર્મોનું ફળ સુખ છે તો દુઃષ્કર્મનું ફળ દુઃખ જ હોય છે. બેંકના એટીએમમાંથી એટલી જ રોકડ નીકળશે કે જેટલા તમારા ખાતામાં તમે રોકડા જમા કર્યા હોય. જમા કરેલા પૈસાથી વધુ રોકડ રકમ નીકળતી નથી. તેમ સત્કર્મ દ્વારા મેળવેલું સુખ ત્યાં સુખી યથાવત રહે છે કે જ્યાં સુધી તમે દુઃષ્કર્મની શરૂઆત ન કરો. (કર્મયોગ સામે ભક્તિયોગ અને જ્ઞાનયોગનો સમન્વય હોવો જોઈએ) કર્તવ્યનિષ્ઠા ધર્મનિષ્ઠા પૂર્વકની હશે તો જ જીવનમાં ભવ્ય દીપી ઉઠશે. કર્તવ્યની વેદી પર કુરબાન કરવાની પ્રેરણા આપે છે તે કર્તવ્યનિષ્ઠા. કર્તવ્યની ઉપેક્ષા કરશો નહીં તેમ જ કર્મફળની અપેક્ષા કરવી નહીં. જીવન ફક્ત કંઈ માગતું હોય તો એ પુણ્ય અને પાપની પરિભાષા એટલી જ છે કે પરોપકાર કરવો તે પુણ્ય અને બીજાને દુઃખ આપવું તે પાપ છે. પુણ્યથી પ્રભુ પ્રસન્ન થાય છે અને પાપથી પ્રભુ નાખુશ થાય છે.

સુકેશીનો ઉપરોક્ત સંદેશ સાંભળ્યા બાદ અસુરો પણ સુકેશી સાથે ભગવાન શિવની આરાધના કરવા લાગ્યા.

અસુરોની સંયુક્ત આરાધનાથી ભગવાન શિવની સમાધી તૂટી ગઈ. વાત જાણ્યા બાદ ભગવાન શિવનું ત્રીજું લોચન ખૂલ્યું. તે નેત્રમાંથી ક્રોધની જ્વાળાઓ લપકવા લાગી. સૂર્ય પર ભગવાન શિવની નજર પડતાં જ સૂર્યની કાયા ધ્રૂજવા લાગી. સૂર્ય પણ સુકેશી નગરની જેમ પૃથ્વી પર ઢળવા લાગ્યો.

અન્ય દેવતાઓ સૂર્યને કહ્યું. ‘આપ કાશીનગરી પાસે જ અવતરણ કરજો. કાશીનગરી શિવજીની રાજધાની છે, માટે તેમનું આ ક્ષેત્ર જ પસંદ કરજો. શિવજી તમારું કલ્યાણ કરશે.’

મુનિવર્યો અને બ્રહ્માજી મંદરાચલ પર્વત પર બિરાજમાન ભગવાન શિવ પાસે પહોંચી ગયા.

બ્રહ્માજીઃ ‘હે! મહાદેવ, આકાશમાં સૂર્યનું અસ્તિત્વ નહીં હોવાથી પૃથ્વીની સર્વ ક્રિયાઓ સ્થગિત થઈ ગઈ છે, તમે એને માફ કરો.’

ભગવાન શિવઃ ‘હે સૂર્ય! તમે આટલા જ્ઞાની હોવા છતાં આવું આચરણ કઈ રીતે કરી શકો.’

સૂર્યદેવઃ ‘હે પ્રભુ! મને માફ કરો, હું સુકેશીના દેવત્વને ઓળખી શક્યો નથી, હું તો તેમને માત્ર એક દૈત્ય સમજી રહ્યો હતો.’

ભગવાન શિવઃ ‘સૂર્યદેવ આ તમને છેલ્લી વખત માફી મળી રહી છે, સુખી થાવ.’

ત્યાર બાદ બ્રહ્માજીએ સુકેશીના ઢળતા નગરને પોતાના હાથથી ઊંચકી મૂળ સ્થાને આકાશમાં પહેલાની જેમ જ સ્થિપિત કરી દીધું. સૂર્ય દેવ પણ પોતાના સ્થાને વિચરવા લાગ્યા. પૃથ્વીનું જીવન પહેલાની જેમ જ પૂર્વવત બની ગઈ. સુકેશીનું નગર ભગવાન શિવની કૃપાથી ફરી આકાશમાં ઝળહળવા લાગ્યું. સૂર્ય દેવ પણ પોતાના પ્રત્યે અમીદષ્ટિ રાખવા લાગ્યા છે. (ક્રમશઃ)■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

### પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનું તપ ને તેજ

# તેમણે સનાતનધર્મનાં પાયાને ધ્યાનમાં રાખીને સાહિત્યનું સર્જન કર્યું

‘સત્યભામાનું રૂસણું’ : પ્રેમસખીને કથાનિરૂપણ કે કડવાબંધની ફાવટ નથી. તેઓ ઊર્મિભાવથી કથન-વર્ણન કરે છે. પદબંધ એનો પ્રિય બંધ છે. કૃષ્ણથી રિસાયેલી સત્યભામારાણીને મનાવતા કૃષ્ણ અને સત્યભામાનું રિસામણાનું વર્ણન સોળ પદ સુધી સળંગ રીતે આલેખાયું છે. પ્રારંભની છ કડી ભૂમિકાની છે. પછી દરેક પદમાં છ-સાત કડી છે. છેલ્લે સોળમા પદની આઠ કડી છે. પ્રેમસખીએ, સત્યભામાના મિજાજી-મગરૂર સ્વભાવને હૃદયસ્પર્શી અભિવ્યક્તિ અર્પી છે. અદ્યપિ અમુદ્રિત આ રચનાને હસ્તપ્રતને આધારે કુંડળધામથી સ્વામી જ્ઞાનજીવનદાસજીએ આ રચના અર્થ સાથે ‘પ્રેમમૂર્તિ સદ્‌ગુરુશ્રી પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો’ નામના પુસ્તકમાં ઈ.સ. ૨૦૧૦માં પ્રકાશિત કરી છે.

આમ પૂર્વકાલીન શ્રીમદ્ ભાગવત્ ‘સ્વર્ગનીસરણી’ અપરનામ ‘યમપુરી’ એ ‘શિવજીનો ગરબો’ તથા તત્કાલીન ‘ઘેલો નદી’, ‘ગઢપુર’ અને ત્યાં બીરાજતા ‘ગોપીનાથજીના સ્તવન’ એમ છ રસ્તાઓ એમાંની વિષયસામગ્રીને અનુલક્ષીને મહત્ત્વની છે.

પૂર્વકાલીન અને તત્કાલીન વિષય સામગ્રી મૂલક સાહિત્ય :

મને પ્રેમસખી પ્રેમાનંદ પૂર્વકાલીન અધ્યાત્મશાસ્ત્ર, સનાતનધર્મના પાયાને અને વર્તમાન ધર્મ-સંપ્રદાયને દૃષ્ટિ સમક્ષ રાખીને સાહિત્યનું સર્જન કરનારા સર્જક જણાયા છે. મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં માહાત્મ્યનો મહિમા ઘણો છે. એ આખરે તો શ્રીમદ્ ભાગવત અને વિશિષ્ટાદ્વૈતથી અનુપ્રાણિત છે. તેમણે શ્રીમદ્ ભાગવત્, સ્વર્ગાનુભવ-અક્ષરધામ, શિવજી આદિના મહિમાનું ગાન કરીને પછી ગોપીનાથજી સ્વરૂપ સ્વામિનારાયણ અને એમની એક લીલાભૂમિ દુર્ગપુર-ગઢપુર-આચાર્યપદ પ્રતિષ્ઠા એમ તત્કાલીન વિષયસામગ્રીને સાહિત્યકૃતિમાં વણી લઈને કૃતિઓનું સર્જન કર્યું છે, તેનો પરિચય અત્રે પ્રસ્તુત છે.

૧. ‘શ્રીભાગવત માહાત્મ્ય’
૨. ‘સ્વર્ગ નિસરણી - યમપુરી’
૩. ‘શિવજીનો ગરબો’
૪. ‘ઉન્મત્ત ગંગા માહાત્મ્ય’
૫. ‘દુર્ગપુર માહાત્મ્ય’



૬. ‘ગોપીનાથજીનો ગરબો’

(૧) ‘શ્રીમદ્ ભાગવત્ માહાત્મ્ય’ : એક ભૂમિકા રૂપની પાંચ દોહાની પદ સદશ રચના અને પછી ચાર પદ. પહેલું પદ સોરઠાની પાંચ કડી. બીજું, ત્રીજું અને ચોથું પદ પ્રારંભે દુહો અને પછી પાંચ-ચોપાઈની કડી એમ પાંચ પદમાં પ્રેમાનંદે ‘શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય’ ગાયું છે. પ્રારંભના ભૂમિકા રૂપના પાંચ દોહાનું ખૂબ મહત્ત્વ છે.

*‘શ્રીકૃષ્ણ રાધાપતિ, જ્યારે પધાર્યા ધામ;*
*ત્યારે શ્રીમદ્‌ભાગવત્, સ્થાપન કર્યું ઘનશ્યામ. ૧*
*પુરાણ શ્રીમદ્‌ભાગવત, માની આપ સ્વરૂપ;*
*આપ તેમાં બિરાજીયા, મૂર્તિ દિવ્ય અનૂપ... ૨*
*રીત સંત-અસંતની જણાવવા જગદીશ;*
*ભાગવતમાં આવી વસ્યા; દિવ્ય સ્વરૂપે ઇશ...૩*

શ્રીહરિને જ આમ શ્રીમદ્ ભાગવતનું મૂર્ત સ્વરૂપ સ્વરૂપ માનીને તેમણે આ ગ્રંથમાં પછીના ચાર પદમાં શ્રીમદ્ ભાગવતમહિમા ગાયો છે. ઉદ્ધવ-પશ્ચાત સ્વામિનારાયણ સંપ્રદાયનું સનાતન સાથેના અનુસંધાનનો એમાંથી પરિચય મળી રહે છે. પ્રેમાનંદ પ્રેમસખીએ સહજાનંદ સ્વામી સમક્ષ ગાઈને જે અર્ચના કરી છે તે એમની સાંપ્રદાયિક તત્ત્વ, તંત્ર અને મંત્રની દ્યોતક છે. હસ્તપ્રતને આધારે અદ્યપિ અમુદ્રિત આ રચના કુંડળધામથી સદ્‌ગુરુશ્રી જ્ઞાનજીવનદાસજીએ અર્થ દર્શાવીને સંપાદિત કરીને ઈ.સ. ૨૦૧૦માં ‘પ્રેમમૂર્તિ સદ્‌ગુરુશ્રી પ્રેમાનંદસ્વામીના ગ્રંથો’માં મુદ્રિત કરી છે.

(૨) ‘સ્વર્ગ નિસરણી’ : સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિષ્કુળાનંદ સ્વામીકૃત ‘યમદંડ’નો ભારે મહિમા છે. હિન્દુ સમાજમાં મૃત્યુ પછી ‘ગરુડપુરાણ’નો કથાપાઠ થાય છે. ‘યમદંડ’ અને ‘પ્રેમાનંદસ્વામીકૃત ‘સ્વર્ગ નિસરણી’નું મૃત્યુ પૂર્વે સત્સંગી શ્રવણપાન કરે તો યમસદનને બદલે સ્વર્ગવાસી બનવાનું થાય. પાતકથી, અધાર્મિક ક્રિયાથી માનવી સભાન બનીને અળગો રહે અને સદાચારી-સત્સંગી બની રહે એવો ભાવબોધ અહીં નિહિત છે. પ્રેમસખી-પ્રેમાનંદ કાવ્યકળાનો વિનિયોગ કરીને પદ્યબંધમાં પ્રારંભે પાંચ દુહા દ્વારા સર્ગ-સ્વર્ગ નિસરણી આરંભ કરીને તેઓ ગ્રંથારંભ કરે છે. પછી પ્રથમ પદ પંચાવન કડીનું છે. એ પદની આરંભની પ્રથમ કડી

*‘પાપ કરતા પાપી પ્રાણીનું આયુષ આવી રહ્યું રે રામ,*
*ઘરના કે’છે ઓચિંતાનું ભાઈને આ શું થયું રે રામ...’*

પંચાવન કડીના પ્રથમ પદમાં પાપ અને પુણ્યના ફળની વિગતો કથી છે. પછી ૬૩ કડીના બીજા પદનો આરંભ મૃતાત્મા પાછળની ઉત્તર ક્રિયાના અને દાનના ફળની વિગતોને વર્ણવેલ છે.

*‘આવીને કહે તે પાપી પ્રાણી, લાગ અમારો લાવોજી,*
*લાગ દઈને દૂરમતિમાંથી, પછી બહારે જાવોજી...’*

મૃતાત્માની સુખાકારી માટેનું અન્યનો લાગો ચૂકવતા બચેલું હોય તે જીવાત્મા માટે ભોગવવાનું રહે છે. કૃતિને અંતે પ્રેમસખી ગાય છે કે

*‘વર્ણવ્યા દુઃખ લખી જમપુરનાં, વિધ-વિધના વિપરીતજી,*
*પ્રેમાનંદ એ ગાયે સાંભળે તેને, થાશે પ્રભુપદ પ્રીતજી...*

બન્ને પદની ૧૧૮ કડી અને પ્રારંભની દુહાની ભૂમિકારૂપ પાંચ કડી મળીને કુલ ૧૨૩ કડીની આ રચનાનો- પદનો ગેય ઢાળ, પ્રાસ, અનુપ્રાસ અને વર્ણસગાઈમાં વિષયસામગ્રીને અર્થપૂર્ણ રીતે પ્રયોજવાની પ્રેમાનંદીય કાવ્યકળા એમની કવિપ્રતિભાની દ્યોતક છે. અદ્યપિ અપ્રસિદ્ધ ‘યમપુરી’ ‘સ્વર્ગનીસરણી’ રચનાને સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજીએ ‘પ્રેમાનંદ સ્વામીના ગ્રંથો’ ઈ.સ. ૨૦૧૦માં હસ્તપ્રતને આધારે સંપાદિત કરીને સુલભ બનાવી. અભ્યાસ નિમિત્તે ત્રણેક વખત પાઠ કરવાનું ફળ પ્રાપ્ત થયું એના આનંદ સાથે કુંડળધામ પ્રસાદી સ્થાનકમાં અગિયાર દંડવત્ કરવાનું મનોવ્રત ધારણ કરવાની સ્પૃહા જાગી, એ આ સંપાદિત રચનાની સિદ્ધિ અને શુદ્ધિ.

(૩) ‘શિવજીનો ગરબો’

સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ સનાતનધર્મ કથિત લગભગ તમામ દેવોની આરાધના કરતું સાહિત્ય રચ્યું છે. દશ અવતારના ઉત્સવો, આરતી, પદો બ્રહ્મા, વિષ્ણુ અને શિવનાં અપાર મહિમા દર્શાવતું સાહિત્ય તથા વડતાલમાં લક્ષ્મી-નારાયણ વિષ્ણુની નિરંતર પૂજા, અર્ચના તથા અનેક સ્થાનકે અવલોકવા મળે છે. શિવમંદિર અને શિવસ્તવનોની પરંપરાના ઉજ્જવળ ઉદાહરણ રૂપે પ્રેમસખી પ્રેમાનંદે ૩૦ કડીમાં રચેલો ‘શિવજીનો ગરબો’ સંક્ષિપ્તમાં શિવપુરાણના કથાનકને આવરી લેતો હોઈને મેં ‘શિવપુરાણ તત્ત્વવિમર્શ’ની કથા વખતે દરરોજ કથાને અંતે આ ગરબાનું ગાન શ્રોતાઓ સમક્ષ ઝીલાવવાની એક પરંપરા ઊભી કરી છે, તે મારી મૂળ સંપ્રદાય સાથેના પ્રતિબદ્ધપણાના અનુસંધાનનું દ્યોતક છે.

નીલકંઠવર્ણી તરીકે હિમાચ્છાદિત પ્રદેશ પુલહાશ્રમથી બદ્રીનાથ યાત્રાગામી બની વિહરતા ત્યારે એમને ફળાહાર, દૂધ, જળ આદિ પૂરું પાડનાર અગમ તત્ત્વને ભારે ઊંડી શ્રદ્ધાથી તેઓએ શિવતત્ત્વ તરીકે જ જાણેલું. આથી શિવ-પાર્વતી, પરિવાર અને અન્નપૂર્ણાની પૂજા અર્ચના તેમણે અંત સુધી કરી એનો સાક્ષાત્કાર નીજ સંગતે પ્રત્યક્ષાનુભાવે પ્રમાણીને પ્રેમસખી પ્રેમાનંદે ‘શિવજીનો ગરબો’ ત્રીસ કડીમાં શિવતત્ત્વને પ્રગટાવતો હોઈને એ પ્રેમાનંદ પણ શિવતત્ત્વથી અભિજ્ઞ હતા એનો પરિચય કરાવે છે.(ક્રમશઃ)■

# હું કૅપ્ટન બનવાનો છું એ વાત મેં મારા પપ્પાથી છુપાવી હતી: શુભમન ગિલ

## નવા ટેસ્ટ-સુકાનીએ ટીમના દરેક ખેલાડી વિશેના પોતાના અભિગમની પણ વાત કરી

લીડ્સ: ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ટીમનો નવો યુગ શુક્રવાર, ૨૦મી જૂને શરૂ થઈ રહ્યો છે જેમાં ઇંગ્લૅન્ડ સામેની પાંચ ટેસ્ટની સિરીઝમાં ટીમ ઇન્ડિયાનું સુકાન સંભાળનાર યુવાન કૅપ્ટન શુભમન ગિલે પોતાને મળેલી આ જવાબદારી વિશે પિતા સાથે ભાવુક સ્થિતિમાં થયેલી વાતચીતનો ઉલ્લેખ જાણીતા બ્રૉડકાસ્ટરને આપેલી મુલાકાતમાં કર્યો છે જેમાં ગિલે કહ્યું છે કે પોતાને કૅપ્ટન્સી મળી હોવાની વાત તેણે પિતાથી છુપાવી હતી અને સત્તાવાર જાહેરાત થયા પછી તેમની સાથે જરૂરી ચર્ચા થઈ હતી.



ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણી ૨૦મી જૂને શરૂ થશે. રોહિત શર્માએ સાતમી મેએ ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ત્યાર પછી ટેસ્ટ ટીમનો કૅપ્ટન બનવા માટેની રેસમાં ગિલનું નામ અગ્રેસર હતું. જસપ્રીત બુમરાહના નામ પર પણ ચર્ચા થઈ હતી, પણ તે ફાસ્ટ બોલર હોવા ઉપરાંત ટીમનો મુખ્ય બોલર પણ છે એટલે તેને વર્કલૉડ મૅનેજમેન્ટને લક્ષમાં રાખીને સિલેક્ટરોએ ગિલ પર કળશ ઢોળ્યો હતો. ગિલના નેતૃત્વની શરૂઆતને ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગિલે ઇન્ટરવ્યૂમાં કેટલાક ઇમોશનલ નિવેદનો આપ્યા છે.

તેણે બ્રૉડકાસ્ટર માટે ઇન્ટરવ્યૂ લેનાર ભૂતપૂર્વ ક્રિકેટર દિનેશ કાર્તિકને એક સવાલના જવાબમાં કહ્યું, 'ખરું કહું, મને નથી લાગતું કે મારા પપ્પાએ હું ભારતીય ટીમનો કૅપ્ટન બનીશ એવું સપનું ક્યારેય જોયું હશે. મને ટેસ્ટ ફૉર્મેટમાં ટીમ ઇન્ડિયાનું નેતૃત્વ કરવાનો મોકો મળશે એવું સપનું મેં પણ ક્યારેય નહોતું જોયું. મને જ્યારે પહેલી વાર જાણ થઈ કે મને ટેસ્ટ ટીમનો કૅપ્ટન બનાવવામાં આવી રહ્યો છે ત્યારે પહેલાં તો મેં એ વાત મારા પપ્પાથી છુપાવી હતી અને સત્તાવાર જાહેરાત સુધી રાહ જોઈ હતી. સત્તાવાર રીતે જ્યારે મારી કૅપ્ટન્સીની જાહેરાત કરવામાં આવી ત્યારે મને મારા પપ્પાનો ફોન આવ્યો અને ત્યાર બાદ અમારી વચ્ચે થોડી જરૂરી વાતચીત થઈ હતી.'

### રોહિત વિશે ગિલનું શું માનવું છે?

રોહિત શર્માએ વન-ડે ફૉર્મેટમાં રમવાનું ચાલુ રાખ્યું છે, પરંતુ તે ટી-૨૦ અને ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ગયો છે. શુભમન ગિલે રોહિત વિશે કહ્યું કે તેનો માર્ગ તેના થકી જ સરળ થયો છે. ગિલે કહ્યું, 'અભિગમ પરથી રોહિત ભલે આક્રમક નથી લાગતો, પરંતુ બૅટિંગ ટેક્નિકની બાબતમાં તેનો અપ્રોચ અગ્રેસિવ રહ્યો છે. સિરીઝ પહેલાં કે શ્રેણી પછી તે સાથી ખેલાડીઓને મનની જે વાત કહેવા માગતો હોય એ સ્પષ્ટ શબ્દોમાં કહી દેતો હોય છે. હું રોહિતભાઈના માર્ગે જવા માગું છું. તે ભલે સાથી ખેલાડીને ગુસ્સામાં કંઈક બોલી દે તો પણ ખેલાડીઓ દિલ પર નથી લેતા. એ જ રોહિતના પ્રભાવ અને વ્યક્તિત્વ છે. તે દરેક વાતે મક્કમ હોય છે. તે ટીમમાં કોઈના પ્રત્યે કઠોર વલણ અપનાવે તો તેનું એ વલણ તેના દિલમાંથી નથી આવતું હોતું, પણ તે ટીમના દૃષ્ટિકોણથી જ એવો અભિગમ રાખતો હોય છે. આ બધી બાબતો પર રોહિતભાઈ સાથે મારી ઘણી વાતચીત થઈ ચૂકી છે.'

### ટીમમાં ખેલાડીને સલામત અને ખુશ જોવા માગે છે

શુભમન ગિલે પોતાને મળેલી ટીમ વિશે તેમ જ ટીમના ખેલાડીઓ પ્રત્યેના પોતાના અભિગમ વિશે ઇન્ટરવ્યૂમાં ભારપૂર્વક કહ્યું હતું કે 'અમારી પાસે બહુ સારા યુવા ખેલાડીઓ છે જેઓ ટીમને વિજય અપાવવા સક્ષમ છે. અમે અહીં જીતવા માટે જ આવ્યા છીએ. હું એવી ટીમ બનાવવા માગું છું જેમાં દરેક ખેલાડી પોતાને સલામત અને આનંદિત સ્થિતિમાં રાખે. જોકે હું એ પણ જાણું છું કે હું જે કંઈ કહી રહ્યો છું એ કરવું આસાન તો નથી, કારણકે અમે અલગ પ્રકારની હરીફ ટીમો સામે વર્ષ દરમ્યાન અનેક મૅચો રમતા હોઈએ છીએ અને હરીફાઈઓ પણ તીવ્ર હોય છે. એમ છતાં હું મારું ધ્યેય સિદ્ધ કરી શકીશ એવી મને ખાતરી છે. મારી દૃષ્ટિએ કૅપ્ટન માટે એ અત્યંત મહત્ત્વનું છે કે તે ખેલાડી પોતાની ક્ષમતા અને કાબેલિયતને આધારે ટીમમાં પોતાને સલામત અને ખુશ રાખી શકે.'

### વિરાટ કોહલી પાસેથી પણ ઘણું શીખ્યો

શુભમન ગિલે વિરાટ કોહલી વિશે કહ્યું, ' હું ટીમની લિડરશિપની બાબતમાં વિરાટભાઈ પાસેથી પણ ઘણું શીખ્યો છું. યોજના વિચારવી અને એ મુજબના ધ્યેય સિદ્ધ કરવાનું હું તેની પાસેથી શીખ્યો છું. ફીલ્ડિંગ ગોઠવવાથી માંડીને પોતાની વિચારધારા મુજબની યોજના નક્કી કરીને એ હાંસલ કરવાનું કૅપ્ટન તરીકે તેનું વલણ હતું. તેનો અભિગમ એવો હતો જેમાં તે જો કોઈ યોજના વિચારતો અને એ જો સાર્થક નહોતી નીવડતી તો તરત જ તે બીજો પ્લાન નક્કી કરી લેતો અને બોલરને જણાવી દેતો કે તે તેની પાસેથી શું ઇચ્છે છે.'

### ગંભીર અને આગરકર વિશે શું કહ્યું?

કૅપ્ટન શુભમન ગિલે હેડ-કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત આગરકર વિશે સવાલ પૂછવામાં આવતાં કહ્યું હતું કે ' તેમના તરફથી કોઈ જ અપેક્ષા નથી. તેઓ ઇચ્છે છે કે ટીમના લીડર તરીકે હું મારી રીતે છૂટથી કામ કરું. હું જે માટે કાબેલ નથી એ વિશે કોઈ અપેક્ષા રાખવાનો તેમનો કોઈ જ અભિગમ નથી. હા, ગૌતમભાઈ ખૂબ દૃઢ સ્વભાવના છે અને પોતે ખેલાડીઓ પાસેથી શું ઇચ્છે છે એ સ્પષ્ટ કહી દેનારા પણ છે. તેઓ ખાસ કરીને ખેલાડીઓના અભિગમ અને માનસિકતાને ખાસ ધ્યાનમાં લેતા હોય છે.' ■

# સચિન તેન્ડુલકરે કરી વિનંતી, ભારત અને ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડ તરત સંમત થઈ ગયા

## લિટલ ચૅમ્પિયનના સૂચન પછી સિરીઝ સાથે અલગ રીતે પણ પટૌડી ટ્રોફીનું નામ જોડાયેલું જ રખાશે

નવી દિલ્હી: દાયકાઓથી ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની ટેસ્ટ-સિરીઝ 'પટૌડી ટ્રોફી'ના નામે રમાતી હતી, પરંતુ તાજેતરમાં ટ્રોફી પરથી પટૌડી નામ હટાવીને હવે પછી બન્ને દેશ વચ્ચેની શ્રેણીને 'ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી' નામ આપવાનું નક્કી થઈ જતાં ઘણાને નવાઈ લાગી હતી તેમ જ આંચકો પણ લાગ્યો હતો અને આ નિર્ણયની ટીકા પણ થઈ હતી. જોકે ખુદ સચિન તેન્ડુલકરે પટૌડી નામની પરંપરા આ સિરીઝ સાથે જાળવી રાખવાની વિનંતી ભારતના ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઇ) તથા ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડ (ઇસીબી)ને થોડા દિવસ પહેલાં કરી હતી જે માન્ય રાખવામાં આવી હોવાનું મનાય છે.

એક જાણીતી ક્રિકેટ વેબસાઇટના અહેવાલ મુજબ ઇસીબી હવે ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે રમાનારી ટેસ્ટ સિરીઝ માટેના મેડલને પટૌડી નામ આપશે. આઇસીસીના ચૅરમૅન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ સેક્રેટરી જય શાહની પણ ટ્રોફીના નામ સંબંધમાં થયેલા આ સકારાત્મક ફેરફારમાં મહત્ત્વની ભૂમિકા રહી છે.

ભારત-ઇંગ્લૅન્ડ સિરીઝ સાથે પટૌડીનું નામ કોઈને કોઈ રીતે જોડાયેલું રાખવાનું નક્કી કરાયું છે. એવું મનાય છે કે હવે પછી સિરીઝના વિજયી કૅપ્ટનને એમએકે પટૌડી નામનું મેડલ અપાશે. ■

# સ્કૂલના મિત્રએ બિયર ઑફર કરી એટલે માર્કરમ દોડી ગયો અને ગ્લાસ ગટગટાવી ગયો!

લૉર્ડ્સ: સાઉથ આફ્રિકાએ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં શનિવારે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને હરાવીને ૨૭ વર્ષે પહેલી વાર આઇસીસી ટ્રોફી અને પ્રથમ વખત વિશ્વ કપ સ્તરની મોટી ટ્રોફી જીતી લીધી ત્યાર બાદ લૉર્ડ્સના ઐતિહાસિક મેદાન પર કમિન્સ અને ખેલાડીઓ ગમગીન હાલતમાં હતા અને સાઉથ આફ્રિકાના ખેલાડીઓએ દેશને ૨૭ વર્ષે મળેલી પ્રથમ ટ્રોફીનું જશન હજી તો શરૂ કર્યું હતું ત્યાં આ યાદગાર વિજયના (ઝીરોમાંથી) સુપર-હીરો બનેલા એઇડન માર્કરમે નજીકમાં ઊભેલા એક મિત્રને નારાજ નહોતો કર્યો અને તેની ઑફર સ્વીકારી લીધી હતી.



માર્કરમ આ ફાઇનલના પહેલા દાવમાં શૂન્યમાં આઉટ થઈ ગયો હતો, પરંતુ બીજી ઇનિંગ્સમાં તેણે ઑસ્ટ્રેલિયાના બોલર્સને જોરદાર લડત આપી હતી અને ૩૮૩ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૨૦૭ બૉલમાં ૧૪ ફોરની મદદથી ૧૩૬ રન કર્યા હતા, સાઉથ આફ્રિકાને ઐતિહાસિક ટ્રોફી અપાવી હતી અને મૅન ઑફ ધ ફાઇનલનો પુરસ્કાર પણ જીતી લીધો હતો. એ સાથે, સાઉથ આફ્રિકાએ 'ચૉકર્સ'ની છાપ ભૂંસી નાખી હતી.

માર્કરમ ટીમના કૅપ્ટન ટેમ્બા બવુમા, અન્ય સાથીઓ તેમ જ પત્ની જોડે જીત સેલિબ્રેટ કરી રહ્યો હતો ત્યારે મેદાનની નજીક ઊભેલા એક યુવાને તેને બોલાવ્યો હતો. જોકે માર્કરમ થોડો ખચકાયો હતો, કારણકે તે સાથી ખેલાડીઓ સાથે અભૂતપૂર્વ ઉજવણીના મૂડમાં હતો. જોકે કૅમેરા સાથે ઊભેલો પેલો યુવાન બીજું કોઈ નહીં, પણ તેનો જૂનો મિત્ર હતો અને તેણે માર્કરમને બિયરનો ગ્લાસ બતાવ્યો એટલે માર્કરમ તેની પાસે દોડી ગયો હતો, તેને ભેટ્યો હતો બિયરનો ગ્લાસ ગટગટાવી ગયો હતો અને તેને તેમ જ આસપાસના લોકોને ખુશ કરી દીધા હતા.ખુદ માર્કરમે પછીથી પત્રકારોને મિત્રવાળી ઘટના વિશે પૂછાતાં કહ્યું, ' હા, બહુ મજા પડી ગઈ. એ તો મારો વર્ષો જૂનો સ્કૂલ-ફ્રેન્ડ હતો. તે મને તેની પાસે આવીને જીત સેલિબ્રેટ કરવાનું કહેતો હતો એટલે મેં તેને કહ્યું કે હમણાં નહીં, અત્યારે અમે બધા અહીં જશનના મૂડમાં છીએ. જોકે એ મિત્રએ મને બિયરનો ગ્લાસ બતાવ્યો એટલે મેં તેને ઇશારાથી કહ્યું, ચલ...તો હું આવું જ છું. બસ, એ દિવસનો મારો એ પહેલો બિયરનો ગ્લાસ હતો અને પછી મેં નક્કી કર્યું કે હજી ઘણા ગ્લાસ એન્જૉય કરીશ.' ■

# પોલાર્ડે કરી કમાલ, વિરાટથી આગળ નીકળી ગયો

## જોકે વિરાટને અવ્વલ નંબર પર આવવાનો મોકો

ઓકલૅન્ડ: અમેરિકાની મેજર લીગ ક્રિકેટ (એમએલસી)માં મુંબઈ ઇન્ડિયન્સ ફ્રેન્ચાઇઝીની માલિકીની એમઆઇ ન્યૂ યૉર્ક વતી રમતા ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય કૅરિબિયન ક્રિકેટર કીરૉન પોલાર્ડે શુક્રવારે અહીં ટેક્સસ સુપર કિંગ્સ સામેની મૅચમાં માત્ર ૩૨ રન કર્યા હતા, પણ તેણે એક સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે ટી-૨૦ ક્રિકેટમાં સૌથી વધુ રન કરનારાઓમાં વિરાટ કોહલીને ઓળંગી લીધો છે.



પોલાર્ડે કોહલીને કુલ ટી-૨૦ રનની રેકૉર્ડ-બુકમાં પાછળ પાડી દીધો છે. કોહલીના નામે ૧૩,૫૪૩ રન છે જે તેણે ૪૧૪ મૅચમાં કર્યા છે. એમાં કોહલીની નવ સેન્ચુરી અને ૧૦૫ હાફ સેન્ચુરી સામેલ છે.

જાણીતી ક્રિકેટ સંબંધિત વેબસાઇટ મુજબ ટી-૨૦ ક્રિકેટ ૨૦૦૩ની સાલથી રમાય છે. એ મૅચ ઇંગ્લૅન્ડમાં ૧૩ જૂન, ૨૦૦૩ના દિવસે વૉરવિકશર અને સમરસેટ વચ્ચે રમાઈ હતી.

ત્યારથી લઈને અત્યાર સુધીમાં ટી-૨૦ ફૉર્મેટમાં સૌથી વધુ રન બનાવનારાઓમાં ક્રિસ ગેઇલનું નામ મોખરે છે. બીજા નંબરે ઇંગ્લૅન્ડનો ઍલેક્સ હેલ્સ છે, જ્યારે ત્રીજા સ્થાને શોએબ મલિક છે. કોહલી ચોથા નંબર પર હતો, પણ હવે પોલાર્ડ ચોથા ક્રમે અને કોહલી પાંચમા ક્રમે છે. જોકે પોલાર્ડ એમએલસીની આગામી મૅચમાં ત્રણ રન કરશે એટલે શોએબ મલિકને પાછળ રાખીને આ લિસ્ટમાં ત્રીજા નંબર પર આવી જશે.

કોહલીએ ૨૦૨૫ની આઇપીએલમાં ૬૫૭ રન કર્યા હતા. તે દરેક આઇપીએલમાં સરેરાશ ૫૦૦-૬૦૦ રન કરે છે. તે લગભગ વધુ બે આઇપીએલ સીઝનમાં સૌથી વધુ ટી-૨૦ રન કરનાર બૅટ્સમૅન બની શકે. ■

### ટી-૨૦માં સૌથી વધુ રન

(૧) ક્રિસ ગેઇલ : ૪૬૩ મૅચમાં ૧૪,૫૬૨ રન
(૨) ઍલેક્સ હેલ્સ :૪૯૭ મૅચમાં ૧૩,૭૦૪ રન
(૩) શોએબ મલિક : ૫૫૭ મૅચમાં ૧૩,૫૭૧ રન
(૪) કીરૉન પોલાર્ડ : ૬૯૬ મૅચમાં ૧૩,૫૬૯ રન
(૫) વિરાટ કોહલી :૪૧૪ મૅચમાં ૧૩,૫૪૩ રન



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| હેડકી | PANT |
| બગાસું | BURP |
| ઓડકાર | HICCUP |
| સૂંઘવું | YAWN |
| હાંફવું | SNIFF |

### ઓળખાણ પડી?



દુનિયાભરમાં વિવિધ એરલાઈન્સના વિમાન ઉડાઉડ કરે છે. સૌથી જૂની એરલાઇન 'કેએલએમ' કયા દેશની છે એ જાણો છો?

અ) જર્મની બ) સર્બિયા ક) માલ્ટા ડ) નેધરલેન્ડ્સ

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં વિવિધ શહેરની અલગ અલગ લાક્ષણિકતા છે. કયું શહેર 'મિલ્ક કેપિટલ ઓફ ઈન્ડિયા' તરીકે પ્રસિદ્ધ છે એ જણાવો.

અ) સુરેન્દ્રનગર બ) આણંદ ક) પાલનપુર ડ) વેરાવળ

### માતૃભાષાની મહેક

વાયદો એટલે કોઈ પણ કામને માટે મુકરર કરેલો વખત, મુદત અથવા અવધિ. એમ કહેવાય છે કે વાયદા ઉપર વાયદા તેમાં કોણ કાઢે ફાયદા? વાયદે ગયું તે ગાયે ગયું. મતલબ કે વાયદા ઉપર વાયદા આપનાર ભાગ્યે જ એ પાળતો હોય છે. પૂરા ન થાય તેવા વાયદા માટે અગસ્ત્યના વાયદા એવો પ્રયોગ વપરાય છે.

### ઈર્શાદ

*ચોમેર મૃગજળોની દીવાલો ઊભી કરી,*
*જોઈ રહ્યો છે એને હવે પ્યાસો માનવી.*
*- આદિલ મન્સૂરી*

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'માળા તો મન કી ભલી ઔર કાષ્ઠ કા ભારા' પંક્તિમાં કાષ્ઠ શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) સામગ્રી બ) વજન ક) કાયા ડ) લાકડું

### માઈન્ડ ગેમ

પીળું વસ્ત્ર - પીતાંબર શ્રી કૃષ્ણ ભગવાન ઉપરાંત કયા ભગવાન સાથે સંકળાયેલું છે? આરતીમાં એનો ઉલ્લેખ આવે છે.

અ) બુદ્ધ બ) ગણપતિ
ક) શંકર ડ) મહાવીર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | શે | ૨ ષ | તા | | ૩ ખ | ળ | ૪ ભ | ળા | ૫ ટ |
| કા | | ટ | | ૬ આ | રી | | ર | | કો |
| ૭ સ | ડ | ક | | શ્ર | | ૮ ચ | મ | ૯ કા | ર |
| શી | | | ૧૦ આ | ર્ય | ૧૧ ભ | ટ્ટ | | ર | |
| ૧૨ લ | ૧૩ ક્ષ | | ૧૪ ને | જ | વાં | | ૧૫ વ | જ | ૧૬ હ |
| | ૧૭ મ | ૧૮ તા | | ન | | ૧૯ ચ | ક | | ડ |
| ૨૦ કિ | તા | બ | | ૨૧ ક | ૨૨ સૂ | ર | | ૨૩ લો | પ |
| ર | | ૨૪ ડ | ર | | ૨૫ ભ | વા | ૨૬ નિ | | ચી |
| ૨૭ દા | વ | તો | | ૨૮ વા | ટ | | ૨૯ વા | ૩૦ ર | |
| ર | | ૩૧ બ | બા | લ | | ૩૨ કા | ર્ય | દ | ક્ષ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ |
| | | | | ૭ | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | ૧૩ | | |
| | | | ૧૪ | | ૧૫ | ૧૬ | | | |
| ૧૭ | | ૧૮ | | | | | | ૧૯ | |
| | | ૨૦ | | | ૨૧ | | | | ૨૨ |
| ૨૩ | ૨૪ | | | | | | | ૨૫ | |
| ૨૬ | | ૨૭ | | ૨૮ | | | ૨૯ | | |
| | | ૩૦ | ૩૧ | | | | | | |
| | ૩૨ | | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. ઘરની યાદમાં ઝૂરવું તે (૫)
૪. ઘોડાની જેમ ધસી આવતું પૂર (૪)
૭. બાથરૂમમાં ધોધ (૩)
૯. ના. (જો. છૂ.) (૨)
૧૦. નાકનો એક રોગ (૩)
૧૨. --- કરવી એટલે બેડી પહેરાવવી (૨)
૧૩. અંધારું, અજ્ઞાન (૩)
૧૫. બકવાસ (૩)
૧૭. ઝેરી જીવડું (૫)
૨૦. દૂધ ઉપર તરે (૨)
૨૧. અનાથોનો આશ્રય (૫)
૨૩. હાલત (૨)
૨૫. મારું, બાળકનું ભોજન (૨)
૨૬. ગુંજાશ, સમર્થતા (૩)
૨૮. પોલીસો, હવાલદારો (૪)
૩૦. ધીર, લૂંટારો, પક્કો (૨)
૩૨. પંજાબની એક નદી (૪)
૩૩. ત્રાસવાદી, આતંકવાદી (૪)

**ઊભી ચાવી**

૧. પ્રસંગ, બનાવ (૩)
૨. કાચની હાંડીઓમાં દીવા (૩)
૩. પહેરવેશ, લિબાસ (૩)
૪. કબર, ગાઢ, અત્યંત (૨)
૫. --- ના દિવસે પૂર્ણ ચંદ્ર દેખાય (૩)
૬. વધી ઘટી (૪)
૮. પૂજ્ય, મોટું, મુરબ્બી (૩)
૧૧. ફૂલ (૩) (જો.છૂ.)
૧૩. ત્રણ ગણું (૨)
૧૪. મજૂર સ્ત્રી (૪)
૧૬. લાલસા (૩)
૧૭. કામમાં કુશળતા (૫)
૧૮. પત્ર (૨)
૧૯. અનાથ --- એટલે અનાથોને રહેવાની જગા (૩)
૨૧. પ્રમાણે (૪)
૨૨. વાત્સલ્યભરી (૫)
૨૪. સાંજ (હિ.) (૨)
૨૭. શક્તિ, બળ (૩)
૨૯. તાજિયો (૩)
૩૧. શબ્દો, વચન, કોલ (૨)

### સુડોકુ-૯૦૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૭ | ૯ | | | | ૧ |
| | | ૬ | ૪ | | | ૭ | | |
| | ૭ | | | | | | ૩ | |
| | ૩ | ૫ | | | | | ૮ | ૯ |
| ૯ | | | | | | | | ૪ |
| ૪ | ૨ | | | | | ૩ | ૧ | |
| | ૬ | | | | | | ૯ | |
| | | ૧ | | | ૨ | ૮ | | |
| ૨ | | | | ૪ | ૬ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૪ | ૨ | ૭ | ૮ | ૯ | ૧ | ૩ |
| ૮ | ૧ | ૭ | ૩ | ૬ | ૯ | ૫ | ૪ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૫ | ૧ | ૪ | ૬ | ૮ | ૭ |
| ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૨ | ૩ | ૬ | ૧ |
| ૧ | ૬ | ૯ | ૮ | ૫ | ૩ | ૨ | ૭ | ૪ |
| ૩ | ૭ | ૨ | ૬ | ૪ | ૧ | ૮ | ૯ | ૫ |
| ૪ | ૩ | ૬ | ૧ | ૮ | ૫ | ૭ | ૨ | ૯ |
| ૭ | ૯ | ૫ | ૪ | ૨ | ૬ | ૧ | ૩ | ૮ |
| ૨ | ૮ | ૧ | ૯ | ૩ | ૭ | ૪ | ૫ | ૬ |

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હનુમાન | અંજની |
| લક્ષ્મણ | સુમિત્રા |
| ધૃતરાષ્ટ્ર | અંબિકા |
| શ્રી રામ | કૌશલ્યા |
| ભરત | કૈકેયી |

ઓળખાણ પડી? કનિષ્ક

માઈન્ડ ગેમ તમિલનાડુ

ચતુર આપો જવાબ અર્થ જણાવો બહેન

ગુજરાત મોરી મોરી રે રાજકોટ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) નૂતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) શ્રદ્ધા આશર (૧૧) કિશોર બી. સંઘરાજકા (૧૨) મીનળ કાપડિયા (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) પ્રવીણ વોરા (૨૩) પુષ્પા પટેલ (૨૪) અલકા વાણી (૨૫) અરવિંદ કામદાર (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) ભાવના કર્વે (૨૮) હેમા હરીશ ભટ્ટ (૨૯) અંબરીષ ઓઝા (૩૦) વિણા સંપટ (૩૧) પુષ્પા ખોના (૩૨) લજિતા ખોના (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) જગદીશ ઠક્કર (૩૯) ડાયના સંતોકે (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) નિતિન જયંતિલાલ બજરિયા (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) ડૉ. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) જયલંત પદમશી ચિખલ

# ...તો ક્રૂડ ઑઈલના ભાવ ઊછળીને ૧૨૦ ડૉલર પહોંચશે

મુંબઈ : ઈઝરાયેલ દ્વારા ઈરાનના પરમાણું અને લશ્કરી મથકો પર મોટાપાયે લશ્કરી કાર્યવાહી શરૂ કર્યા બાદ વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવોમાં ૭થી ૮ ટકાનો ઉછાળો નોંધાતા, હવે જે.પી.મોર્ગને ચેતવણી આપી છે કે, જો મદય પૂર્વમાં જીઓપોલિટીકલ ટેન્શન વધુ વધશે તો ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૨૦ ડોલર સુધી વધી શકે છે.

ઈન્વેસ્ટમેન્ટ બેંક જે.પી.મોર્ગને વધુ જણાવ્યું છે કે, વર્તમાન ભાવ પહેલાથી જ સૌથી ખરાબ જીઓપોલિટીકલ પરિસ્થિતિની શકયતાએ ૭ ટકાથી ૮ ટકાનો ઉછાળો દર્શાવે છે, જેમાં ઈરાનનો ઓઈલ પુરવઠો વિશ્વ બજારમાં મોટાપ્રમાણમાં ખોરવાઈ જવાના સંજોગોમાં ભાવમાં ભડકો જોવાઈ શકે છે. આ દરમિયાન અત્યારે ક્રુડ ઓઈલના ભાવોમાં જોવાઈ રહેલી તેજીથી તાતપુરતી વૈશ્વિક ઓઈલ પુરવઠાની સ્થિતિ પર ખાસ અસર નહીં થવાની નિષ્ણાતો શકયતા બતાવી રહ્યા છે. પરંતુ જો ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ મિડલ ઈસ્ટમાં વધુ દેશોમાં ફેલાવાના અને અમેરિકા સહિતને ઈરાનની ચેતવણીને જોતાં જો અમેરિકા યુદ્ધમાં ઈઝરાયેલના પક્ષમાં સીધું ઉતરી આવશે તો યુદ્ધ વકરવાના અને ક્રુડ ઓઈલનો પુરવઠો ખોરવાય એવી શકયતા રહેશે.

જેપી મોર્ગને જારી કરેલી નોટમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૬માં ઓઈલના સરેરાશ ભાવ ૬૦ ડોલર રહેવાનો તેમનો અંદાજ છે, પરંતુ ખરાબ પરિસ્થિતિના સંજોગોમાં આ ભાવ વધીને ૧૨૦ ડોલરથી ૧૩૦ ડોલરની રેન્જમાં પણ આવી શકે છે. આ માટે તેમણે લશ્કરી સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેડ બંધ થવાની સ્થિતિમાં સંભવિત આ ભાવ ભડકાની ચેતવણી ઉચ્ચારી છે.

આ માર્ગે વૈશ્વિક ઓઈલના પાંચમાં ભાગનું વહન થાય છે. આ સાથે ઈન્વેસ્ટમેન્ટ બેંકે નોંધ્યું છે કે, જ્યારે આવા વધારાથી પુરવઠામાં નોંધપાત્ર વિક્ષેપ પડી શકે છે, ખાસ કરીને જો ઈરાનની ૨૧ લાખ બેરલ પ્રતિ દિન નિકાસ બંધ થઈ જાય, તો આ સ્થિતિ સર્જાઈ શકે છે.

હાલમાં ઉનાળાની માંગ અને ઓછી યુ.એસ. ઈન્વેન્ટરી દ્વારા ઓઈલને ટેકો મળે છે. પરંતુ પાનખર આવતાં અને મેક્રોઈકોનોમિક અવરોધો તેમ જ વધતાં ઓપેક ઉત્પાદન ભાવ પર અસર કરે એવી શકયતા છે.

# લશ્કરી અથડામણો પ્રાઈમરી માર્કેટને પણ અભડાવશે!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ઇઝરાયલ અને ઇરાનના મિસાઇલ યુદ્ધને કારણે એકતરફ સેક્ન્ડરી માર્કેટનું હવામાન ફરી એક વખત ડહોળાઇ ગયું છે ત્યારે પ્રાઇમરી માર્કેટ એકશન મોડમાં જણાઇ રહ્યું છે. અ૧૬ જૂનથી શરૂ થતા આગામી સપ્તાહમાં પ્રાથમિક બજારમાં પ્રવૃત્તિ મજબૂત રહેશે, એકંદરે, ભૌગોલિક રાજકીય તણાવ છતાં ઇક્વિટી બજારોમાં સકારાત્મક વલણ જળવાઈ રહેશે. કુલ છ આઇપીઓ દલાલ સ્ટ્રીટ પર આવવાના છે, જેમાં મેઇનબોર્ડ સેગમેન્ટમાંથી એકનો સમાવેશ થાય છે, અને પાંચ કંપનીઓ શેરબજારમાં લિસ્ટેડ થશે. બજારના નિષ્ણાત અભ્યાસુઓ જણાવે છે કે, જો ઇઝરાયલ અને ઇરાન વચ્ચે લશ્કરી અથડામણોનો વહેલો અંત નહીં આવે તો ગ્લોબલ ઇક્વિટી માર્કેટ પાછળ સ્થાનિક સેકન્ડરી માર્કેટની દશા બગડશે અને તેની અસર પ્રાઇમરી માર્કેટ પર પણ જોવા મળશે. જોકે, મૂડીબજારમાં પ્રવેશનારી કંપનીઓના જાહેર ભરણાંમાં એકમાત્ર મેઇનબોર્ડ સેગમેન્ટનો ઇશ્યુ છે. એરિસઇન્ફ્રા સોલ્યુશન્સનું જાહેર ભરણું ૨૦ જૂને ત્રણ દિવસ માટે ખુલશે. મૂડીબજારના એસએમઇ સેગમેન્ટમાં પાટિલ ઓટોમેશન અને સમય પ્રોજેક્ટના પબ્લિક ઇશ્યૂ અનુક્રમે ૧૬ જૂને, ઇન્ફલક્સ ૧૮મીએ ખૂલશે અને માયાશીલ વીસમીએ ખૂલશે.

દરમિયાન ઓસવાલ પમ્પ વીસમી જૂને લિસ્ટિંગ મેળવે એવી સંભાવના છે. એસએમઇ સેગમેન્ટમાં મોનોલિથીશ ૧૬મી જૂને અને એટેન પેપરનું ભરણું ૧૭મીએ બંધ થશે. સ્કીરોમ ૧૬મીજૂને લિસ્ટેડ થશે, જેનિક પાવર ૧૭મીએ અને મોનોલિથિશ ૧૯મીએ એક્સચેન્જની યાદી પર મૂકાશે. એટેન પેપર વીસમીએ લિસ્ટ થશે.

# ગરમીમાં વધારા છતાં એસીના વેચાણમાં ઘટાડાનો અંદાજ

નવી દિલ્હીઃ પાછલા મહિને ગરમીમાં અસાધારણ વધારા છતાં એર કન્ડિશનર (એસી)ના ઉત્પાદકમો વેચાણમાં ઘટાડાનો અંદાજ માંડી રહ્યા છે. જૂનમાં વેચાણમાં વધારો થયો હોવા છતાં, એસી ઉત્પાદકોએ ૨૦૨૫ માટે વેચાણનો અંદાજ ઘટાડીને ૧૦-૧૫ ટકા જાહેર કર્યો છે. ઉત્તર અને પૂર્વીય પ્રદેશોમાં સતત ગરમીના મોજાને કારણે જૂનમાં રૂમ એર-કન્ડિશનર્સ (આરએસી)ના વેચાણમાં વધારો થયો છે, પરંતુ માગની ટોચની મોસમ દરમિયાન દેશના કેટલાક ભાગોમાં થોડા થોડા સમયે કસોમસી વરસાદને કારણે ઉદ્યોગના ખેલાડીઓએ આ વર્ષે વેચાણનો અંદાજ ઘટાડીને દસથી પંદર ટકા જાહેર કર્યો છે. ઉનાળો, જે રૂમ એર-કન્ડિશનર્સના વેચાણ માટે શ્રેષ્ઠ મોસમ છે, તેણે આ વખતે એસી ઉત્પાદકોને નિરાશ કર્યા છે, જોકે અમુક ઉત્પાદકો અને વિક્રેતા એવો આશાવદ પણ વ્યક્ત કરી રહ્યાં છે.

# મિસાઈલના વરસાદથી ઘેરાયેલા મધ્ય પૂર્વના દેશોનું ટેન્શન આખલાને જંપવા નહીં દે

### ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

મુંબઈ: ચોમસાના વરતારા સારા હતા અને મોસમી મર્યાદાથી વધુ વરસાદની આગાહી હતી. અલબત્ત વરસાદ સમયથી પખવાડીયું વહેલો આવ્યો પરંતુ હાલ તો તેના ઠેકાણાં નથી. બીજા તરફ મધ્યપૂર્વના એશિયાઇ આકાશમાં ફર મિસાઇલોનો વરસદા શરૂ થયો છે અને તેને કારણે ઇક્વિટી માર્કેટનું માનસ ડહોળાઇ ગયું છે. નોંધવું રહ્યું કે, ઇઝરાયલે ઇરાન પર ભયાનક મિસાઇલ હુમલો શરૂ કર્યા બાદ શુક્રવારે સેન્સેક્સમાં ૧૩૩૭ પોઇન્ટ સુધીની જોરદાર પછડાટ જોવા મળી હતી અને ૫૭૩.૩૮ પોઇન્ટના ગાબડાં સાથે બંધ રહ્યો હતો.

ઈરાન પર ઈઝરાયલના મિસાઈલ હુમલાથી ભારે ઉથલપાથલ મચી ગઈ હોવાને કારણે શેરબજારમાં તીવ્ર કડાકો બોલાયો અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. ઈરાનની પરમાણુ સુવિધાઓને નિશાન બનાવીને કરવામાં આવેલા આ હુમલાથી મધ્ય પૂર્વમાં તણાવ તીવ્રપણે વધી જવાને કારણે રોકાણકારોએ સોના અને સરકારી બોન્ડ જેવી સેફ હેવન એસેટ તરફ દોડ લગવી હતી. પુરવઠામાં વિક્ષેપ અને ઈરાન તરફથી સંભવિત પ્રતિહુમલાની ચિંતાએ બજારની અસ્થિરતાને વધુ વેગ આપ્યો હોવાથી બજારમાં વ્યાપક વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. બંને દેશ તરફથી વહેલીતકે પીછેહઠ જોવા મળે એવા અણસાર હાલ તો જણાતા નથી.

ટેકનિકલ ઓનાલિસ્ટ જણાવે છે કે, શુક્રવારના સુધારાના પ્રયાસો છતાં, ટેકનિકલ ચાર્ટ નિફ્ટી માટે સાવચેતીભર્યું ચિત્ર રજૂ કરી રહ્યા છે. તેઓ માને છે કે તાજેતરની વેચવાલી હજુ પૂરી થઈ નથી અને કોઈ અર્થપૂર્ણ સુધારા થાય તે પહેલાં ઇન્ડેક્સ ૨૪,૦૬૦ના સ્તરને અથડાય એવી છે. આ સપ્તાહે એફઓએમસીની બેઠક, ઇઝરાયલ-ઈરાન તણાવ, બીઓજે, બીઓઇની બેઠક સહિત ૧૦ મુખ્ય પરિબળો પર બજારનું ધ્યાન કેન્દ્રિત રહેશે. નિષ્ણાતોના મતે, ભૂ-રાજકીય તણાવ અને ઊંચા મૂલ્યાંકનને કારણે, ૧૬ જૂનથી શરૂ થતા આ સપ્તાહમાં બજાર સાવચેતીભર્યું વલણ ચાલુ રહેવાની ધારણા છે, જેમાં ફેડરલ રિઝર્વ, બેંક ઓફ ઈંગ્લેન્ડ અને બેંક ઓફ જાપાન જેવી વિશ્વની કેન્દ્રીય બેંકોની બેઠકો અને ચોમાસાની પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

બજારે તેના પાછલા અઠવાડિયાના બધા લાભ ભૂંસી નાખ્યા અને ૧૩ જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં એક ટકાથી વધુના ઘટાડા સાથે બંધ થયો, કારણ કે ઇઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા ભૂ-રાજકીય તણાવે યુએસ-ચીન વેપાર વાટાઘાટોમાં જોવા મળેલી પ્રગતિને સંપૂર્ણપણે ઢાંકી દીધી હતી.

ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને કારણે ફુગાવાના વલણમાં પલટાના ભયે પણ બજારના સેન્ટિમેન્ટ પર દબાણ આવ્યું છે, અને પરિણામે સોનામાં લાવલાવ જોવા મળી હતી, જેના ફ્યુચર્સના ભાવ ૩.૨ ટકાના વધારા સાથે નવા ઊંચા સ્તરે બંધ થયા.

સાપ્તાહિક ધોરણે નિફ્ટી ૨૮૪ પોઈન્ટ (૧.૧૪ ટકા) ઘટીને ૨૪,૭૧૯ પર અને બીએસઈ સેન્સેક્સ ૧,૦૭૦ પોઈન્ટ (૧.૩ ટકા) ઘટીને ૮૧,૧૧૯ પર બંધ રહ્યો, જેમાં ડિફેન્સિવ (યુએસ ડોલર સામે નબળા રૂપિયાને કારણે આઇટી અને ફાર્મા) સિવાય મોટાભાગના ક્ષેત્રોમાં કરેક્શન આવ્યું. વ્યાપક બજારોમાં પણ બેન્ચમાર્ક સાથે સુસંગત સુધારા થયા, જેમાં નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ૧૦૦ બેન્ચમાર્ક ઇન્ડેક્સ અનુક્રમે ૧.૩ ટકા અને ૧.૧ ટકા ઘટ્યા હતા.

બજારને સૌથી મોટી નકારાત્મક અસર મધ્યપૂર્વના ટેન્શનની અને તેને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં થઇ રહેલા વધારાની છે. રવિવારે સતત ત્રીજા દિવસે બંને દેશો દ્વારા મિસાઇલોના નવા હુમલા સાથે સરહદ પારથી હુમલાઓ વધુ તીવ્ર બન્યા હોવાથી બજારના સહભાગીઓ ભૂરાજકીય તણાવ પર નજર રાખશે, મધ્યપૂર્વમાં વ્યાપક સંઘર્ષની આશંકા વધી ગઈ છે. ઇઝરાયલી સૈન્ય દ્વારા તેહરાનમાં ઈરાની સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલય તેમજ રાજધાનીના અન્ય સ્થળો, પરમાણુ સ્થળો અને ઇંધણ ટેન્કરોને નિશાન બનાવવામાં આવ્યા હતા, કારણ કે તેમના મતે આ સ્થળો ઈરાનના મહત્વાકાંક્ષી પરમાણુ પ્રોજેક્ટ સાથે સંબંધિત છે, જ્યારે ઈરાને ઈઝરાયલના ઊર્જા માળખાગત સ્થળોને પણ નિશાન બનાવ્યા હતા. આ તણાવ વચ્ચે, રવિવારે ઓમાનમાં યુએસ-ઈરાન પરમાણુ વાટાઘાટો માટે યોજાનારી બેઠક રદ કરવામાં આવી હતી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના આ લોહિયાળ સંઘર્ષને સમાપ્ત કરવામાં રસ દાખવ્યો હતો, પરંતુ ઇઝરાયલ દ્વારા કરવામાં આવેલા ગંભીર મિસાઇલ હુમલાઓને ધ્યાનમાં રાખીને ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાકચી વર્તમાન પરિસ્થિતિઓમાં ચર્ચા આગળ વધારવા માટે તૈયાર નથી લાગતા. વધુમાં, ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ આગામી દિવસોમાં ઈરાન પર વધુ ગંભીર હુમલાના સંકેત આપી રહ્યા છે. આ સ્થિતિમાં ક્રૂડ ઓઇલના ભાવ ઊછળવાની ભીતિ છે, જે ભારતીય અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે.

ઇઝરાયલ-ઈરાન સંઘર્ષ ઉપરાંત વૈશ્વિક સ્તરે રોકાણકારો આ અઠવાડિયે યોજાનારી એફઓએમસી તથા કેન્દ્રિય બેન્કો, બેંક ઓફ જાપાન અને બેંક ઓફ ઇંગ્લેન્ડની નીતિગત બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરશે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ ૧૮ જૂને ફેડરલ ફંડ રેટમાં ૪.૫ ટકાના દરમાં કોઈ ફેરફાર નહીં થાય તેવી અપેક્ષા રાખે છે, પરંતુ ફેડરલની ટિપ્પણી અને આર્થિક અંદાજો, ખાસ કરીને વેપાર ટેરિફ પછી, ભવિષ્યના નીતિ સંકેતો માટે બારીકાઇથી ચકાસવામાં આવશે. દરમિયાન, મે મહિનામાં ફુગાવા અને સ્થિર રોજગાર ડેટા પછી, ટ્રમ્પ વહીવટીતંત્ર ઇચ્છે છે કે ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં વધુ ઘટાડો કરે, જેથી અર્થતંત્રને સંભવિત મંદી અથવા સ્થિરતાથી બચાવી શકાય.

સપ્તાહ દરમિયાનની કોર્પોરેટ હલચલમાં રિલાયન્સે બ્લોકડીલમાં એશિયન પેઇન્ટ્સના રૂ. ૭૭૦૩ કરોડના શેર વેચ્યા છે. અંબર એન્ટરપ્રાઇસ નોઇડાના ઇલેક્ટ્રોનિક્સ પ્લાન્ટમાં રૂ. ૬૦૦૦ કરોડનું રોકાણ કરશે. એનસીએલટીએ આઇનોક્સ વિન્ડ એનર્જી અને આઇવનોક્સ વિન્ડના મર્જરને મંજૂરી આપી છે. જાહેર ક્ષેત્રની ઇરેડિઆએ ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ મારફત રૂ. ૨૦૦૦ કરોડ એકત્ર કર્યા છે. મિન્ડા કોર્પે ઓટોમોટીવ સ્વીચીસ માટે જાપાનીઝ કંપની ટોયોડેન્સો સાથે જોઇન્ટ વેન્ચર સ્થાપ્યું છે. નઝારા ટેકનોલોજીમાં રેખા ઝુનઝુનવાલાએ પોતાનો લગભગ ૫૦ ટકા હિસ્સો ઓપન માર્કેટ સેલમાં વેચીને ૩.૬૦ ટકા સ્ટેક રાખ્યો છે. ટાટા મોટર્સ ૨૦૩૦ સુધીમાં સાત નવા મોડલ સહિતના પ્રોડક્ટ લોન્ચ માટે રૂ. ૩૩,૦૦૦ કરોડથી રૂ. ૩૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે.

સુઝલોન એનર્જીમાં પ્રમોટર્સ ફેમીલી બલ્ક ડીલમાં ૧.૪૫ ટકા હિસ્સો વેચશે. ઇલેક્ટ્રિસિટ ડેરિવેટીવ્ઝ માટે એમસીએક્સને સેબીની મંજૂરી મળી છે. અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે.

## ગુજરાત

# ગીર અભયારણ્ય ૧૫ જૂનથી ૧૬ ઑક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ, ૮.૫૦ લાખ મુલાકાતીઓએ સિંહદર્શન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર અભયારણ્ય દેશ-વિદેશના પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. દર વર્ષે હજારો લોકો સિંહ દર્શન માટે ગીર અભયારણ્યમાં આવે છે. જો કે ચોમાસા દરમિયાન આ જંગલ બંધ રહેશે. આ વર્ષે પણ ૧૫ જૂનથી ૧૬ ઑક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રહેશે. આ સમયગાળો સિંહ પ્રજાતિનો સંવનન કાળ ગણાય છે. ચોમાસા દરમિયાન જંગલના કાચા રસ્તાઓ પણ કાદવવાળા થતા વાહનો હંકારવા યોગ્ય રહેતા નથી.

પ્રવાસીઓ બે સ્થળોએથી સિંહદર્શન કરી શકે છે. એક આરક્ષિત ગીર જંગલમાં મુક્ત વિહરતા સિંહો અને બીજું દેવળિયા સફારી પાર્કના મિની જંગલમાં રહેતા સિંહોને સહેલાણીઓ નિહાળી શકે છે. ચોમાસા દરમિયાન આરક્ષિત જંગલમાં સિંહદર્શન બંધ રહે છે. દેવળિયા સફારી પાર્ક વરસાદ ન હોય ત્યારે ચાલુ રાખવામાં આવે છે. ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૮ લાખ ૫૦ હજાર પ્રવાસીઓએ સિંહદર્શન કર્યું છે. પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

સિંહોના સંવનન કાળમાં કોઈ ખલેલ ન પહોંચે તે માટે જંગલ પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે.

# ગુજરાતના ૭ જિલ્લાના ૮૨૫ કેન્દ્રો પર એલઆરડીની પરીક્ષા યોજાઈઃ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉમેદવારોએ પરીક્ષા આપી

અમદાવાદઃ ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષક દળ કેડરની કોન્સ્ટેબલની ૧૨ હજાર જગ્યા માટે ૧૫ જૂનના રોજ રાજ્યના ૭ જિલ્લા- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગરમાં પરીક્ષા લેવાઈ હતી. કુલ ૨.૪૮ લાખ જેટલા ઉમેદવારો ફોર્મ ભર્યા હતા. જેમાંથી કેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી તેનો સત્તાવાર આંકડો હવે જાહેર કરાશે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, આણંદ અને ગાંધીનગર સહિત ૮૨૫ કેન્દ્ર-શાળા ખાતે પરીક્ષા યોજાઈ હતી. સવારથી જ ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર પર પહોંચી ગયા હતા. જ્યા બાયોમેટ્રિક અને સ્કેનિંગ કરી પ્રવેશ અપાયો હતો. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થઈ હતી. લોકરક્ષક પોલીસ વિભાગની પરીક્ષામાં કોઈ પણ પ્રકાર ની ગેરરીતી ન થાય તે માટે કડક સિક્યુરિટી રખાઈ હતી. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા બાયોમેટ્રિક વેરિફિકેશન અને ફેસ સ્ક્રીનીંગ કરી ચકાસવામાં આવ્યાં હતા. તમામ ઉમેદવારો પર પર નજર રાખી શકાય તે માટે ઈન્ટરનેટ જોડાણ સાથે સીસીટીવી કેમેરા નીચે જ ઉમેદવાર પરીક્ષા આપી હતી.

# અમદાવાદ વિમાન દુર્ઘટનાઃ 'બોઈંગ' કંપનીની ટીમ અમદાવાદ પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં ક્રેશ થયેલી ફ્લાઇટ એઆઈ-૧૭૧ની તપાસ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચી ગઈ છે. દુર્ઘટના બાદ તરત જ ભારતની ફોરેન્સિક, એફએસએલ, એટીએસ (એન્ટી-ટેરરિસ્ટ સ્કવૉડ) અને એએઆઈબી (એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો) એજન્સીઓએ તપાસ શરૂ કરી દીધી હતી. હવે આ દુર્ઘટનાની તપાસમાં અનેક આંતરરાષ્ટ્રીય એજન્સીઓ પણ જોડાઈ છે. અમેરિકાની એજન્સી ફેડરલ એવિએશન એડ્મિનિસ્ટ્રેશન એફએએ, નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (એનટીએસબી) તથા પ્લેન બનાવનાર 'બોઇંગ કંપની' આ તપાસમાં જોડાઈ છે. બોઇંગ કંપનીની એક ટીમ રવિવારે અમદાવાદ આવી પહોંચી હતી. દુર્ઘટના બાદ તરત જ ભારતના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી)એ ૧૩ જૂન ૨૦૨૫ના રોજ ઔપચારિક તપાસ શરૂ કરી હતી. આ અંગે નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ પણ જણાવ્યું હતું કે, તપાસ આઈસીએઓના આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ અનુસાર પારદર્શક રીતે કરવામાં આવશે. જોકે, આ દુર્ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ માટે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ જોડાઈ છે. આ દુર્ઘટનામાં ક્રેશ થનાર પ્લેન ૭૮૭-૮ ડ્રીમલાઇનર, બોઇંગ કંપનીએ બનાવ્યું હતું, જેથી આ ઘટનાના કારણો શોધવા માટે બોઇંગ કંપનીના નિષ્ણાતોની એક ટીમ અમદાવાદ આવી પહોંચી હતી. બોઇંગની ટીમ ભારતના એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી)ને ટેક્નિકલ સપોર્ટ પૂરો પાડશે. આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (આઈસીએઓ)ના એનેક્સ-૧૩ પ્રોટોકોલ મુજબ, વિમાન ઉત્પાદક કંપની તપાસમાં સામેલ થઈ શકે છે. બોઇંગના નિષ્ણાતોની ટીમ ખાસ કરીને વિમાનની ડિઝાઇન, મેન્ટેનન્સ રેકોર્ડ અને સંભવિત ટેક્નિકલ ખામીઓનું વિશ્લેષણ કરશે. તપાસ બાદ જ ઘટનાના મૂળ કારણો બહાર આવશે અને ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓ ટાળવા માટે નક્કર પગલાં લેવામાં આવશે. હાલ તપાસ ચાલુ છે અને ટૂંક સમયમાં વધુ માહિતી સામે આવે તેવી સંભાવના છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ

નં. E.E. (M.)M.W./૧૩૯૨/મેઈન્ટ. તા. ૧૨/૬/૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૫_MCGM_ ૧૧૮૬૩૯૬_૧ | A.E. (મેઈન્ટ.) W.W.W.S. S ડિવિઝન હેઠળ H & K વોર્ડમાં વોટર સપ્લાય નેટવર્ક માટે ૧૦ બાર & ૧૬ બાર પ્રેશર રેટિંગ સાથે ૧૨૦૦MM બટરફલાય વાલ્વસની સપ્લાય. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
E.E. (M.)M.W.

PRO/664/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# વડોદરામાં યુવકે પ્રેમજાળમાં ફસાવી સગીરા પર દુષ્કર્મ આચર્યું: પોલીસે આરોપીની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય યુવકે ૧૬ વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવીને વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. ગોરવા પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી હતી અને સગીરાનું મેડિકલ કરવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ શહેરના ગોરવા વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય યુવક કૌશિક ગરાસિયા ૧૬ વર્ષીય સગીરાના ઘર પાસે વોટર પ્રૂફિંગનું કામ કરવા માટે ગયો હતો ત્યારે તેણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ તે અવારનવાર સગીરાને મળવા માટે જતો હતો. આ દરમિયાન બંનેએ એકબીજાના મોબાઈલ નંબર પણ લઈ લીધા હતા. સગીરા યુવક સાથે ફોન કરી વાતો કરતી હતી. આ દરમિયાન યુવકે સગીરાને ત્રણથી ચાર વખત ગોરવા વિસ્તારમાં એકાંત જગ્યા પર મળવા માટે બોલાવી હતી અને ત્રણથી ચાર વખત દુષ્કર્મ આચર્યું હતું. ૧૪ જૂનના રોજ કૌશિક ગરાસિયાએ સગીરાને મળવા માટે બોલાવી હતી અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન સગીરાને ઘરે પહોંચવામાં મોડું થઈ ગયું હતું, જેથી તેના પરિવારના સભ્યોએ સગીરાની શોધખોળ શરૂ કરી હતી.

# મનપા તંત્રની ત્વરીત કાર્યવાહી, બચાવ-રાહતની કામગીરી ચાર કલાકમાં પૂર્ણ

અમદાવાદઃ ૧૨ જૂનના રોજ અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ મનપા તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે પ્રશાસનની ઝડપી કામગીરી અને સંકલનને કારણે બચાવ-રાહતની મોટાભાગની કામગીરી માત્ર ચાર કલાકમાં પૂર્ણ કરી દેવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ વધુમાં જણાવ્યું હતું કે પ્લેન ક્રેશની જાણ થતાં તાત્કાલિક ધોરણે હું સાઈટ પર જવા રવાના થયો હતો. સીએમઓ અને ત્યાર બાદ મુખ્ય પ્રધાન તરફથી મને કોલ આવ્યો અને તાત્કાલિક કાર્યવાહી માટે સૂચના મળી હતી. ઘટનાસ્થળે પહોંચતી વખતે રસ્તામાંથી જ તમામ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા વહીવટી તંત્ર તથા ફાયર, પોલીસ, આરોગ્ય સહિતના વિભાગો સાથે સંકલન કરી દેવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે વધુમાં જણાવ્યું હતું કે ઘટનાસ્થળે એરપોર્ટની ફાયર ટીમ તુરંત પહોંચી હતી અને થોડા સમયમાં જ ૧૦૦થી વધારે ફાયર ફાઈટર્સ અને ટીમોએ ઘટનાસ્થળ પર પહોંચીને અગ્નિશમનની કામગીરી શરૂ કરી હતી. પોલીસ, એએમસી, જિલ્લા વહીવટી તંત્ર, આરોગ્ય, એનડીઆરએફ, એસડીઆરએફ સહિતની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને એકબીજાના સંકલનમાં રહીને બચાવ-રાહતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવા માટેના પ્રયાસોની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, શહેર પોલીસ કમિશનર સાથે સંકલનમાં રહીને સિવિલ હૉસ્પિટલ સુધીનો ગ્રીન કોરિડોર તૈયાર કરવામાં આવ્યો હતો, જેથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સિવિલ હૉસ્પિટલ પહોંચાડી શકાય તેમજ રાહત - બચાવની કામગીરી કોઈ અડચણ વિના ઝડપથી થઈ શકે.

# ૪૨ મૃતદેહના ડીએનએ મેચ થયા

અમદાવાદઃ શહેરમાં એર ઇન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું તેના ત્રણ દિવસ પછી અધિકારીઓએ ડીએનએ ટેસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૪૨ મૃતકની ઓળખ કરી હતી અને ૨૧ મૃતદેહ તેમના પરિવારને સોંપવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૨૭૨ લોકોના ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા છે અને હજુ ૧૩ બ્રિટિશ નાગરિકના ડીએનએ સેમ્પલ લેવાના બાકી છે.

ડીએનએ મેચ થયા બાદ ફોન કરીને પરિવારજનોને જાણ કરવામાં આવી રહી છે, સાથે જ ડેથ સર્ટિફિકેટ પણ તાત્કાલિક આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. એડિશનલ સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રજનીશ પટેલે પત્રકારોને જણાવ્યું હતું કે, અત્યાર સુધી ઓળખાયેલા મૃતદેહો ગુજરાત અને રાજસ્થાનના વિવિધ સ્થળોના છે. ઘણા મૃતકો ઓળખી ન શકાય તે રીતે બળી ગયા હતા.

હજુ પણ અધિકારીઓ ભયાનક દુર્ઘટનાના ભોગ બનેલા લોકોની ઓળખ સ્થાપિત કરવા માટે ડીએનએ ટેસ્ટ કરી રહ્યા છે. અત્યાર સુધી ૪૨ ડીએનએ ટેસ્ટ મેચ કરવામાં આવ્યા છે અને ૨૧ મૃતદેહ તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે. આ મૃતકો ઉદયપુર, વડોદરા, ખેડા, મહેસાણા, અરવલ્લી, અમદાવાદ અને બોટાદ જિલ્લાના હતા.

અધિકારીઓએ અગાઉ માહિતી આપી હતી કે પીડિતોના પરિવારો સાથે સંકલન કરવા માટે ૨૩૦ ટીમ બનાવવામાં આવી છે. લંડન જતી ફ્લાઇટમાં સવાર ૨૪૨ મુસાફર અને ક્રૂ સભ્યોમાંથી ૨૪૧નો સમાવેશ થતો હતો. એક મુસાફર ચમત્કારિક રીતે બચી ગયો હતો. ગુરુવારે વિમાન દુર્ઘટનામાં બોઇંગ ૭૮૭-૮ (એઆઈ૧૭૧) માં સવાર ૨૪૨ મુસાફર અને ક્રૂ સભ્યોમાંથી એક સિવાય બધા અને જમીન પર રહેલા પાંચ મેડિકલના વિદ્યાર્થીઓ સહિત ૨૯ અન્ય લોકો માર્યા ગયા હતા.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (બ્રિજીસ)

બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૮૯૨૬૭_૧

નં. ચી. એન્જિ./૩૬૩૮/બ્રિજીસ તા. ૧૨/૬/૨૫

ઈ-ટેન્ડર નોટીસ : ૨૦૨૫_MCGM_૧૧૮૯૨૬૭_૧

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) ઉપરોક્ત કામ માટે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવા માટે ટેન્ડર મંગાવે છે.

| કામનું નામ અને સ્થળ | કોન્ટ્રાક્ટ મુદત | બારડી (રૂ.) | રૂ.માં ઈ-ટેન્ડર સ્ક્રુટીની ફિ |
|---|---|---|---|
| "H/E વોર્ડમાં ડ્રાઈવ-ઈન થિયેટર પાસે ધારાવી ખાતે બ્રિજ ક્રોસ મીઠી નદીની પહોળાઈ અને પુનઃ નિર્માણની ડિઝાઈન અને બાંધકામ | ચોમાસાના સમયગાળા સિવાય ૨૪ મહિના (૬ મહિનાની તૈયારીનો સમયગાળો + ૧૮ મહિનાનો બાંધકામ સમયગાળો) | રૂ. ૩,૫૦,૦૦,૦૦૦/- | ૩૦,૨૫૦/- + ૧૮% GST લાગુ પડશે |

ટેન્ડર નકલ ૧૬.૦૬.૨૦૨૫ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે. તેમ જ સમયાંતરે ઈશ્યૂ કરાયેલ સુધારા / વધારા ઉપરોક્ત વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.

સહી/-
(રાજેશ વી. મુલય)
ડે. ચીફ એન્જિનિયર (બ્રિજીસ)

PRO/661/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**માતમ...** પુણેના મવાલ તહેસિલમાં આવેલી ઈન્દ્રાયણી નદી પરનો લોખંડનો જોખમી બ્રિજ રવિવારે તૂટી પડ્યો હતો. વરસાદ અને રવિરની રજા હોવાને કારણે અહીં લોકો મજા માણવા આવ્યા હતા. બ્રિજ તૂટી પડ્યો ત્યારે તેના પર વાહનો સહિત ૧૫૦થી ૨૦૦ લોકો હોવાનો અંદાજ છે. આ ઘટનાનો મરણાંક વધવાની શક્યતા છે. (પીટીઆઈ)

# ઓરેન્જ ગેટથી ગ્રાન્ટ રોડ એલિવેટેડ રોડ પ્રોજેક્ટનું સુરસુરિયું

## ટ્રાફિકમાં રાહત આપનારો મહત્ત્વનો પ્રોજેક્ટ રદ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ટ્રાફિકની સમસ્યામાં રાહત આપવા માટે ઈસ્ટર્ન ફ્રીવે પર ઓરેન્જ ગેટથી ગ્રાન્ટ રોડ વચ્ચે સાડા પાંચ કિલોમીટર લંબાઈનો એલિવેટેડ રોડ બનાવવાનો મુંબઈ મહાનગરપાલિકાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ અભેરાઈ પર ચઢાવી દેવામાં આવ્યો છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) તરફથી ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈન દરમ્યાન ટનલ તૈયાર કરવાનો પ્રોજેક્ટ ચાલુ છે. સુધરાઈનો પ્રોજેક્ટ આ પ્રોજેક્ટને સમાંતર હોવાથી રાજ્ય સરકારની સૂચના બાદ પાલિકાએ એલિવેટેડનો પ્રોજેક્ટ રદ કરવો પડયો હોવાનું માનવામાં આવે છે.

ઈસ્ટર્ન ફ્રીવેથી ગ્રાન્ટ રોટ સ્ટેશન પરિસરમાં આ લગભગ ૫.૫૬ કિલોમીટર લંબાઈના અંતર માટે હાલ ૩૦થી ૫૦ મિનિટનો સમય લાગે છે. ટ્રાફિકની સમસ્યાને ડામવા માટે પાલિકાએ દક્ષિણ મુંબઈના પી.ડિમેલો રોડ પરના ઓરેન્જ ગેટથી ગ્રાન્ટ રોડ સુધી એલિવેટેડ રોડ બાંધવાનો નિર્ણય લીધો હતો. ૧,૩૩૦ કરોડ રૂપિયાના ખર્ચે આ રોડ માટે ટેન્ડર કાઢયા બાદ ઓછી બોલી લગાવનાર કંપનીને પસંદ પણ કરવામાં આવી હતી. ૪૨ મહિનામાં પ્રોજેક્ટ પૂરો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો પણ હવે આ કામ રોકી દેવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એમએમઆરડીએ તરફથી ઓરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ ટ્વીન ટનલ તૈયાર કરવામાં આવવાની છે. હાલ ૧૦ ટકા કામ થયું છે. ઈસ્ટર્ન ફ્રીવેથી સ્પીડે આવનારા અને આગળ મરીન ડ્રાઈવની

(જુઓ પાનું ૪) ▶▶

# આજથી જળાશયોનાં રિઝર્વ ક્વૉટાનું પાણી મુંબઈગરાને મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થયું છે પણ મુંબઈને પાણીપુરવઠો કરનારા જળાશયોમાં હજી સુધી સંતોષજનક વરસાદ પડયો નથી. સાતેય જળાશયોમાં પાણીની સપાટીમાં ધરખમ ઘટાડો થઈને પાણીનું સ્તર ૮.૬૯ ટકાએ આવી ગયું છે. તેથી સોમવાર, ૧૬ જૂન, ૨૦૨૫થી રાજ્ય સરકારની માલિકીના ભાતસા અને અપર વૈતરણામાં રહેલા પાણીના રિઝર્વ સ્ટોકનો ઉપયોગ કરવામાં આવવાનો છે.

મુંબઈને અપર વૈતરણા, મોડક સાગર, તાનસા, મિડલ વૈતરણા, ભાતસા, વિહાર અને તુલસી આ સાત જળાશયમાંથી પ્રતિદિન ૩,૯૫૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવો હોય તો પહેલી ઓક્ટોબરના સાતેય જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હોવો જોઈએ.

જોકે છેલ્લા અનેક વર્ષોથી ચોમાસું અનિયિમિત હોવાને કારણે વરસાદ લંબાઈ જતા તેમ જ ગરમીનું પ્રમાણ વધારે હોવાને કારણે, પાણીના થતા બાષ્પીભવનને કારણે જળાશયોમાં પાણીની ઘટતી સપાટીને કારણે મુંબઈગરાને પાણીકાપનો સામનો કરવો પડયો છે. આ વર્ષે ચોમાસાનું તેના નિયત સમય કરતા વહેલું એટલે કે ૨૬મેના જ આગમન થઈ ગયું હતું અને હવે ફરી ચોમાસું સક્રિય થયું છે. જોકે ચોમાસાના આગમન સમયે તેમ જ અત્યાર પણ મુંબઈ સહિત રાજ્યમાં સારો વરસાદ પડી રહ્યો છે પણ જળાશયોના કેચમેન્ટ એરિયામાં

(જુઓ પાનું ૪) ▶▶

| જળાશયો | છલકાવાની સપાટી (મીટરમાં) | રવિવારની સપાટી (મીટર) | રવિવારનો વરસાદ (મિ.મી.) |
|---|---|---|---|
| અપર વૈતરણા | ૬૦૩.૫૧ | ૫૯૫.૫૩ | ૭.૦ |
| મોડક સાગર | ૧૬૩.૧૫ | ૧૪૯.૮૪ | ૩૫.૦ |
| તાનસા | ૧૨૮.૬૩ | ૧૨૦.૧૨ | ૪૩.૦ |
| મિડલ વૈતરણા | ૨૮૫.૦ | ૨૩૯.૭૪ | ૧૪.૦ |
| ભાતસા | ૧૪૨.૦૭ | ૧૦૮.૩૫ | ૧૮.૦ |
| વિહાર | ૮૦.૧૨ | ૭૬.૨૪ | ૯.૦ |
| તુલસી | ૧૩૯.૧૭ | ૧૩૪.૦૩ | ૨૮.૦ |

# મુંબઈ સહિત રાજ્યમાં વરસાદનું જોર વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થયું છે. રવિવારે દિવસના વરસાદે પોરો ખાધા બાદ મોડી રાતે ફરી વરસાદનું જોર વધ્યું હતું. હવામાન વિભાગે સોમવારે મુંબઈ, થાણે માટે યલો એલર્ટ આપીને મધ્યમથી ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. શનિવાર મોડી રાત વીજળીના ચમકારા સાથે ચાલુ થયેલો વરસાદ રવિવારે પણ વહેલી સવારે ચાલુ જ રહ્યો હતો. દિવસના જોકે વરસાદ બંધ થયો હતો પણ મોડેથી ફરી મુંબઈ સહિત થાણેમાં વરસાદનું જોર રહ્યું હતું. રાજ્યના પણ અનેક જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે.

મુંબઈમાં શનિવાર રાતના ભારે વરસાદ પડયો હતો પણ કોઈ સ્થળે પાણી ભરાવાની ફરિયાદ આવી નહોતી. જોકે ભારે પવન ફૂંકાવાને કારણે અનેક સ્થળોએ ઝાડ અને તેની ડાળખી તૂટી પડવાની તથા ઘરની દીવાલ તૂટી પડવાના અને શોર્ટ સર્કિટના બનાવ નોંધાયા હતા. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શનિવાર સવારના ૮.૩૦ વાગ્યાથી રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં દક્ષિણ મુંબઈમાં ૩૧ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૨૧ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૨૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે મુંબઈ, થાણે માટે સોમવાર યલો એલર્ટની ચેતવણી આપી છે. ■

# બોરીવલી-થાણે ટ્વીન ટનલનું કામ બનશે ઝડપી

## પ્રોજેક્ટ અસરગ્રસ્તોને વળતર આપવા ત્રણ પર્યાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ બોરીવલી-માગાઠાણેથી થાણે (ટિકુજીનીવાડી) વચ્ચે બની રહેલી ટ્વીન ટનલનું કામ ઝડપથી કરવા માટે કમર કસી છે. પ્રોજેક્ટમાં અસરગ્રસ્તોને ઝડપથી વળતર મળે અને જગ્યાનું સંપાદન કરીને કામ સમયસર ચાલુ કરીને પ્રોજેક્ટને તેની ડેડલાઈનમાં પૂરો કરવા એમએમઆરડીએ અસરગ્રસ્તોને વળતર માટે ત્રણ પર્યાય આપ્યા છે.

આ પ્રોજેક્ટમાં રૂપવતે નગર, મિલિંદ નગર, ફર્લેવાડી, એસઆરએ પ્રોજેક્ટ અને માગાઠાણેમાં ફૂટપાથ પર રહેતા લગભગ ૫૭૨ ઝૂંપડાવાસીઓને હટાવવામાં આવવાના છે. ટ્વીન ટનલ પ્રોજેક્ટ સમયસર પૂરો થાય તે માટે અસરગ્રસ્તોનું સમયસર પુનર્વસન કરવા માટે એમએમઆરડીએ દ્વારા વળતર મેળવવામાં ત્રણ પર્યાય આપ્યા છે, તેમાંથી કોઈ પણ એક પર્યાયને પસંદ કરીને તેઓએ લેખિતમાં એમએમઆરડીએને જાણ

(જુઓ પાનું ૪) ▶▶

# તો નવી મુંબઈ એરપોર્ટ ખાતે થઈ શકે અમદાવાદવાળી

## ગેરકાયદે માંસની દુકાનો પર નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી

મુંબઈઃ અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનાથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક આવેલી ગેરકાયદેસર માંસની દુકાનો પર ફરીથી ધ્યાન કેન્દ્રિત થયું છે, જે ઓગસ્ટથી કાર્યરત થવાની સંભાવના છે, એમ પર્યાવરણ કાર્યકર્તાએ જણાવ્યું હતું.

તેમણે દાવો કર્યો હતો કે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા તેને રોકવાની ચેતવણી છતાં તેઓ વ્યવસાય કરવાનું ચાલુ રાખે છે.

બે સ્થાનિક વિમાન કંપનીઓ - ઇન્ડિગો અને અક્સા એર - એ પહેલેથી જ જાહેરાત કરી છે કે તેઓ નવી મુંબઈના ગ્રીનફિલ્ડ એરપોર્ટ કાર્યરત થયા

(જુઓ પાનું ૪) ▶▶

**આજથી સ્કૂલો શરૂ**

# પહેલા દિવસે ૨૧૦૦ શિક્ષકોને ચૂંટણીનું કામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં બાકી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટૂંક સમયમાં થવાની ધારણા છે અને આ ચૂંટણીના કામ માટે શિક્ષકોને ફરીથી મોકલવામાં આવશે. મુંબઈમાં ચૂંટણીના કામ માટે લગભગ ૨૧૦૦ શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે. આરોગ્ય વિભાગના લગભગ ૪૯૦૦ કર્મચારીઓને ચૂંટણીના કામ માટે લેવામાં આવશે. શિક્ષકો શાળાના પહેલા દિવસે ગેરહાજર રહેશે તો વિદ્યાર્થીઓને નુકસાન થશે, એવો શિક્ષક પરિષદે આરોપ લગાવ્યો છે.

રાજ્યમાં બાકી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત ટૂંક સમયમાં થવાની શક્યતા

(જુઓ પાનું ૪) ▶▶

# અમેરિકન કોન્સ્યુલેટની ઑફિસમાં બ્લાસ્ટની ધમકીથી પોલીસ અલર્ટ

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) ખાતે આવેલી અમેરિકન કોન્સ્યુલેટની ઑફિસમાં બૉમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી આપતા ફોન કૉલ પછી પોલીસ અલર્ટ થઈ ગઈ હતી. જોકે સઘન તપાસ બાદ પણ પોલીસને કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી નહોતી.

બીકેસી પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ શનિવારની રાતે આઠ વાગ્યે અજાણ્યા શખસે યુએસ કોન્સ્યુલેટની ઑફિસમાં કૉલ કર્યો હતો. ઑફિસ પરિસરમાં બ્લાસ્ટ કરવાની ધમકી કૉલ કરનારા શખસે આપી હતી.

કોન્સ્યુલેટ ઑફિસમાંથી આ બાબતે તાત્કાલિક પોલીસને જાણ કરાઈ હતી. બીકેસી પોલીસ બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (બીડીડીએસ) સાથે કોન્સ્યુલેટ ઑફિસ પહોંચી ગઈ હતી. ઑફિસ પરિસર ખાલી કરાવી તપાસ કરવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ બારીકાઈથી તપાસ કરવા છતાં વિસ્ફોટક કે કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી નહોતી. આ પ્રકરણે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ કૉલ કરનારી વ્યક્તિને ટ્રેસ કરવાના પ્રયાસ કરી રહી છે. ■

મુંબઈ સમાચાર
વર્ષ ૨૦૪
પહેલી જુલાઈ, ૨૦૨૫ના
સમગ્ર એશિયાનું ગૌરવ સમાન સૌથી જૂનું અખબાર
''મુંબઈ સમાચાર'' પ્રવેશે છે ૨૦૪મા વર્ષમાં...
''મુંબઈ સમાચાર''ના સ્થાપના દિવસે દર વર્ષે કંઈક હટકે કરવાની પરંપરા રહી છે અને આ પરંપરાને આગળ વધારતા આ વર્ષે આપણે નવાજીએ એવા લોકોને કે જેઓ આપણા જીવનદાતા છે... આ પ્રસંગે
૧૫ ડોક્ટરનું સન્માન કરવામાં આવશે
જેમનું તેમના ક્ષેત્રમાં અનન્ય યોગદાન રહ્યું છે
પહેલી જુલાઈના સાંજે સાત વાગ્યે
સ્થળ : નહેરુ સેન્ટર ઓડિટોરિયમ, મુંબઈ
દર વર્ષની જેમ ગીત-સંગીતનો જલસો તો ખરો જ...
કાર્યક્રમની વધુ વિગતો માટે જોતા રહો
મુંબઈ સમાચાર

**શિવસેનામાં ભાગલા**

# રશ્મિ વહિની, ઉદ્ધવ જવાબદારઃ શિંદે સેનાના પ્રધાનનો ગંભીર આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૨૦૨૨માં શિવસેનામાં એકનાથ શિંદેએ જે બળવો કર્યો તે શિવસેનાના ઈતિહાસમાં સૌથી મોટો બળવો તરીકે નોંધાયો છે. એકનાથ શિંદેએ શિવસેના છોડી ન હતી, પરંતુ શિવસેનાને લઈને સીધા ઉદ્ધવ ઠાકરેને પડકાર ફેંક્યો હતો. એકનાથ શિંદે નારાજ હતા કે ઉદ્ધવ ઠાકરે મહાવિકાસ આઘાડીમાં કોંગ્રેસમાં જોડાઈને મુખ્ય પ્રધાન બન્યા. અઢી વર્ષ પછી એકનાથ શિંદેએ શિવસેનાથી અલગ થઈને બળવો કર્યો. તેમને ૪૦ વિધાનસભ્યોનો ટેકો મળ્યો. હવે ભરત ગોગાવલેએ એવો દાવો કર્યો છે કે શિવસેનામાં ભાગલા પાછળ રશ્મિ ઠાકરેનો હાથ હતો.

પડદા પાછળ શિવસેનામાં રશ્મિ ભાભીની ઘણી દખલગીરી હતી. ઉદ્ધવ ઠાકરેના મનમાં કેટલીક બાબતો હતી, પરંતુ પછીથી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. જ્યારે અમે માતોશ્રી કે વર્ષા પર જતા હતા, ત્યારે અમને મુલાકાત મળતી નહોતી. શિવસેનાના ભાગલા પડવાના ઘણા કારણો છે, પરંતુ ભાભીની દખલગીરી પણ એક મહત્ત્વનું કારણ છે. જો તમે (ઉદ્ધવ ઠાકરે) પ્રામાણિકપણે કામ કરનારાઓને બાજુ પર રાખશો, તો આ ચોક્કસ થશે, એમ ભરત ગોગાવલેએ રવિવારે જણાવ્યું હતું.

નારાયણ રાણે અને છગન ભુજબળ શિવસેનામાં પાછા આવવા માંગતા હતા. નારાયણ રાણેના કેટલાક મિત્રો અને હું કેટલીક ચર્ચા કરી રહ્યા હતા. અમે બધાએ કહ્યું કે જો નારાયણ રાણે આવી રહ્યા છે, તો તેમને આવકારવા જોઈએ. જ્યારે તેઓ મુખ્ય પ્રધાન હતા, ત્યારે તેમણે કોંકણમાં લોકોને ખૂબ મદદ કરી હતી. અમે ઘણા શિવસૈનિકોએ કહ્યું કે નારાયણ રાણે શિવસેનામાં આવવા જોઈએ, પરંતુ મને ખબર નથી કે માખી ક્યાં છીંકી ગઈ. ઉદ્ધવ ઠાકરે બીમાર પડ્યા ત્યારે રાજ ઠાકરે પણ માતોશ્રી ગયા હતા. ત્યારે અમને લાગ્યું હતું કે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે સાથે આવશે, પણ ત્યારે પણ એવું ન થયું. અમે સમજી ગયા કે જો બાળાસાહેબ ઠાકરેની શિવસેનાને

(જુઓ પાનું ૪) ▶▶

# શિર્ડી જતી બસનો ગમખ્વાર અકસ્માતઃ ત્રણનાં મોત

## સામેથી આવતી કેરી ભરેલી ટ્રક સાથે બસ ટકરાઈઃ આઠ જખમી



મુંબઈઃ શિર્ડી જતી ખાનગી બસને અહિલ્યાનગર જિલ્લાના સંગમનેર તાલુકામાં નડેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે આઠ ગંભીર રીતે ઘવાયા હતા. પૂરપાટ દોડતી લક્ઝરી બસ સામેથી આવેલી કેરી ભરેલી ટ્રક સાથે ટકરાયા બાદ બન્ને વાહન રસ્તા પરથી નીચે ઊતરી ગયાં હતાં.

સંગમનેર તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ ફિરોઝ લાલા શેખ (૪૬), અંજુ રવીન્દ્ર વાલ્મિક (૩૯) અને પ્રવીણ સોપાન કાંદળકર (૨૮) તરીકે થઈ હતી. સંગમનેરનો વતની શેખ ટ્રકનો ક્લીનર હતો, જ્યારે અંજુ હરિયાણા અને કાંદળકર સંગમનેરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

સંગમનેરમાં કોલ્હાર-ઘોડી સ્ટેટ હાઈવે પર કોંકણગાંવ નજીક રવિવારની સવારે છ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. લક્ઝરી બસ મુંબઈથી શિર્ડી અને શનિ શિંગણાપુર જઈ રહી હતી, જ્યારે ટ્રક સંગમનેરથી લોણી તરફ જઈ રહી હતી.

કહેવાય છે કે વરસાદને કારણે ભીના માર્ગ પર બન્ને વાહનના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પૂરપાટ દોડતાં વાહનો સામસામે અથડાયા પછી રસ્તા પરથી નીચે ઊતરી ગયાં હતાં, જેને પગલે વાહનો અને કેરીનું ઘણું નુકસાન થયું હતું.

દરમિયાન બન્ને વાહન ટકરાવાને કારણે જોરદાર અવાજ આવ્યો હતો, જે સાંભળીને ગામવાસીઓ દોડી આવ્યા હતા. વાહનચાલકોએ પણ પોતાનાં વાહનો રોક્યાં હતાં અને જખમીઓને હૉસ્પિટલે પહોંચાડવામાં મદદ કરી હતી. વધુપડતું લોહી વહી જવાને કારણે ત્રણનાં મોત નીપજ્યાં હતાં. બસના આઠ પ્રવાસી જખમી થયા હતા, જેમને સારવાર માટે સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ■

# મુમ્બ્રા પીડિતોના પરિવારજનોને નોકરી આપોઃ શિવસેના (યુબીટી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્ય સરકારે મુમ્બ્રા લોકલ ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલા મુસાફરોના પરિવારોને પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે અને સરકાર ઘાયલોની સહાય અને સારવારનો ખર્ચ ૫૦,૦૦૦ રૂપિયાથી બે લાખ રૂપિયા સુધી ઉઠાવી લેશે. જોકે, ફક્ત આર્થિક સહાય આપવાને બદલે સરકારે મૃતક પ્રવાસીઓના પરિવારમાંથી એક વ્યક્તિને

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**